# ક્રિયાપદ
# (ગુજરાતી ધાતુઓ પરનું સંશોધન)

ડૉ. અરવિંદ ભંડારી

પ્રકલ્પ :

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ

સૌજન્ય :

ડૉ. નીતિન સુમંત શાહ,

હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ,

અમદાવાદ.

# ક્રિયાપદ


**0.** પ્રસ્તાવના

**1.** વાક્યરચનામાં ક્રિયાપદનું મહ્ત્ત્વ અને સ્થાન

**2.** ધાતુના પ્રકારો

**3.** આખ્યાતિક રચના

**4.** વ્યાકરણિક કોટીઓઃ કાળ, અવસ્થા અને અર્થ

**5.** ક્રિયાવિશેણ

**6.** ધાતુસાધન

**7.** વિશિષ્ટાર્થી સહ્રાયકારી ધાતુઓ

**8.** ધાતુઓની યાદી

# પ્રસ્તાવના

ગુજરાતી ભાષાના વ્યાકરણમાં કામ કરતી વખતે એક વાત સતત જણાઈ કે ભાષાનું વ્યાકરણ ત્યારે જ સારી રીતે સમજાય જ્યારે એના ક્રિયાપદની રચનાને યોગ્ય રીતે સમજીએ. વિદ્યાર્થી તરીકે સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરતી વખતે પાણિનીની વ્યાકરણ લખવાની રીતે પણ સતત આકર્ષતી રહી. વ્યાકરણ લખતાં પહેલાં એમણે જરૂર ધાતુપાઠ અને ગણપાઠની રચના કરી હશે જે એમને વ્યાકરણના નિયમો ચોક્કસ અને વ્યાપક રીતે રચવામાં મદદરૂપ થઈ હશે. ગુજરાતી ભાષાના અભ્યાસમાં એવું સતત જણાયું કે વાક્યરચના અને વિભક્તિ-વ્યવસ્થાને સમજવી હોય તો ગુજરાતીના ધાતુઓને સમજવું જરૂરી છે. એટલે પ્રચલિત ધાતુઓ ભેગા કરી એમનો અભ્યાસ શરૂ કર્યો હતો. અને એ અભ્યાસમાં મારી એ સૂઝ દૃઢ થતી ગઈ. મારા અભ્યાસ અને સૂઝને માર્ગદર્શન, મદદ અને પ્રોત્સાહન મારા ગુરુ ડૉ.યોગેન્દ્ર વ્યાસ તરફથી સતત મળતું રહ્યું. એ સતત કહેતા રહ્યા કે તું આ કામ જલદી પૂરું કર. આજે મને એ વાતનું ભારે દુઃખ છે કે આ કામ મેં જ્યારે પૂરું કર્યું છે ત્યારે એ હયાત નથી.

ગુજરાતી ભાષાના વર્ણનોમાં ઘણી વાર સંસ્કૃત ભાષાના વ્યાકરણની છાપ સતત વર્તતી દેખાય છે. ડૉ.પ્રબોધ પંડિત અને એમના શિષ્ય યોગેન્દ્ર વ્યાસે એમાંથી બહાર નીકળીને ગુજરાતી ભાષાનું વર્ણન ગુજરાતી ભાષાની સામગ્રીને મહત્ત્વ આપીને કરવાનો આગ્રહ રાખ્યો અને જરૂર પડી ત્યાં નવા મતો અને પરિભાષા આપ્યાં. પારંપરિક વ્યાકરણોમાં ક્રિયાપદના વર્ણનમાં પરિભાષાની ગૂંચ અને સંસ્કૃત મતોના આગ્રહને કારણે અસ્પષ્ટતા રહી ગઈ છે. તેવી જ રીતે ધાતુઓની વ્યાપક જાણકારી ન હોવાથી અતિવ્યાપ્ત નિયમો અપાયા છે અને અપવાદોને વ્યવસ્થિત રીતે દર્શાવાયા નથી. તેથી મારા આ કાર્યમાં મેં ગુજરાતી ભાષાના આશરે નવસો જેટલા ધાતુઓનો ઊંડો અભ્યાસ હાથ ધર્યો અને એને આધારે ક્રિયાપદની સમગ્ર વ્યવસ્થાને વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. એવું શક્ય છે મારી ધાતુઓની પસંદગીમાં કોઈ ધાતુ રહી ગયો હોય. પરંતુ એકંદરે પ્રચલિત ધાતુઓને સમાવવાના પૂરતા પ્રયત્નો કર્યા છે. એવી જ રીતે જરૂર પડી ત્યાં ગુજરાતી ભાષકની સૂઝનો આધાર લીધો છે. એમાં મને ડૉ.યોગેન્દ્ર વ્યાસ, ડૉ.પિંકી પંડ્યા, શ્રી. યજ્ઞેશ પંડ્યા, ડૉ. જાગૃતિ મોદીએ સતત મદદ કરી છે. એમનો અહીં આભાર વ્યક્ત કરું છું.

આમ હું કાર્ય પૂરું કરવાની બાબતમાં થોડો પાછો પડતો હોઉં છું. અને મારા ગુરુના આકસ્મિક અવસાને આ કાર્યમાં ખંડ પડ્યો હતો. એવામાં શ્રી.રાજેન્દ્ર પટેલે મારા આ કાર્યનું મહત્ત્વ જાણીને મને એ માટે શ્રી.નિરંજન ભગત ટ્રસ્ટની સ્કૉલરશિપ માટે અરજી કરવા પ્રેરિત કર્યો. અને એ મને મળી એ મારા કાર્ય માટે ગૌરવ આપનારી ઘટના બની. દર મહિને એમને અહેવાલ આપવાના દબાણે પણ મને સતત કાર્યરત રાખ્યો અને આ કામ હું પૂરું કરી શક્યો. શ્રી.નિરંજન ભગત ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો હું ઋણી છું.

મારા લખાણનું પ્રૂફ રીડિંગ કરવાનું કપરું કામ શ્રી.ભરતભાઈ લિયાએ કર્યું છે એ માટે એમનો હું મનઃપૂર્વક આભાર માનું છું.

ગુજરાતી ભાષાના મારા પૂર્વસૂરી વિદ્વાનોના ઋણને પણ અહીં સ્વીકારું છું. ભાષાનો અભ્યાસ એ એક પરંપરા છે અને દરેકનું એમાં પ્રદાન રહે છે. એ પરંપરામાં મારા આ નાનકડા પ્રદાનને મૂકવાનો આ પ્રયાસ છે. મને આશા છે કે મારું આ કાર્ય ભવિષ્યમાં થનારા કાર્યને મદદરૂપ થશે.

અરવિંદ ભાંડારી

2.4.2023

**પ્રકરણ 1.**

**વાકયરચનામાં ક્રિયાપદનું મહત્ત્વ અને સ્થાનઃ**

વાક્યરચનાનો ઘણોબધો આધાર ક્રિયાપદની પ્રકૃતિ અને રચના પર હોય છે. વાક્યમાં મહત્ત્વનાં બે ઘટક મનાયા છેઃ નામપદ અને ક્રિયાપદ. વાક્યમાં ક્રિયાપદની સંખ્યા એક હોય છે અને નામપદની સંખ્યા એક કે તેથી વધુ હોય છે. ક્યારેક વાક્યમાં ક્રિયાપદ એકલું હોઈ શકે છે પણ એકલા નામપદથી વાક્ય બનતું નથી. દા.ત.

આજે બહુ ઘામે છે.

સવાર પડી.

આ બન્ને વાક્યોમાં કેવળ ક્રિયાપદ જ છે. એ કોઈ નામપદ અંગે વાત કરતાં નથી. સમગ્ર પરિસ્થિતિ અંગે વાત કરે છે.

બીજું, ક્રિયાપદમાં આવતાં આખ્યાત અને ધાતુ ઘટકો જ વાક્યમાં કયાં નામપદો અને કેટલાં નામપદો આવશે તે પણ નક્કી કરે છે. દા.ત. જો વાક્યમાં “કાપવું” ધાતુ વપરાય તો એની સાથે કર્તાનામપદ, કર્મનામપદ અને સાધનનામપદ આવી શકે છે; પણ જો “મૂકવું” ધાતુ વપરાય તો એની સાથે કર્તાનામપદ, કર્મનામપદ અને સ્થાનનામપદ આવી શકે છે. વાક્યમાં પદસંવાદ પણ ક્રિયાપદ જ નક્કી કરે છે. જો વાક્યમાં આખ્યાત ભૂતકાળ દર્શાવે અને ધાતુ સકર્મક હોય તો પદસંવાદ વાક્યનાં કર્મનામપદ અને આખ્યાત વચ્ચે હશે અને તે લિંગવચનનો હશે. જેમકે,

નોકરે ટેબલ પર ચા મૂકી.

પણ જો વાક્યમાં આખ્યાત ભવિષ્યકાળ દર્શાવે તો પદસંવાદ કર્તાનામપદ અને આખ્યાત વચ્ચે હશે અને તે પુરુષવચનનો હશે. જેમકે,

નોકર ટેબલ પર ચા મૂકશે.

ઉપરનાં વાક્યોમાં કર્તાને કઈ વિભક્તિ લાગશે એ પણ આખ્યાતમાંનો કાળસૂચક પ્રત્યય જ નક્કી કરે છે. ટૂંકમાં, ક્રિયાપદનાં આખ્યાત અને ધાતુ ઘટકો વાક્યરચનાનું સ્વરૂપ નક્કી કરવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે એ સ્પષ્ટ છે. એટલે જ ક્રિયાપદને વાક્યનું કેન્દ્ર ગણવામાં આવે છે.

ક્રિયાપદ અંગેની જાણકારી અને સ્પષ્ટતા કેવળ ક્રિયાપદ જ નહીં પણ સમગ્ર વાક્યરચનાને સમજવામાં મદદરૂપ થાય છે. અહીં ક્રિયાપદની રચના અને એની વાક્યરચના પર પડતી અસરની વાત કરવામાં આવી છે.

ત્રીજી વાત ક્રિયાપદ વાક્યના કેન્દ્ર તરીકેની છે. વાક્યરચના કે પદરચના હોય તો તેમાં તેનું કેન્દ્ર હોય છે અને એની સાથે આવતા અન્ય ઘટકો હોય છે. દા.ત. નામપદ હોય તો એના કેન્દ્રમાં નામ હોય છે અને એની સાથે આવતા ઘટકોમાં વિવિધ પ્રકારનાં વિશેષણો અને નિર્ધારક હોય છે. નામપદનું કેન્દ્ર નામ એ રચનાને અંતે આવે છે. ક્રિયાપદનું કેન્દ્ર આખ્યાત હોય છે. એની સાથે ક્રિયાવિશેષણો અને નામપદો આવતાં હોય છે. ક્રિયાપદનું કેન્દ્ર આખ્યાત રચનાને અંતે આવે છે. ગુજરાતી ભાષાની રચનાઓ દર્શાવે છે કે વાક્ય અને પદ એ બે રચનાઓનું કેન્દ્ર એ રચનાનો અંતિમ ઘટક હોય છે. વાક્યરચનામાં ક્રિયાપદ અંતે આવે છે. અને ક્રિયાપદ વાક્યનું કેન્દ્ર હોય છે. રચનાનું એકંદર સ્વરૂપ કેવું હોય તે ક્રિયાપદ (એના કેન્દ્રરૂપે આખ્યાત) નક્કી કરે છે. વાક્યમાં કેટલાં અને કયાં નામપદો આવી શકે, એમનાં સ્થાન નક્કી કરનાર ઘટક ક્રિયાપદ હોય છે. દા.ત. ક્રિયાપદમાં “ઉપાડવું”- ધાતુ વર્તમાનકાળમાં વપરાયો હોય તો –

- એમાં આવશ્યક રીતે કર્તાનામપદ અને કર્મનામપદ આવશે.
- વૈકલ્પિક રીતે એમાં સાધનનામપદ અને ક્રિયાવિશેષણ આવી શકશે.
- ઉદ્દેશ્ય તરીકે કર્તાનામપદ હશે અને બાકીના ઘટકો ક્રિયાપદ(વિધેય)નો ભાગ બનશે.
- વાક્યરચનામાં ઉદ્દેશ્ય/વિષય નામપદ પહેલાં આવશે અને ક્રિયાપદ પછી આવશે.
- ક્રિયાપદની નજીક કર્મનામપદ રહેશે. એની ડાબી તરફ ક્રિયાવિશેષણ આવશે. અને એની ડાબી તરફ સાધનનામપદ આવશે.
- ઉદ્દેશ્ય અને વિધેય વચ્ચે પદસંવાદ પુરુષવચનનો રહેશે.

“રસોઈયો ચીપિયાથી ધીમેથી એક કોલસો ઉપાડે છે.

આ વાક્ય અને એ પહેલાં દર્શાવેલા બધા રચનાના નિયમો એ વાતનો નિર્દેશ કરે છે કે વાક્યરચનાનું એકંદર સ્વરૂપ નક્કી કરનાર ક્રિયાપદ વાક્યનું કેન્દ્ર હોય છે. વ્યાકરણમાં ક્રિયાપદનો અભ્યાસ એ કારણે ખૂબ મહત્ત્વનો છે.

### ક્રિયાપદ એટલે શું?

'ક્રિયાપદ' ગુજરાતી વ્યાકરણમાં પ્રચલિત શબ્દ છે. સંસ્કૃત વ્યાકરણ પરંપરાથી માંડીને આજની ગુજરાતી પરંપરા સુધી ક્રિયાપદ, આખ્યાત અને ધાતુ એમ ત્રણ સંજ્ઞાઓ એકબીજાની પર્યાયવાચક સંજ્ઞા તરીકે વપરાય છે. ઘણી વાર મોટામાં મોટા ઘટકને માટે, એટલે કે પદ માટે અને નાનામાં નાના એના અવયવ માટે, એટલે કે ધાતુ માટે, પણ ક્રિયાપદ શબ્દ વપરાય છે. ક્રિયાપદ શબ્દ પરિભાષા તરીકે વપરાતો હોવા છતાં એની વ્યાખ્યા અને સ્પષ્ટતા ઓછી છે. સાર્થ જોડણી કોશમાં ખૂબ સરળ શબ્દમાં એની સમજૂતી આપવામાં આવી છે - "ક્રિયા દર્શાવનાર પદ".(જો.કો.પૃ.213) એમાં જ "આખ્યાત" શબ્દની સમજૂતી આ મુજબ આપેલ છે: "કહેવાયેલું, વર્ણવેલું (વ્યા)". "જેનાં રૂપાખ્યાન કરવામાં આવ્યાં છે તેવું ભાવનું અભિધાન કરનાર પદ, ક્રિયાપદ". એટલે કે આખ્યાત અને ક્રિયાપદ વચ્ચે કોઈ ભેદ દર્શાવ્યો નથી. "ધાતુ" શબ્દની સમજૂતી આ મુજબ છે: "ક્રિયાપદનું મૂળ રૂપ". આમ ક્રિયાપદ, આખ્યાત અને ધાતુ એમ ત્રણ શબ્દો જોડણીકોશમાં સમજાવ્યા છે. એમાં ક્રિયા દર્શાવનાર પદને ક્રિયાપદ કહેવાયું છે અને ક્રિયાપદના મૂળ રૂપને ધાતુ કહેવાયો છે. વાસ્તવમાં, ક્રિયા દર્શાવનાર અંગ ધાતુ હોય છે. એ આખ્યાતનું અંગ હોય છે. અને આખ્યાત ક્રિયાપદનું અંગ હોય છે.

શ્રી. જયંત કોઠારી ક્રિયાપદ અને આખ્યાત એમ બન્ને સંજ્ઞાઓ વાપરે છે પણ ક્યાંય એમની વ્યાખ્યા કે સમજૂતી આપતા નથી. આખ્યાતો, આખ્યાતિક અંગ, આખ્યાતિક રૂપો, અને ક્રિયાપદ આ બધી સંજ્ઞાઓનો ઉપયોગ વૈકલ્પિક રીતે કરે છે.

ડૉ. યોગેન્દ્ર વ્યાસ ક્રિયાસૂચક રૂપો (ધાતુઓ)ને ક્રિયાપદના ઘટક માને છે. જોકે, એમણે ધાતુ સંજ્ઞાનો ઉપયોગ ઝાઝો કર્યો નથી. પરંતુ સંયુક્ત ક્રિયાપદ એવી સંજ્ઞા જ્યારે વાપરે છે ત્યારે એ ક્રિયાપદ અને ક્રિયાસૂચક રૂપો વચ્ચે ભેદ રાખતા નથી. ડૉ. પ્રબોધ પંડિતે એમના "વ્યાકરણ-અર્થ અને આકાર" પુસ્તકમાં ધાતુ અને ક્રિયાપદ બન્ને સંજ્ઞાઓ વૈકલ્પિક રીતે વાપરી છે. ક્યારેક ધાતુ તો ક્યારેક ક્રિયાપદ એવો ઉપયોગ કરે છે. આખ્યાત સંજ્ઞા એ વાપરતા નથી. ડૉ. ઊર્મિ દેસાઈ "ધાતુ" શબ્દનો પ્રયોગ સાવ અલગ રીતે કરે છે. કદાચ તેમણે અંગ્રેજી સંજ્ઞા Root ને સમાંતર ધાતુ સંજ્ઞા વાપરી છે.(5) એ પરંપરાથી સાવ અલગ છે. તેઓ બધા શબ્દના મૂળ રૂપને ધાતુ કહે છે પછી એ શબ્દ નામ હોય કે આખ્યાત. આમ, જોડણી કોશ, વ્યાકરણો ધાતુ અને ક્રિયાપદનો ઉપયોગ એ શબ્દો પર્યાય હોય એવો જ કરે છે. આખ્યાત શબ્દનો ઉપયોગ પણ લગભગ એમના

પર્યાય તરીકે જ થાય પણ એ ખાસ વપરાયો નથી. ગુજરાતી વ્યાકરણો આખ્યાત શબ્દનો પ્રયોગ ખાસ કરતા નથી પણ આખ્યાતિક રચના એવો શબ્દ વાપરે છે. ક્રિયાપદની રચનાને સમજવા માટે એવું લાગે છે કે ત્રણે શબ્દોની જરૂર છે:

1) મૂળ રૂપ માટે **ધાતુ,**
2) ધાતુને પ્રત્યય અને સહાયકારી ધાતુ લાગીને બનતી રચના માટે **આખ્યાત,**
3) વાક્યખંડ તરીકે આખ્યાત, નામપદ અને ક્રિયાવિશેષણથી બનતી રચના માટે **ક્રિયાપદ.**

અથવા

1) મૂળ રૂપ માટે ધાતુ.
2) ધાતુને પ્રત્યય લાગીને બનતી રચના કે સહાયકારી ધાતુ સાથે બનતી રચના તે ક્રિયાપદ.
3) વાક્યખંડ તરીકે નામપદ, ક્રિયાવિશેષણ અને ક્રિયાપદથી બનતી રચના તે આખ્યાત.

અહીં પ્રથમ વિકલ્પ સ્વીકાર્યો છે. આ ત્રણેની જરૂરિયાત કેવી રીતે છે અને બધાં સ્થાને ક્રિયાપદ શબ્દનો ઉપયોગ કરવાથી કે પછી એમને પર્યાયી માનીને ઉપયોગ કરવાથી કેવા પ્રકારની ગૂંચ ઊભી થાય છે એ દર્શાવીને ત્રણે શબ્દોનો ઉચિત ઉપયોગને કારણે કેવી રીતે સ્પષ્ટતા થાય છે એ જોઈશું.

વ્યાકરણોમાં ઉદ્દેશ્ય અને વિધેય એવા વાક્યખંડો પાડવામાં આવે છે અને એમાં કોઈ એક નામપદને **ઉદ્દેશ્ય** અને આખ્યાત સાથેના અન્ય શબ્દોના બનતા ઘટકને **વિધેય** એમ કહેવાય છે. એને ક્રિયાપદ પણ ગણવામાં આવે છે. ઉદ્દેશ્ય સિવાયના નામપદો અને ક્રિયાવિશેષણથી બનતા ઘટકને ક્રિયાપદ ગણવામાં આવે છે. દા.ત.

1) ગલીના કૂતરાઓ આખી રાત ભસતા રહ્યા.

/___________/ /________________/

ઉદ્દેશ્ય          વિધેય

નામપદ          ક્રિયાપદ

પરંપરા ઉપરના વાક્યમાંના 'ભસતા રહ્યા', 'ભસતા', અને 'રહ્યા' એમ ત્રણેને ક્રિયાપદ કહે છે. એટલે 'ક્રિયાપદ' સંજ્ઞા સતત એક જ ખ્યાલ ધ્યાનમાં રાખીને વપરાતી નથી. વાક્યરચનાને સમજવામાં જેનું ઘણું મહત્ત્વ હોય તે સંજ્ઞા સંદિગ્ધ રીતે વપરાય તે યોગ્ય નથી. તેથી તેની વિશદ ચર્ચા કરીને એની સાથે સંકળાએલ બાબતો (અર્થ, રચના અને કાર્ય)ની સ્પષ્ટતા કરવાનું પણ ઉચિત માન્યું છે. એના અર્થ પાસાની ચર્ચા ઉપરોક્ત વ્યાકરણો કરતાં પણ નથી. કદાચ જોડણી કોશમાં આપેલ અર્થને સ્વીકારતા હોય અથવા એમની સ્પષ્ટતાની જરૂર વ્યાકરણકારોને જણાઈ નથી એમ જણાય છે. 'ક્રિયાપદ' શબ્દને વ્યાકરણિક સંજ્ઞા તરીકે સ્વીકારીએ તો એને વ્યવસ્થિત રીતે સમજવી જરૂરી બને છે. એનું પ્રચલન એટલું છે કે એને દૂર કરી એને સ્થાને નવી સંજ્ઞા લાવવી પણ શક્ય નથી. નવી નવી પરિભાષા ઊભી કરવા કરતાં પ્રચલિત પરિભાષાને વ્યવસ્થિત વ્યાખ્યાયિત કરીને ઉચિત વર્ણન કરવું જરૂરી છે. અહીં, ક્રિયાપદ, આખ્યાત અને ધાતુ ત્રણે સંજ્ઞા વાપરવામાં આવી છે અને એમની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

**1.ગુજરાતી વ્યાકરણોમાં ક્રિયાપદ અંગેની ગૂંચ અને વર્ણનની મુશ્કેલીઓઃ**

ગુજરાતી વ્યાકરણ પર સંસ્કૃત વ્યાકરણ પરંપરાની અસર છે તેમજ પાશ્ચાત્ય વ્યાકરણ પરંપરાની પણ અસર છે. શ્રી. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી રચિત ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ સંસ્કૃત વ્યાકરણ પરંપરાનું મુખ્ય પગથિયું બન્યું. વ્યાકરણ માટેની આ પરિભાષા પાછળની સૈદ્ધાન્તિક સમજણ ન અપાઈ હોય તો પણ એ પ્રચલિત થઈ છે. આધુનિક ભાષાવિજ્ઞાનનો અભ્યાસ જેમ ફેલાયો તેમ આ પરિભાષાઓને ગુજરાતી ભાષાના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ થયો. એમને નવા અર્થ આપવામાં આવ્યા તો ક્યાંક ભાષાવિજ્ઞાનની પરંપરામાંથી ભાષાંતરિત પરિભાષા અસ્તિત્વમાં આવી. ડૉ. પ્રબોધ બેચરદાસ પંડિતને સંસ્કૃત પરંપરા અને આધુનિક ભાષાવિજ્ઞાન બન્નેનો સારો પરિચય હોવાથી એમણે ગુજરાતી ભાષાને અનુકૂળ એવી પરિભાષા રચી. ગુજરાતી ભાષાના અભ્યાસમાં ગુજરાતી ભાષા કેન્દ્રમાં આવી. સંસ્કૃત અને પાશ્ચાત્ય બન્ને પરંપરાની પરિભાષાઓને ગુજરાતી ભાષાના સંદર્ભે તપાસીને રચવામાં આવી. સાથે સાથે કેટલાક ભાષાકીય વૈશ્વિક ખ્યાલોનો અભ્યાસ થતાં એમાંથી પણ નવી પરિભાષા રચાઈ. વાક્યરચનાના સંદર્ભે આવું કાર્ય ડૉ.પંડિત, ડૉ.યોગેન્દ્ર વ્યાસ, અને ડૉ.ઊર્મી દેસાઈનાં લખાણોમાં જોવા મળે છે. આ પરંપરા ભાષાવિજ્ઞાનના વૈશ્વિક ખ્યાલો અને પરિભાષાને ધ્યાનમાં રાખી ગુજરાતી ભાષાનો અભ્યાસ અને ગુજરાતી પરિભાષા રચવાનો પ્રયાસ કરે છે. અલબત્ત, પારિભાષિક શબ્દો સંસ્કૃત હોવાથી સંસ્કૃત

વ્યાકરણિક પરંપરાનો સંપૂર્ણ ત્યાગ થયો છે એવું બન્યું નથી. આ પરંપરા સંસ્કૃત વ્યાકરણ પરંપરાના પારિભાષિક શબ્દો સ્વીકારે છે અથવા નવેસરથી બનાવે છે પણ એના પાયામાં વૈશ્વિક ખ્યાલો છે. એટલે પારિભાષિક શબ્દોની રચના ગુજરાતી ભાષાના સંદર્ભે અને વૈશ્વિક ખ્યાલોને સંદર્ભે થાય છે. તેમ છતાં “ક્રિયાપદ” સંજ્ઞા સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત થઈ નથી. ક્રિયાપદની ચર્ચા આ પશ્ચાદભૂને આધારે કરવાનો પ્રયત્ન રહેશે.

1.1. સંસ્કૃત અને ગુજરાતી વ્યાકરણમાં ક્રિયાપદઃ-

ક્રિયાપદ શબ્દ સંસ્કૃત વ્યાકરણ પરંપરામાંથી રચાયો છે એમ ન કહી શકાય. સંસ્કૃત વ્યાકરણો આખ્યાત શબ્દનો ઉપયોગ કરે છે. મૂળ રૂપને ધાતુ કહે છે અને એમને પ્રત્યયો લાગીને બનતી રચનાને આખ્યાત કહે છે. સંસ્કૃતની આખ્યાતિક રચના ધાતુ+પ્રત્યયોની છે. ગુજરાતીમાં આખ્યાતમાં પ્રત્યયો સાથે સહાયકારી ધાતુનો ઉપયોગ પણ થાય છે. “ક્રિયા” શબ્દ સંસ્કૃત વ્યાકરણ પરંપરામાંથી લેવામાં આવ્યો છે. સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં ધાત્વર્થની ચર્ચામાં ધાતુનો અર્થ ‘ક્રિયા’ તરીકે સ્વીકારાયો છે. અને ધાતુનો એ અર્થ પણ સ્વીકારાયો છે. આજે પારંપરિક ગુજરાતી વ્યાકરણ નીચેની વિવિધ રચનાઓને ક્રિયાપદ કહે છેઃ

વાંચવું, (કોશમાં ધાતુ દર્શાવવા માટે વપરાતું રૂપ)
વાંચે છે,
વાંચતો હતો,
વાંચ્યા કરતો હતો.

રચનાના કેન્દ્ર અને રચના એમ બન્ને માટે ગુજરાતી વ્યાકરણો ‘ક્રિયાપદ’ એવી સંજ્ઞા વાપરે છે. સંસ્કૃત વ્યાકરણ પરંપરા રચનાના કેન્દ્રને માટે ‘ધાતુ’ અને રચના માટે ‘આખ્યાત’ એમ અલગ સંજ્ઞાઓ વાપરે છે. સંસ્કૃત ભાષાના આખ્યાતનું સ્વરૂપ મુખ્યત્વે “ધાતુ+પ્રત્યય” નું રહ્યું છે. ધાતુ કોશગત અર્થ વ્યક્ત કરે અને પ્રત્યય વ્યાકરણિક કાર્યો (કાળ, અર્થ, વાચ્ય, પદસંવાદ) વ્યક્ત કરે છે. ગુજરાતી ભાષામાં આવતાં સુધી આખ્યાતની રચના ઘણી બદલાઈ છે. ગુજરાતીમાં વ્યાકરણિક કાર્ય કેવળ પ્રત્યયથી નહીં પણ સહાયકારી ધાતુઓથી પણ વ્યક્ત થાય છે. અને રચનામાં સહાયકારી ધાતુઓની સંખ્યા પણ એકથી વધુ હોઈ શકે છે. ગુજરાતીમાં આખ્યાતનું સ્વરૂપ રચનાની દૃષ્ટિએ સંકુલ થયું છે. સંસ્કૃત ભાષામાં સહાયકારી ધાતુઓ બહુ જૂજ છે અને એમના પ્રયોગો પણ મર્યાદિત છે અને ક્રિયાની અવસ્થાનો ખ્યાલ પણ સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં

જોવા મળતો નથી. આ રીતે રચના બદલાતાં નવી પરિભાષાની જરૂર ઊભી થઈ અને એ પ્રમાણે રચાવી જરૂરી બન્યું. ગુજરાતી વ્યાકરણો ધાતુ, આખ્યાત અને ક્રિયાપદ વચ્ચે સ્પષ્ટ ભેદ કરતા નથી એને કારણે વર્ણનની તકલીફ સર્જાય છે. વર્ણનની એકવાક્યતા ઊભી થતી નથી. નીચેની રચનાઓ જોઈએ તો રચનાની સંકુલતાનો ખ્યાલ આવી શકશે.

વાંચીશ = વાંચ + ઈશ (ધાતુ + ભવિષ્યકાળ-પ્રથમ પુરુષ-એકવચનનો પ્રત્યય)

વાંચે છે = વાંચ + એ – છ + એ (મુખ્ય ધાતુ +તૃ.પુ.એ.વ. – વર્ત. સહાયકારી + તૃ.પુ.એ.વ.)

વાંચતો હતો = વાંચ + ત + ઓ - હ + ત + ઓ

હવે જો વર્ણન કરતી વખતે જો આપણે ‘વાંચ’ ક્રિયાપદના રૂપને ભવિષ્યકાળનો તૃતીય પુરુષ એકવચનનો પ્રત્યય લાગીને ‘વાંચીશ’ એવું ક્રિયાપદ બને છે એવું કહીએ, અને ‘વાંચ’ ક્રિયાપદના રૂપને તૃતીય પુરુષ એકવચનનો પ્રત્યય લાગીને મુખ્ય ક્રિયાપદ અને વર્તમાનકાળવાચક અને પદસંવાદનો પ્રત્યય લાગીને સહાયકારી ક્રિયાપદ જોડાઈને ક્રિયાપદ બન્યું છે એમ કહીએ તો એ વર્ણન અયોગ્ય છે. કારણ કે અંગ, અને અંગ અને પ્રત્યયથી તેમજ મુખ્ય અને સહાયકારી ધાતુ એમ બધાને ક્રિયાપદ કહેવાથી વર્ણનમાં ગૂંચ ઊભી થાય છે. ક્રિયાપદ કે ક્રિયાપદનું રૂપ એવી સંજ્ઞાઓ પણ સંદિગ્ધ બને છે. અર્થાત્, વર્ણનમાં નાનામાં નાના અંગ માટે અલગ સંજ્ઞા (જેને હવે પછી ‘ધાતુ’ કહીશું) અને એ ધાતુ સાથે આવતા અન્ય ઘટકોથી થતી રચના માટે અલગ સંજ્ઞા (જેને હવે આખ્યાત કહીશુ) એમ વર્ણન ઉચિત રહેશે. ત્યાર બાદ આખ્યાત અને ઉદ્દેશ્ય સિવાયનાં અન્ય નામપદ, ક્રિયાવિશેષણ વગેરે ભેગાં મળીને જે રચના થાય છે તેને માટે ‘ક્રિયાપદ’ એવી સંજ્ઞા વાપરીશું.

ક્રિયાપદ સંજ્ઞાની સાર્થ જોડણી કોશમાં આપેલ વ્યાખ્યાને સ્વીકારીને ચાલવું પણ યોગ્ય નથી કારણ કે ક્રિયાપદ, આખ્યાત કે ધાતુ માત્ર ક્રિયાને દર્શાવતાં નથી. એટલે ધાતુ અને આખ્યાતના અર્થ પાસાની ચર્ચાથી શરૂઆત કરીશું.

### 1.2. ધાતુનો અર્થઃ-

સંસ્કૃત વ્યાકરણમાં ધાતુનો કોશગત અર્થ ‘ક્રિયા’ માનવામાં આવ્યો છે. અને એની અનેક વિદ્વાનો (વ્યાકરણકારો, નૈયાયિકો, મીમાંસકો) દ્વારા ઊંડી ચર્ચા કરવામાં આવી છે. એ બધી ચર્ચામાં ઊંડે

ઊતરવું અહીં ઉચિત નથી અને જરૂરી પણ નથી. વ્યાકરણકારો ધાતુનો અર્થ 'ક્રિયા' સ્વીકારે છે. પછીના વ્યાકરણકારોએ ધાતુના ક્રિયાના અર્થને 'વ્યાપાર' અને 'ફલ' એવાં બે પાસાં દ્વારા સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. કયો વૈયાકરણ શું કહે છે કે કયો મત ધરાવે છે એની ચર્ચા અહીં કરવામાં આવી નથી. પણ ક્રિયા અને ક્રિયાના બે પાસાં (વ્યાપાર અને ફલ) બેને ટૂંકમાં સમજવાનો પ્રયાસ છે. ક્રિયાના ખ્યાલને જો સ્પષ્ટ રીતે સમજીએ તો ક્રિયાપદ અને એને આધારે વાક્યની રચનાને સમજવામાં મદદ મળે છે એટલે એની સ્પષ્ટતા કરવાનું વિચાર્યું છે. ગુજરાતી વ્યાકરણકારો પણ વ્યાખ્યા આપ્યા વિના એ અર્થને સ્વીકારે છે. સંસ્કૃત ઉદ્ધરણોને ટાંકવાને બદલે જેમણે સીધો સંસ્કૃત વ્યાકરણના ખ્યાલનો ઉલ્લેખ કર્યો છે અને કદાચ એમના થકી ગુજરાતીમાં સંસ્કૃત વ્યાકરણના ખ્યાલો અને પરિભાષાઓ વિકસી એવા શ્રી.ક.પ્રા.ત્રિવેદીનું ઉદ્ધરણ ટાંક્યું છેઃ

*"ક્રિયાપદ એટલે ક્રિયાવાચક પદ. પણ ક્રિયા એટલે શું? ભાષ્યકાર કહે છે કે ક્રિયા અપરિદૃષ્ટ છે. બિલકુલ દેખી શકાતી નથી. તે અનુમાનથી ગમ્ય થાય છે. ....ક્રિયા, ભાવના, વ્યાપાર, એ બધા પર્યાય શબ્દ છે.*

*સાધ્યરૂપ અને સિદ્ધરૂપ ક્રિયાઃ 'તજે છે' અને 'ત્યાગ' એ બન્ને પદ ક્રિયાવાચક પદ છે. 'તજે છે' માં ક્રિયા સાધ્યરૂપ છે એટલે કે સધાતી થતી ક્રિયા વર્ણવી છે અને 'ત્યાગ'માં ક્રિયા સિદ્ધરૂપ એટલે થયેલી અને તેમાંથી થયાની સ્થિતિ સમજાય એવી વર્ણવી છે. 'ત્યાગ, પાક, રાગ' એ શબ્દો સિદ્ધ ક્રિયા સિદ્ધ રૂપમાં દર્શાવે છે અને ભાવ કહેવાય છે.*

***પૂર્વાપર અવયવઃ ક્રિયાનું લક્ષણઃ*** *વળી ક્રિયામાં પૂર્વાપર અવયવો હોય છે એમ ભર્તૃહરિ કહે છે. રાંધવાની ક્રિયાનો વિચાર કરીશું તો માલુમ પડશે કે તે ક્રિયામાં પૂર્વાપર ક્રમિક અવયવો છે. ચૂલા પર મૂકવું, તાપ કરવો, ફૂંક મારવી અને તેનો છેલ્લો અવયવ ચૂલા પરથી ઊતારવું છે. આ પ્રમાણે સાધ્યરૂપ કે સિદ્ધરૂપ વ્યાપાર જેને સાધ્ય તરીકે વર્ણવેલો હોય છે તે ક્રિયા છે. ક્રિયાના ઘણા અવયવો હોય છે તો પણ તે બધાનું સંકલન કરી એકત્વબુદ્ધિથી તે એક જ છે એમ વિચારવાનું છે.*

*ભટ્ટોજી દીક્ષિત 'શબ્દકૌસ્તુભ' નામના ટીકાગ્રન્થમાં 'ક્રિયા'નો અર્થ ઘણો સરળ સમજાવે છે. 'કરે છે' એવો જેનો અર્થ થાય તે ક્રિયા. દરેક ધાતુનો અર્થ 'શું કરે છે' એમ પ્રશ્ન પૂછવાથી સમજી શકાય છે. જેમકે, 'રાંધે છે' એનો અર્થ 'શું કરે છે' એમ પૂછવાથી 'પાક કરે છે' એમ થાય છે. આમ દરેક ધાતુનો અર્થ 'શું કરે છે' એમ પૂછવાથી સમજાય છે. પણ અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે 'હોય છે' એવો સત્તાવાચક ધાતુના અર્થ આવા પ્રશ્નથી શી રીતે સમજાય? 'છે', 'હોય છે,' એટલે 'સ્વરૂપ ધારણ કરે છે.' કોઈ વસ્તુ નાશ પામવાની તૈયારીમાં હોય એવી વસ્તુ માટે પણ 'શુ કરે છે?' એવો પ્રશ્ન પૂછીએ તો 'છે' એવો ઉત્તર આવશે."*

આ ઉદ્ધરણનાં છેલ્લાં બે-ત્રણ વાક્યો અસ્પષ્ટ હોવા છતાં આ પરંપરા શું માને છે તે નીચે મુજબ દર્શાવી શકાય છે.

1) દરેક ધાતુ ક્રિયા દર્શાવે છે. ક્રિયા, વ્યાપાર અને ભાવના પર્યાયવાચી શબ્દો છે.
2) ક્રિયા બે પ્રકારનીઃ સાધ્યરૂપ ક્રિયા જે આખ્યાત દ્વારા દર્શાવાય અને સિદ્ધરૂપ ક્રિયા જે ક્રિયાવાચી નામ દ્વારા દર્શાવાય. સાધ્ય અને સિધ્ધ એમ ક્રિયાની બે અવસ્થાઓને વ્યાપાર અને ફલ એવી બે પરિભાષા દ્વારા પણ સમજાવી શકાય છે. ક્રિયાના સાધ્ય અવસ્થામાં વ્યાપાર હોય છે અને સિદ્ધ અવસ્થામાં એ વ્યાપારનું ફલ હોય છે.
3) કોઈ પણ ક્રિયાની અંતર્ગત અન્ય અવયવીભૂત ક્રિયાઓ હોય છે. એ બધી અંગભૂત ક્રિયાઓનો એક સમગ્ર ખ્યાલ એટલે મુખ્ય ક્રિયા હોય છે. જેમકે, મારવું ક્રિયાના અવયવો રૂપે સાધન હાથમાં લેવું, ઉગામવું, અને પ્રહાર કરવો એવી ક્રિયાઓ આવતી હોય છે.

ઉપરનાં તારણો આ પરંપરાની ધારણા છે. આ ધારણા કેટલેક અંશે સાચી પણ છે અને એની કેટલીક મર્યાદાઓ પણ છે. આ ધારણાને કારણે ક્રિયાપદના વર્ણનમાં અને પરિણામે વાક્યના વર્ણનમાં ઘણી તકલીફ થાય છે જેની વાત હવે થશે. ભાષાના નિયમોનું વર્ણન કરવામાં આવે ત્યારે પણ ભાષાકીય સામગ્રી પરનાં તારણોને જ નિયમો કહેવામાં આવે છે. અને એ તારણો પણ સામગ્રીના પૃથક્કરણની મદદથી થતાં અનુમાનો હોય છે. એમાં તર્ક જરૂરી હોય છે. પણ આ પ્રકારના તર્કનો આખરે ભાષકની સૂઝ અને વપરાશ સાથે મેળ પડવો જરૂરી હોય છે. થોડી ભાષાકીય સામગ્રીમાંથી તારણ તારવવું અને પછી જ્યારે એની વિરોધમાં કોઈ સામગ્રી સામે આવે ત્યારે તાર્કિકતાનો ઉપયોગ કરીને મારીમચડીને આપણી ધારણા મુજબનું વર્ણન રચવું એ ઉચિત નથી હોતું. હવે આપણે ઉપરનાં તારણો એક પછી એક લઈએ.

1) દરેક ધાતુ ક્રિયા દર્શાવે છે.

સર્વસામાન્ય અર્થમાં ક્રિયા એટલે “કોઈ વ્યક્તિએ પોતાની ઇચ્છાથી કોઈક હેતુથી આદરેલ પ્રયત્ન” એમ કહેવાય. રોજિંદી ભાષામાં કહીએ તો “જે કોઈથી કરવામાં આવે તે” ક્રિયા છે. ક્રિયામાં કોઈ વ્યક્તિ જરૂરી છે અને એણે કશુંક કર્યું હોવું જરૂરી છે. જો આપણે દરેક ધાતુ ક્રિયા દર્શાવનાર

માનીએ તો દરેક વાક્યમાં ક્રિયાનો નિર્દેશ સ્વીકારવો પડે. નીચેનાં વાક્યોમાં આ વાત ચરિતાર્થ થાય છે કે કેમ તે તપાસીએઃ

(1) તમારી ટોપી સરસ છે!

(2) આ કેરી સડી ગઈ છે.

(3) બાબો રડે છે.

(4) ગગને રુમાલથી મોં લૂછ્યું.

ઉપર શ્રી.ક.પ્રા.ત્રિવેદીએ આપેલ પ્રશ્ન આપણે દરેક વાક્યને પૂછી શકીએ છીએ ખરા? પ્રથમ વાક્યને પૂછીએ "શું કરે છે?" જવાબ મળશે? એટલા માટે નહીં મળે કે એમાં કશું કરવામાં આવ્યું નથી. 'ટોપી' નામક પદાર્થ વિશે 'સરસ હોવા' અંગે વિધાન કરવામાં આવ્યું છે. એમાં 'ટોપી'એ કે અન્ય કોઈએ કશું કર્યું નથી. એના સરસ હોવા માટે 'ટોપી" જવાબદાર નથી કે કોઈ વ્યક્તિ જવાબદાર નથી. જો વાક્ય એવું હોત કે, "કારીગરે ટોપી સરસ બનાવી છે." તો આપણે કહી શક્યા હોત કે આ વાક્યને 'શું કર્યું' એવો પ્રશ્ન પૂછી શકાય છે જેના જવાબમાં 'બનાવી છે' એવો જવાબ પણ મળે. પણ ત્યાં ધાતુ 'બનાવવું' છે 'હોવું' નથી. 'હોવું' ધાતુમાં ક્રિયાના અર્થને તાણીતૂસીને લાવવાની જરૂર નથી. (આવો પ્રયત્ન સંસ્કૃત વ્યાકરણોમાં થાય છે જેની ઝલક શ્રી. ત્રિવેદીના ઉપરના લખાણમાં છેલ્લી પંક્તિઓમાં જોવા મળે છે. જો વાક્યમાં ક્રિયા દર્શાવવી હોત તો 'કરવું', 'બનાવવું' એવો ધાતુ વાપર્યો હોત. એણે 'હોવું' ધાતુ વાપર્યો છે જેનો અર્થ 'કોઈ પદાર્થનું જે તે કાળે અસ્તિત્વ' દર્શાવવું છે. એનો ઉપયોગ પદાર્થ/વ્યક્તિના ગુણલક્ષણ કે સ્થિતિ દર્શાવવા માટે થાય છે. 'હોવું' ધાતુ અસ્તિત્વવાચક છે. એ ક્રિયાવાચક નથી. એ માટે આપણે બીજું પણ એક વાક્ય આપી શકીએ, "પરસોત્તમને હમણાં પૈસાની જરૂર છે." આ વાક્યને આપણે "શું કરે છે?" એવો સવાલ નહીં પૂછી શકીએ. વાક્યમાં ક્રિયા હોય તો જ "શું કરે છે?" એવો પ્રશ્ન પૂછી શકાય. ક્રિયા જ ન હોય તો એ સવાલ ન પૂછી શકાય.

હવે બીજા વાક્ય તરફ વળીએ. આ વાક્યને પણ ઉપરની જેમ 'શું કરે છે?' એવો સવાલ પૂછી શકાતો નથી. આ વાક્યમાં "**કેરી**" સડવાની ક્રિયા કરી રહી છે એમ કહીએ તો એ અજુગતું લાગશે કારણ કે સડો થવાનું પરિણામ આવે તે માટે "**કેરી**" કશું કરતી નથી. ખરેખર તો એ સડાનો ભોગ બને છે. સડવાની ક્રિયા એની ઇચ્છાએ કે પ્રયત્ને થતી નથી. સડવાની અવસ્થા માટે જવાબદાર વાતાવરણ હોઈ શકે છે. ટૂંકમાં, 'સડવું' ધાતુ ક્રિયા દર્શાવતો નથી. કોઈ કશું ન કરે તો

પણ કેરી સડી શકે છે. એ નૈસર્ગિક છે. સડવા માટે કોઈ કશું કરી ન શકે. અલબત્ત, સડે નહીં તે માટે પ્રયત્ન કરી શકે છે પણ સડવા માટે તો નહીં જ. ઉપરના વાક્યમાં “**ટોપી**” અને આ વાક્યમાં “**કેરી**” અચેતન પદાર્થો છે. એ પોતે કશું કરી શકે તેમ નથી. એ કોઈની ક્રિયાને કે નૈસર્ગિક પ્રક્રિયાને અધીન છે. એમની પરિસ્થિતિ માટે એ જવાબદાર નથી પણ કશુંક અન્ય જવાબદાર છે. ક્રિયામાં એવું હોતું નથી. ક્રિયા કરનાર વ્યક્તિ એ ક્રિયા પોતાની ઇચ્છાથી અને પ્રયત્નથી અસ્તિત્વમાં લાવે છે અને એને માટે એ વ્યક્તિ જવાબદાર હોય છે. ઉપરનાં બે વાક્યોમાં જે પદાર્થોનો નિર્દેશ કરવામાં આવ્યો છે એ “**ટોપી**” અને “**કેરી**” કોઈ પણ રીતે કર્તા નથી. અને જો કોઈ કર્તા નથી, કોઈએ કશું કર્યું નથી તો પછી એ વાક્યમાં ક્રિયા માનવાની કોઈ જરૂર નથી એ સ્પષ્ટ છે. એમાં કોઈ ભારે તર્ક કરવાની  જરૂર નથી.

હવે ત્રીજા વાક્ય તરફ જઈએ. આ વાક્યને ઉપરોક્ત પ્રશ્ન પૂછી શકીએ અને જવાબમાં ‘રડે છે’ એવો જવાબ મળે છે. રડવાની ક્રિયાનો કર્તા ‘બાબો’ છે એમ કહી શકાય છે. આ વાક્યમાં ક્રિયા છે એમ કહેવાય. (હાલ પૂરતું એ સ્વીકારીએ છીએ.)

ચોથા વાક્યમાં પણ “**લૂછવાની**” ક્રિયાનો કર્તા “**ગગન**” નામની વ્યક્તિ છે એમ કહી શકાય. એ પોતાની ઇચ્છાથી “**રુમાલ**” નામક સાધન વાપરીને મોં નામક પદાર્થને ‘લૂછવાની’ ક્રિયા કરે છે એમ સ્પષ્ટ રીતે કહી શકાય. આ વાક્યના સંદર્ભે “શું કરે છે?” એવો પ્રશ્ન પણ યોગ્ય જણાશે. એના જવાબમાં “લૂછે છે” એમ આખ્યાત મળશે. આ વાક્યમાં કર્તાની ઇચ્છા અને પ્રયત્ન બન્ને દેખાય છે. ચોથા વાક્યમાં ક્રિયાની સ્પષ્ટતા જેટલી છે એટલી પહેલા અને બીજા વાક્યમાં નથી એમ કહેવાય.

હવે જોઈએ કે બધાં વાક્યોમાં ક્રિયા અને પરિણામે કર્તાનો સ્વીકાર કરવાથી શું થાય. અને વર્ણનમાં ગૂંચ કેમ આવે છે તે જાણીએ. જો ઉપરનાં બધાં વાક્યોમાં ક્રિયા અને કર્તાનું હોવું સ્વીકારીએ તો બધાં વાક્યો કર્તરિ બને. અને કર્તરિ વાક્ય હોય તેનું કર્મણિ શક્ય બને. ઉપરનાં બધાં વાક્યોનું કર્મણિ શક્ય છે ખરું?

- *તમારી ટોપીથી સરસ કેમ હોવાતું નથી? / *તમારી ટોપીથી સરસ કેમ હોવાય છે?
- *કેરીથી સડાઈ જવાયું.
- *બાળક દ્વારા રડવામાં આવે છે. / બાળકથી રડાયું.

- ગગન દ્વારા રુમાલથી મોં લૂછવામાં આવે છે. / ગગનથી આ રુમાલથી મોં લુછાતું નથી.

કોઈ પણ વ્યક્તિ કહેશે કે ઉપરનાં વાક્યોમાંથી કેવળ છેલ્લું વાક્ય જ સ્વીકાર્ય છે. અન્ય સ્વીકાર્ય નથી. (અસ્વીકાર્ય વાક્યને * ચિહ્નથી દર્શાવવાની રિવાજ છે.)

ભાષાના વર્ણનમાં એવા વધુ પડતાં વ્યાપક નિયમો ન ચાલે જેમને કારણે અતિવ્યાપ્તિનો દોષ આવે. અર્થાત્, અસ્વીકાર્ય વાક્યો ઊભાં થાય. માટે ઉપર દર્શાવેલાં પ્રથમ બે તારણો આપણે સ્વીકારી શકતાં નથી. આ તારણો સ્વીકારીએ નહીં તો એને સ્થાને કયા પ્રકારનું વર્ણન સ્વીકાર્ય છે એ દર્શાવવું જરૂરી હોવાથી એ દર્શાવીએ. અને એ મુજબનું વર્ણન ગુજરાતી ભાષાની વ્યવસ્થાને કેવી રીતે ઉચિત છે તે દર્શાવીશું. કોઈ પણ ભાષાનું વર્ણન આખરે એ ભાષાની પ્રકૃતિને સ્પષ્ટ કરનારું અને તે ભાષાના ભાષકની ભાષા વિષયક સૂઝ પ્રગટ કરનારું હોવું ઘટે. આપણા પ્રયત્નો એ દિશામાં રહેશે. એટલે ગુજરાતી ભાષાની સામગ્રી સાથે રાખીને વર્ણન કરતા જઈશું. નીચેના ધાતુઓ જોઈએઃ

| | | |
|---|---|---|
| ખૂલવું – ખોલવું | મરવું – મારવું | તૂટવું – તોડવું |
| ફૂટવું – ફોડવું | છૂટવું – છોડવું | ગળવું – ગાળવું |
| ઊકળવું – ઉકાળવું | ઊગરવું – ઉગારવું | ઉખડવું – ઉખેડવું |
| ઓગળવું – ઓગાળવું | ઊગવું – ઉગાડવું | ઘૂસવું – ઘુસેડવું |
| ટળવું – ટાળવું | ઢળવું – ઢાળવું | પડવું – પાડવું |

ઊપરનાં બધાં જોડકાંમાં પ્રથમ ધાતુ પ્રક્રિયા દર્શાવે છે જ્યારે બીજો ધાતુ ક્રિયા દર્શાવે છે. પ્રથમ ધાતુઓ એટલા માટે પ્રક્રિયા દર્શાવે છે એમ કહ્યું કારણ કે એમાં કર્તાની શક્યતા નથી જેમકે, ઓગળવું ધાતુ દ્વારા વ્યક્ત થતો અર્થ કોઈ વ્યક્તિ એ ક્રિયા કરે છે એવો નથી. જ્યારે “ઓગાળવું” ધાતુ દ્વારા જે અર્થ વ્યક્ત થાય છે એમાં કોઈ વ્યક્તિ એ ક્રિયા કરે છે એવું સ્પષ્ટ છે. ગુજરાતી ભાષકનું જ્ઞાન એમ કહે છે કે જ્યારે પ્રક્રિયા દર્શાવવી હોય ત્યારે પ્રથમ પ્રકારના ધાતુ વપરાય અને જ્યારે ક્રિયા દર્શાવવી હોય ત્યારે બીજા પ્રકારનો ધાતુ વપરાય. નીચેનાં વાક્યો પરથી આ વાત સુપેરે સ્પષ્ટ થશેઃ

(1) અ) પવનથી બારી ખૂલી ગઈ.

બ) નિશાએ બારી ખોલી.

(2) અ) વીજળીના કરંટને કારણે એક મજૂર મરી ગયો.

બ) આતંકવાદીઓએ બે માણસોને મારી નાખ્યા.

3) અ) કૂંડું હાથમાંથી છટક્યું અને નીચે પડીને ફૂટી ગયું.

બ) યુવાનોએ ફટાકડા ફોડ્યા.

4) અ) પાણી ઊકળવા લાગ્યું છે.

બ) પહેલાં પાણી ઉકાળી લો.

5) અ) પગમાં કાંટો ઘૂસી ગયો છે.

બ) ગુંડાએ ભાઈના પેટમાં છરો ઘુસેડી દીધો.

ઉપરનાં અ-પ્રકારના વાક્યોમાં કર્તાની શક્યતા નથી. આ વાક્યોને 'શું થયું' એવો પ્રશ્ન પૂછી શકાય છે. એટલે એ પ્રક્રિયા દર્શાવે છે. બ-પ્રકારના વાક્યોમાં કર્તા છે અને એમને 'શું કર્યું' એવો પ્રશ્ન પૂછી શકાય છે એટલે એ ક્રિયા દર્શાવે છે. "શું કર્યું?" એવા પ્રશ્નોમાં કોણે શું કર્યું એવી અપેક્ષા રહે છે. પરંતું, "શું થયું?" એવા પ્રશ્નમાં એવી અપેક્ષા નથી. અ-પ્રકારના વાક્યોમાં કારણની શક્યતા છે જ્યારે બ-પ્રકારના વાક્યોમાં કર્તાની શક્યતા છે. અ અને બ બન્ને પ્રકારનાં વાક્યોને ક્રિયા નામક એક વર્ગમાં સમાવવાથી ગૂંચ ઊભી થાય છે. હજી થોડાં બીજાં વાક્યો પણ લઈએઃ

6) અ) છોકરા હસ્યા.

બ) છોકરાઓને હસવું આવ્યું.

7) અ) હું વિચારું છું.

બ) મને વિચાર આવે છે.

8) અ) હું યાદ કરું છું.

બ) મને યાદ આવે છે.

આ જોડકાંઓમાં પણ ક્રિયા-પ્રક્રિયા વચ્ચેનો ભેદ સ્પષ્ટ છે. આ ભેદને નજરઅંદાજ કરીને જો બધાં વાક્યોમાં ક્રિયા માનીએ તો ઉપરનાં વાક્યોમાં "છોકરા-છોકરાઓને," "હું-મને" વચ્ચેનો વિભક્તિભેદ સમજાવી શકાય તેમ નથી. ઊપરનાં વાક્યોમાં અ-પ્રકારનાં વાક્યોમાં કર્તૃત્વ છે અને એ મુજબ કર્તાને પ્રત્યય લાગ્યો છે. જ્યારે બ-પ્રકારનાં વાક્યોમાં કર્તૃત્વ નથી એટલે એમાં /–ને/ પ્રત્યય આવ્યો છે. ઉપરનાં અ-પ્રકારના અને બ-પ્રકારનાં વાક્યોમાં પ્રયત્ન-અપ્રયત્નનો ભેદ છે. વાક્ય ક્રમાંક 8માં 'યાદ કરવું' એ પ્રયત્ન દર્શાવે છે જ્યારે 'યાદ આવવું' અપ્રયત્ન દર્શાવે છે એ સ્પષ્ટ રીતે જણાય છે. બન્ને વાક્યમાં ક્રિયા અને કર્તા બન્નેને માની લેવાથી ક્યારે નામ -શૂન્ય પ્રત્યય લે છે અને ક્યારે નામ –ને પ્રત્યય લે છે એની સ્પષ્ટતા નહીં રહે. આમ, ગુજરાતીમાં પ્રક્રિયા-ક્રિયા વચ્ચે ભેદ સ્પષ્ટ છે. અને ક્રિયા તેમજ પ્રક્રિયા સાથે જોડાએલા કારકો અને પરિણામે વિભક્તિ પ્રત્યયો સ્પષ્ટ રીતે જણાવી શકાય છે. પ્રક્રિયામાં કર્તાની શક્યતા ન હોવા છતાં એમાં કર્તા માનીએ તો એ કર્તાની બદલાતી વિભક્તિ સમજાવવી અઘરી બને.

1.2.3 નીચે ધાતુઓ દ્વારા વ્યક્ત થતી પ્રક્રિયાનાં અને ક્રિયાનાં લક્ષણો આપ્યાં છેઃ

| <u>પ્રક્રિયા</u> | <u>ક્રિયા</u> |
|---|---|
| • નૈસર્ગિક કે આકસ્મિક હોય છે. સંડોવાયેલ પદાર્થ\વ્યક્તિની ઇચ્છાનો અભાવ હોય છે. | કોઈની ઇચ્છા અને પ્રયત્નથી થાય છે. |
| • કારણરૂપ પદાર્થ કે ઘટના હોય છે. | કારણરૂપ કર્તા હોય છે. |
| • નિર્દિષ્ટ પરિસ્થિતિ પર કાબૂનો અભાવ | નિર્દિષ્ટ પરિસ્થિતિ પર કર્તાનો કાબૂ |
| • એની આજ્ઞા ન આપી શકાય. | એની આજ્ઞા આપી શકાય. |

નીચે થોડાક ધાતુઓની યાદી આપી છેઃ

ક્રિયાવાચીઃ અડકવું, આચરવું, આરંભવું, ઉગામવું, ઊઠવું, ઉપાડવું, ઓઢવું, કબૂલવું, કરડવું, ફૂટવું, ખરચવું, ખાવું, ગણવું, ગોઠવવું, ઘસવું, ચાળવું, ચૂકવવું, છાપવું, છેકવું, જોડવું, ઝીલવું, ટાળવું, ઠોકવું, ઢાંકવું, તેડવું, દળવું,

દેખાડવું, ધોવું, નિચોવવું, નોંધવું, પલાળવું, પૂરવું, ફટકારવું, ફાકવું, બાફવું, ભાગવું, ભેટવું, મસળવું, રચવું, લખવું, લેવું, વખોડવું, વારવું, શીખવું, સમારવું, સીવવું, હણવું.

પ્રક્રિયાવાચીઃ અકળાવું, ઊગવું, ઓગળવું, ઓસરવું, કરમાવું, ખીલવું, ખૂંચવું, ચોંકવું, છટકવું, જીવવું, ટકવું, ટેવાવું, ઠરવું, ડરવું, થથરવું, ધરાવું, નીતરવું, પચવું, પલળવું, પીગળવું, ફસાવું, ફેલાવું, બીવું, ભડકવું, ભાવવું, માવું, રિબાવું, રુઝાવું, લબડવું, લોભાવું, વકરવું, વાગવું, વીતવું, શમવું, સાલવું, સુકાવું, હરખાવું.

કેટલાક ધાતુઓ એવા પણ છે જે ઉભયવાચી છે. સંદર્ભ મુજબ એ ક્રિયા છે કે પ્રક્રિયા છે એની સ્પષ્ટતા થાય છે. દા.ત. અટકવું, ખસવું, ઊડવું, મળવું, છટકવું, ફરવું.

- કોઈ વ્યક્તિ બોલતી અટકે તો એ ક્રિયા. પણ હૃદય ધબકતું અટકે તો પ્રક્રિયા.
- કોઈ વ્યક્તિ જગ્યા કરવા ખસે તો ક્રિયા. પણ માથા પરથી ટોપી ખસે તો પ્રક્રિયા.
- પંખી હવામાં ઊડે તો ક્રિયા. પણ પવનથી વાળ ઊડે તો પ્રક્રિયા.
- રામ ભરતને મળે તો ક્રિયા. પણ ભરતને રસ્તામાં 10 રુપિયા મળે તો પ્રક્રિયા.
- ચોર જેલમાંથી છટકે તો ક્રિયા. પણ હાથમાંથી હેન્ડલ છટકે તો પ્રક્રિયા.
- માણસ આમતેમ ફરે તો ક્રિયા. પણ માણસનું મગજ ફરે તો પ્રક્રિયા.

આવા ઉભયાર્થી ધાતુઓ ભાષામાં બધી ભાષાઓમાં પણ મળે. અંગ્રેજી ભાષાનો to open ધાતુ લઈએ.

The door opened. (પ્રક્રિયા)

Someone opened the door. (ક્રિયા)

ક્રિયા-પ્રક્રિયા વચ્ચેનો ભેદ વૈશ્વિક છે અને ગુજરાતી ભાષામાં એ સ્પષ્ટ રીતે દેખાય છે. ગુજરાતી ભાષાના સહાયકારી ત્રણ ધાતુઓ ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ દર્શાવે છેઃ કરવું (ક્રિયા), થવું (પ્રક્રિયા) અને હોવું (સ્થિતિ). દા.ત.

- ક્રિયા – એ ફોન પર ક્યારનો વાત કરે છે.
- પ્રક્રિયા – મારી એની સાથે વાત થઈ ગઈ છે.
- સ્થિતિ – એની વાત સાચી છે.

વાક્યમાં આમાંથી કોઈ એક પરિસ્થિતિનું સૂચન આખ્યાત દ્વારા થાય છે. એનો અર્થ એ કે ક્રિયાપદ કે આખ્યાત શબ્દ આપણે પરિભાષા તરીકે વાપરીએ ત્યારે એવું ન માનીએ કે એ કેવળ ક્રિયાને દર્શાવે છે. એ સ્થિતિ દર્શાવે, પ્રક્રિયા દર્શાવે અથવા ક્રિયા દર્શાવે એમ કહેવું ઉચિત રહેશે.

ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિને આપણે હવે જરા ઝીણવટથી સમજવાનો પ્રયાસ કરીશું. અહીં શરૂઆતમાં શ્રી.ક.પ્રા.ત્રિવેદીએ લખેલ એક વાક્ય ફરીથી રજૂ કરું છું. "ભાષ્યકાર (પતંજલી) કહે છે કે ક્રિયા એ (ક્રિયા) અત્યન્ત અપરિદૃષ્ટ છે – બિલકુલ દેખી શકાતી નથી." વાત સાચી છે. આપણે દુનિયામાં પદાર્થો જ જોઈએ છીએ. દા.ત. તરીકે "ઉપાડવું" એવી ક્રિયા. આ ક્રિયા કોઈ કરે ત્યારે આપણને સતત શું દેખાય છે? ઉપાડનાર વ્યક્તિ, એનો હાથ, ઉપાડાતી વસ્તુ અને જ્યાંથી તે ઉપાડાય છે તે સ્થાન એમ પદાર્થો જ દેખાય છે. આ ક્રિયા કરનાર વ્યક્તિ પણ છે જે હાથનો ઉપયોગ કરે છે. કોઈક સ્થાને રહેલ વસ્તુને હાથથી ઉપાડાય એટલે સ્થાન અને સ્થાનથી અલગ થતી વસ્તુ ઉપરની દિશામાં ગતિ કરતી હોય ત્યારે દરેક પળે આપણને વસ્તુ, સ્થાન અને વ્યક્તિનો હાથ જ દેખાય છે. એમની અનેક સાંક્રમિક અવસ્થાઓનો સરવાળો અને એના પરિણામ તરીકે વસ્તુ સ્થાનેથી અલગ થવી એ પરિણામની સ્થિતિ એટલે "ઉપાડવાની ક્રિયા" એમ એનું અનુમાન હોય છે. ક્રિયાને આપણે અનેક પદાર્થોની અનેક સ્થિતિઓ દ્વારા ઓળખીએ છીએ અને એનો ખ્યાલ મનમાં બાંધીએ છીએ. 'દોડવું' ક્રિયામાં દોડનારના હાથ-પગની અનેક સ્થિતિઓ અને સતત સ્થાનાંતરની સ્થિતિઓના સરવાળા તરીકે જાણીએ છીએ. સ્થાનાંતરની ગતિ વધુ હોય તો 'દોડવું' અને ઓછી હોય તો 'ચાલવું' એમ સમજીએ છીએ. ટૂંકમાં, ક્રિયાનો ખ્યાલ એની સાથે સંકળાએલ પદાર્થોની બદલાતી સ્થિતિઓને આધારે ઊભો થાય છે. (એમાં બીજી બાબતોનો પણ સમાવેશ થાય છે પણ એ અહીં એટલી પ્રસ્તુત નથી. કેવળ એક ઉદાહરણ તરીકે 'દોડવું' અને 'ભાગવું'

લઈએ. બેઉ દેખીતી રીતે એક જ ક્રિયા છે. દોડનારની માનસિક સ્થિતિ એમને અલગ બનાવે છે. **ભાગનાર** કશાકથી અથવા કોઈથી ભાગે છે, **દોડનારનું** એવું નથી. એ **લક્ષ્ય** તરફ દોડે છે.

પદાર્થોને આપણે સ્થિર તરીકે અથવા કોઈ સ્થિત્યંતરના ભાગ રૂપે જોઈએ છીએ. પદાર્થ જ્યારે એક સ્થિતિમાંથી અન્ય સ્થિતિમાં જાય છે ત્યારે તે દરમિયાનની સતત બદલાતા સ્થિત્યંતરને ક્રિયા અથવા પ્રક્રિયા કહેવાય છે. સ્થિતિ એ પદાર્થની સ્થિર પરિસ્થિતિ છે જ્યારે ક્રિયા કે પ્રક્રિયા એની ચલિત પરિસ્થિતિ છે. પદાર્થ કે પદાર્થોનું એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં સંક્રમણ સતત થયા કરે છે. પદાર્થનું એકમાંથી બીજામાં રૂપાંતર પણ થયા કરે છે. સંક્રમણની શરૂઆત એક પદાર્થથી થાય છે અને બીજી સ્થિતિમાં સ્થિત્યંતર થાય ત્યાં સુધીમાં એની સાથે બીજા પદાર્થો પણ જોડાય છે. એ બધાં સ્થિત્યંતરો અને જોડાતા પદાર્થો મળીને એક સમગ્ર ખ્યાલ રચાય એને ક્રિયા કે પ્રક્રિયા કહેવામાં આવે છે. દરેક ધાતુનો અર્થ પદાર્થો અને એમનાં સંક્રમણોનો બનેલો હોય છે. ભાષાના સંદર્ભે જોઈએ તો પદાર્થની સ્થિર પરિસ્થિતિ નામ કે વિશેષણ દ્વારા દર્શાવવામાં આવે છે અને એની સાથે સ્થિતિવાચક સહાયકારી ધાતુ (હોવું) જોડાય છે. ક્રિયા કે પ્રક્રિયા દર્શાવનાર ધાતુ હોય છે. જુઓ-

(1) અહીં બધાં વૃક્ષો લીલાંછમ છે. (વૃક્ષોની સ્થિતિ – એમનાં ગુણને દર્શાવેલ છે.) ('લીલાંછમ' એ વિશેષણ છે.)

(2) આ પાંચ આંબા મારા દાદાએ વાવ્યા હતા. (દાદા દ્વારા આંબાઓને વાવવાની ક્રિયા દર્શાવેલ છે.)('વાવવું' ધાતુ ક્રિયાદર્શક છે.)

(3) વાવાઝોડાથી બે ચીકુનાં ઝાડ પડી ગયાં. (આકસ્મિક કારણે બનેલ ઘટનાને દર્શાવેલ છે.) ('પડવું' પ્રક્રિયાદર્શક ધાતુ છે.)

નીચેની આકૃતિ પદાર્થની વિવિધ પરિસ્થિતિઓને સમજવામાં મદદરૂપ થશે.

સ્થિત્યંતરો

પદાર્થની સ્થિતિ (1) | >----- > ------- >-------> પદાર્થની સ્થિતિ (2)

જોડાતા પદાર્થ | 1........ 2 ........ 3...........4

(કાપવું ક્રિયા) આખો પદાર્થ કર્તા સાધન પદાર્થ પદાર્થની કપાએલી સ્થિતિ

ક્રિયા અને પ્રક્રિયા બન્ને ધાતુઓથી વ્યક્ત થાય છે અને બન્નેમાં સ્થિત્યંતરો હોય છે. ફરક એટલો હોય છે કે ક્રિયામાં સ્થિત્યંતર લાવનાર કોઈ વ્યક્તિ હોય છે અને પ્રક્રિયામાં સ્થિત્યંતર નૈસર્ગિક કે આકસ્મિક કારણસર થાય છે. એમાં વ્યક્તિના પ્રયત્ન કે ઇચ્છા હોતાં નથી. ક્રિયામાં જોડાનાર પ્રથમ પદાર્થ એ વ્યક્તિ હોય છે અને એ અન્ય પદાર્થોને એમાં જોડે છે. આ અન્ય પદાર્થો સાધન, અન્ય વ્યક્તિ, સ્થાન અને વસ્તુ હોય છે. પ્રક્રિયામાં જોડાનાર પ્રથમ પદાર્થ નૈસર્ગિક તત્ત્વ કે આકસ્મિક તત્ત્વ હોય છે. જેને પરિબળ કહેવાય છે પછી એમાં વસ્તુ, સ્થાન કે વ્યક્તિ આવી શકે છે.

ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ વચ્ચે ભેદ કરવાનું બીજું એક કારણ પણ છે. ભાષા આપણને એવી એક પ્રક્રિયા બતાવે છે જેમાં વ્યાકરણિક રીતો વડે ક્રિયામાંથી પ્રક્રિયા, પ્રક્રિયામાંથી ક્રિયા, અકર્મક ક્રિયામાંથી સકર્મક ક્રિયા, સ્થિતિમાંથી પ્રક્રિયા કે ક્રિયા થઈ શકે છે. અલબત્ત, આ બધા જ ધાતુઓના સંદર્ભમાં શક્ય છે એમ નથી. પણ ભાષાએ આ જોગવાઈ રાખી છે. નીચેનાં ઉદાહરણો જોઈએ એટલે ખ્યાલ આવશે.

1. સ્થિતિમાંથી પ્રક્રિયા- અ) તારા વાળમાં ઘણી ગૂંચ છે.
   બ) વાળ છૂટા રાખવાથી ગૂંચાય છે.

2.પ્રક્રિયામાંથી ક્રિયા - અ) અહીં એક લીમડો ઊગી ગયો હતો.
   બ) અમે અહીં એક લીમડો ઉગાડ્યો હતો.

3.ક્રિયામાંથી પ્રક્રિયા - અ) એણે બટાકા કૂકરમાં બાફ્યા.
   બ) બટાકા કૂકરમાં બફાઈ ગયા.

4.અકર્મકમાંથી સકર્મક ક્રિયા – અ) છોકરો ઘોડા પર બેઠો.
   બ) માલિકે છોકરાને ઘોડા પર બેસાડ્યો.

જેને વ્યાકરણમાં આપણે કર્મણિ પ્રત્યય કે પ્રેરક પ્રત્યય તરીકે ઓળખીએ છીએ એ પ્રત્યયો અનુક્રમે પ્રક્રિયાવાચી ધાતુ અને ક્રિયાવાચી ધાતુ બનાવનારા પ્રત્યયો છે. સ્થિતિ દર્શાવનાર નામ કે વિશેષણને કર્મણિ પ્રત્યય દ્વારા પ્રક્રિયાવાચી ધાતુમાં ફેરવી શકાય છે અને પ્રેરક પ્રત્યય દ્વારા ક્રિયાવાચીમાં (સકર્મક) ફેરવી શકાય છે. જુઓ –

1. ગૂંચ – ગૂંચવાવું (પ્રક્રિયા), - ગૂંચવવું (ક્રિયા)
2. ખીજ – ખીજવાવું (પ્રક્રિયા), - ખીજવવું (ક્રિયા)
3. લાલચ – લલચાવું (પ્રક્રિયા), - લલચાવવું (ક્રિયા)
4. શરમ – શરમાવું (પ્રક્રિયા), - શરમાવવું (ક્રિયા)

અત્યાર સુધી આપણે જે ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિની વાત કરી તે લગભગ ભૌતિક પરિસ્થિતિની હતી. જેમ ભાષા બાહ્ય વિશ્વની વાત કરે છે તેમ પોતાની માનસિક પરિસ્થિતિની પણ વાત કરે છે. માનસિક પરિસ્થિતિમાં પણ ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ એવો ભેદ શક્ય છે કે કેમ તે જોઈએ. અને ભાષામાં એ અભિવ્યક્ત થાય છે તો કેવી રીતે તે પણ જોઈએ. બાહ્ય પરિસ્થિતિમાં પદાર્થો અને એમનાં સ્થિત્યંતરો આપણે જોઈ શકીએ છીએ અને એમના ખ્યાલો રચીએ છીએ. અલબત્ત, ઘણી વાર માનસિક પરિસ્થિતિના પરિણામો બાહ્ય વર્તનમાં જણાય છે. એનો આધાર પણ અનુમાન માટે લઈ શકાય છે. અન્યથા માનસિક પરિસ્થિતિ એ રીતે સીધા તપાસનો વિષય બનતી નથી. એ બધી જ અમૂર્ત છે અને એમનું અનુમાન જ થાય છે. એવા સંજોગોમાં એમાં ક્રિયા, પ્રક્રિયા કે સ્થિતિના ભેદને કેવી રીતે સમજવા એ મુદ્દો છે. એક આધાર ભાષાનો વપરાશ છે. ભાષા-વપરાશમાં ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ વચ્ચે ભેદ જોવા મળે છે કે તે જોવું અને એ ભૌતિક પરિસ્થિતિને કેટલે સમાંતર છે એ જોઈએ તો સ્પષ્ટતા ઊભી થાય. નીચેનાં વાક્યો જોઈએઃ

1. અ) હું ચિંતામાં છું.
   બ) મને ચિંતા થાય છે.
   ક) તમે નકામી ચિંતા કરો છો.
2. અ) હું મજામાં છું.
   બ) મને મજા આવે છે.
   ક) હું મજા કરું છું.
3) અ) મારાં નણંદ એક નંબરના ઈર્ષાળુ છે.
   બ) મારાં નણંદને ઈર્ષા થાય છે.
   ક) મારાં નણંદ મારી બહુ ઈર્ષા કરે છે.

ઊપરનાં અ,બ,ક પ્રકારનાં વાક્યો જોતાં એમાં “હોવું”, “થવું/આવવું”, અને “કરવું” એવો ભેદ જોવા મળે છે. 1.અ. વાક્ય જોઈએ તો એમાં “ચિંતામાં હોવાનો” નિર્દેશ છે. “ચિંતા હોવી” એ માનસિક સ્થિતિ છે. સતત એક અભાન સ્થિતિ દર્શાવવા માટે સ્થિતિનો નિર્દેશ છે. આ સ્થિતિ કોઈ કારણસર, કોઈ પ્રસંગ, કે યાદને કારણે જાગ્રત થાય તો એ પ્રક્રિયા બને છે. પણ કોઈ બાબતે સભાન થઈને ચિંતાના કારણ-પરિણામ વગેરે વિશે વિચારવું એ ચિંતાની ક્રિયા છે. આમ ભાષકની સૂઝ અને વપરાશ દર્શાવે છે કે માનસિક પરિસ્થિતિમાં પણ ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિનો ભેદ કરી શકાય છે. એવું બની શકે કે ક્યાંક ભેદ “સ્થિતિ અને પ્રક્રિયા”નો હોય અને “ક્રિયા” શક્ય ન હોય. દા.ત.

4 અ) દાદા ભાનમાં નથી./ દાદાને ભાન નથી.
  બ) દાદા ભાનમાં આવ્યા./ દાદાને ભાન આવ્યું.

5 અ) એ છોકરાને જરાય અક્કલ નથી.
બ) એ છોકરાને હવે અક્કલ આવે તો સારું.

6 અ) છોકરી ખૂબ ઉત્સાહી છે.
બ) છોકરી ઉત્સાહમાં આવીને કામ કરે છે.

ક્યારેક સહાયકારી ધાતુઓ પણ આપણને મદદ કરે છે. જેમકે,

7 અ) તને આ વાત ખબર હતી?
બ) તને વાતની ખબર પડી?

"ખબર હોવી, ખબર પડવી, ખબર રાખવી; સમજ પડવી, પીડા થવી" વગેરેમાં સહાયકારી ધાતુઓ બતાવે છે કે એ સ્થિતિ છે, ક્રિયા છે કે પ્રક્રિયા છે.

માનસિક પરિસ્થિતિમાં અભાન સ્થિતિ, સભાન અનુભવ (જાગૃતિ) અને સભાન પ્રયત્ન એવા ભેદ જોવા મળે છે એટલે માનસિક પરિસ્થિતિમાં પણ સ્થિતિ, પ્રક્રિયા અને ક્રિયાના ભેદ દર્શાવવા ભાષાની વ્યવસ્થાને અનુરૂપ છે. એવું ન કરીએ તો કદાચ નીચેનાં વાક્યોમાં પણ કર્તા માનવાનો દોષ આવશે.

- મારા બૉસ એમનાં પત્નીથી ગભરાય છે.
- તમારી વાતની મને ખૂબ તકલીફ થાય છે.
- મને હવે પસ્તાવો થાય છે.

વાક્યમાં નિરૂપાતી પરિસ્થિતિના ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ એવા ભેદો વાક્યમાં આવતાં નામોના કારકત્વની સ્પષ્ટતા કરે છે. વાક્યમાં બધે જ ક્રિયા માનવાથી કારકો અંગે ગૂંચ રહેવાની પૂરેપૂરી શક્યતા છે. ઉપરના પ્રથમ વાક્યમાં કર્તાની શક્યતા ન હોવા છતાં એમાં ક્રિયા માનીએ તો 'બૉસ' કે 'પત્ની' બેમાંથી એકને કર્તા ગણીને ચાલવું પડે. આ વાત ભાષકની સૂઝની વિરુદ્ધ છે. આ વાક્યમાં ભાષકના મનમાં ક્રિયા નહીં પણ માનસિક અનુભવ (પ્રક્રિયા)ની વાત કરે છે. 'ગભરાવું' એ ક્રિયા નથી પણ માનસિક પ્રક્રિયા છે. એવી જ રીતે 'તકલીફ થવી' 'પસ્તાવો થવો' એ પણ પ્રક્રિયા છે. બીજા અને ત્રીજા વાક્યમાં પણ 'મને' કર્તા ગણવાની ભૂલ ન કરાય. ટૂંકમાં, ક્રિયા-પ્રક્રિયા-સ્થિતિનો ભેદ ક્રિયાપદને સમજવામાં અને એની સાથે સંલગ્ન કારકોને અને વિભક્તિને સ્પષ્ટ રીતે સમજવામાં મદદ કરે છે.

ઘણી વાર વ્યાકરણોમાં કર્તા અને ઉદ્દેશ્ય બન્ને માટે કર્તા એવો શબ્દ વપરાતો જોવા મળે છે. એનું કારણ પણ એ જ છે કે દરેક ધાતુ અને પરિણામે દરેક વાક્ય ક્રિયા દર્શાવે છે. યાદ રહે કે કર્તા એ અર્થગત ભૂમિકા છે જેને આપણે કારક કહીએ છીએ. કર્તા એ ક્રિયાનો કરનાર છે. જ્યારે ઉદ્દેશ્ય એ રચનાગત ભૂમિકા છે. વાક્યની રજૂઆત કર્તાના પરિપ્રેક્ષ્યથી થઈ હોય તો કર્તા ઉદ્દેશ્ય બને છે. વાક્યમાં ક્રિયાનો નિર્દેશ હોય અને સ્વાભાવિક રીતે ઉદ્દેશ્ય પણ કર્તા હોઈ શકે છે. પરંતુ, ક્યારેક કર્તાને બદલે કર્મને પણ ઉદ્દેશ્ય બનાવી શકાય છે. જ્યારે કર્તા ઉદ્દેશ્ય હોય છે ત્યારે વાક્ય કર્તરિ હોય છે અને જ્યારે કર્મ ઉદ્દેશ્ય હોય છે ત્યારે વાક્ય કર્મણિ હોય છે. ઉદ્દેશ્ય એટલે વાક્યરચનાનું પરિપ્રેક્ષ્ય હોય છે. વાક્ય કર્તાના પરિપ્રેક્ષ્યથી કે કર્મના પરિપ્રેક્ષ્યથી રજૂ કરી શકાય છે. સામાન્ય રીતે ઉદ્દેશ્યનો સંકેત જે તે નામપદ સાથે આખ્યાતના પદસંવાદથી થાય છે. (સામાન્ય ભાષામાં એને ક્રિયાપદ જે નામ પ્રમાણે ચાલે તે ઉદ્દેશ્ય કહેવાય.) કર્તા અને ઉદ્દેશ્ય અલગ ખ્યાલો છે. દરેક વાક્યમાં ઉદ્દેશ્ય હોય પરંતુ દરેક વાક્યમાં કર્તા ન હોય. સ્વાભાવિક રીતે ક્રિયાવાચી વાક્યમાં કર્તા ઉદ્દેશ્ય બને છે અને કોઈ કારણસર એ ઉદ્દેશ્ય ન બને તો કર્મને ઉદ્દેશ્ય બનાવી શકાય છે. પ્રક્રિયાવાચી વાક્યમાં કર્તા હોતો નથી એટલે કર્મ જ ઉદ્દેશ્ય બને છે. સ્થિતિવાચી વાક્યમાં તટસ્થ નામ ઉદ્દેશ્ય બને છે. ક્રિયાવાચી વાક્યોમાં જ કર્તરિ અને કર્મણિ ભેદ શક્ય છે. પ્રક્રિયા કે સ્થિતિવાચી વાક્યોમાં એવો ભેદ હોતો નથી. નીચેનાં વાક્યોમાં એ વાત સ્પષ્ટ છે.

1. પોલીસ ચોર પાછળ દોડે છે. (અકર્મક ક્રિયા – કર્તા ઉદ્દેશ્ય)
2. બા પડોશીને બોલાવે છે. (સકર્મક ક્રિયા – કર્તા ઉદ્દેશ્ય)
3. નગરપાલિકા દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. (સકર્મક – કર્મણિ – કર્મ ઉદ્દેશ્ય)
4. મારા પગ દુખે છે. (પ્રક્રિયા – કર્મ ઉદ્દેશ્ય)
5. ઘરમાં બે જ માણસ હતા. (સ્થિતિ – તટસ્થ ઉદ્દેશ્ય)

કર્તા, કર્મ, તટસ્થ સિવાયનાં કારક દર્શાવતાં નામો ઉદ્દેશ્ય થતાં નથી.

આ પ્રકરણમાં આપણે ક્રિયાપદ, આખ્યાત અને ધાતુ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો તેમજ ક્રિયા અને પ્રક્રિયા વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ કર્યો. અંતે કર્તા અને ઉદ્દેશ્ય વચ્ચે પણ ભેદ સ્પષ્ટ કર્યો. હવે ધાતુઓ વિશે વધુ વાત આવતા પ્રકરણમાં કરીશું.

-----------------

# પ્રકરણ 2

# ધાતુના પ્રકારો

અત્યાર સુધી ધાતુ કે આખ્યાત દ્વારા વ્યક્ત થતા અર્થોની વાત કરી, જેમાં ક્રિયાપદ દ્વારા ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ વ્યક્ત થાય છે એની સ્પષ્ટતા કરવામાં આવી. હવે આ બધાના પેટા પ્રકારો જોઈએ. પારંપરિક રીતે ક્રિયાના મુખ્ય બે ભેદ કરવામાં આવે છેઃ સકર્મક ક્રિયા અને અકર્મક ક્રિયા. ત્યારબાદ સકર્મકના સકર્મક અને દ્વિકર્મક એવા ભેદ કરવામાં આવે છે. આ ભેદ જેમ પારંપરિક વ્યાકરણો દ્વારા સ્વીકારવામાં આવ્યા છે એવી રીતે ભાષાવિજ્ઞાન દ્વારા પણ સ્વીકારવામાં આવ્યા છે.

અકર્મક, સકર્મક અને દ્વિકર્મક ક્રિયાપદોનાં (અર્થાત્, એ દર્શાવતા ધાતુઓનાં) ઉદાહરણો નીચે મુજબ છેઃ

અકર્મકઃ નાચવું, દોડવું, ઊડવું, પહોંચવું, આવવું, જવું.
સકર્મકઃ લખવું, કાપવું, તોડવું, વઢવું, છોડવું, ફેંકવું.
દ્વિકર્મકઃ આપવું, પૂછવું, કહેવું, ચખાડવું, ચૂકવવું, ચીંધવું.

કોઈ પણ ક્રિયા, પ્રક્રિયા કે સ્થિતિનો ખ્યાલ એની સાથે જોડાએલાં પદાર્થો અને વ્યક્તિઓથી આવતો હોય છે. એક ક્રિયા બીજી ક્રિયાથી એની સાથે જોડાતાં પદાર્થો અને વ્યક્તિઓનાં સ્વરૂપ અને એમની ભૂમિકાથી અલગ પડતી હોય છે. ક્રિયા સાથે જોડાતા પ્રમુખ બે કારકો – કર્તા અને કર્મ – એમને આધારે ઉપરના પ્રકાર પાડવામાં આવ્યા છે. ક્રિયા કહીએ એટલે એમાં કર્તા સૌથી આવશ્યક કારક છે. કર્તા વિના ક્રિયા શક્ય નથી. એટલે દરેક ક્રિયામાં કર્તા હોય જ. ક્રિયાને પ્રક્રિયાથી અલગ પાડવા માટે કર્તા કારકનો ઉપયોગ છે. ક્રિયામાં કર્તા આવશ્યક અને પ્રક્રિયામાં કર્તા ન હોય એ રીતે બે મુખ્ય પ્રકાર નક્કી થાય. પરંતુ ક્રિયાના પ્રકાર કરવા માટે અગત્યનો કારક કર્મ છે. જે ક્રિયામાં કર્મ ન હોય તે અકર્મક ક્રિયા, જેમાં કર્મ હોય તે સકર્મક ક્રિયા અને જેમાં કર્મ અને ગ્રાહક (ગૌણ કર્મ) બે હોય તે દ્વિકર્મક ક્રિયા. ઉપર આપેલાં ધાતુઓનાં ઉદાહરણોમાં સ્પષ્ટ છે અકર્મક ધાતુઓ “નાચવું” વગેરે સાથે કર્મ શક્ય નથી; સકર્મક ધાતુઓ “લખવું” વગેરે સાથે કર્મ આવે છે, અને “આપવું” વગેરે ધાતુઓ સાથે કર્મ ઉપરાંત ગ્રાહક (ગૌણ કર્મ) આવે છે. જે તે પ્રકારમાં કર્તા કારક સાથે કર્મની ઉપસ્થિતિ અને કર્મ અને ગ્રાહકની ઉપસ્થિતિ આવશ્યક છે જે બાબતનો આધાર લઈને એમના અલગ પ્રકાર કરવામાં આવે છે.

1) ક્રિયાવાચી ધાતુઓના ત્રણ પ્રકાર – અકર્મક, સકર્મક અને દ્વિકર્મક
   સકર્મક ધાતુના એમની સાથે આવતા કર્મના પ્રકારને આધારે બે પ્રકાર કરી શકાય છે.
   સકર્મક ધાતુ –

1. અચેતન કર્મ લેતા ધાતુ દા.ત.
   આરોગવું, આટોપવું, વાંચવું, લખવું,

યાદીઃ

**ક્રિયાવાચી – સકર્મક – કેવળ અચેતન કર્મ લેનારા ધાતુઓઃ**

અજવાળવું, અઢેલવુ, અથડાવવું, અફાળવું, અવધારવું, અવરોધવું, અવલોકવું, અવેરવું, આચકવું/આંચકવું, આચ્છાદવું, આટોપવું, આણવું, આથવું, આદરવું, આમળવું, આરંભવું, આરોગવું, આરોપવું, આલાપવું, આલેખવું, આવરવું, આસ્વાદવું, આંકવું, આંજવું, આંટવું, ઈચ્છવું, ઉકેલવું, ઉખેડવું/ઉખાડવું, ઉગાડવું, ઉગામવું, ઉઘરાવવું, ઉઘાડવું, ઉચ્ચારવું, ઉજાડવું, ઉચ્છેદવું, ઉછાળવું, ઉઠાવવું, ઉતેડવું, ઉથાપવું, ઉધારવું, ઉપજાવવું, ઉમેરવું, ઉલ્લંઘવું, ઉલાળવું, ઉલેચવું, ઉલ્લેખવું, ઉશેટવું, ઊજવવું, ઊટકવું, ઊપણવું, ઊસપવું, ઊંજવું, ઓકવું, ઓગાળવું, ઓટવું, ઓઢવું, ઓરવું, ઓલવવું, ઓળવવું, ઓળવું, ઓળંગવું, કકડાવવું, કચરવું, કબૂલવું, કમાવું/કમાવવું, કલ્પવું, કસવું, કહેવું, કંડારવું, કાઢવું, કાતરવું, કાલવવું, કાંતવું, કૂટવું, કોચવું, કોતરવું, કોરવું, ખડકવું, ખણવું, ખતવવું, ખમણવું, ખમવું, ખરચવું, ખરડવું, ખરીદવું, ખલવું, ખસેડવું, ખંગાળવું, ખંજવાળવું, ખાલવવું, ખાટવું, ખાંડવું, ખૂંચવવું, ખૂંદવું, ખેરવવું, ખેંચવું, ખોડવું, ખોતરવું, ખોદવું, ખોરવવું, ખોલવું, ખોસવું, ગજવવું, ગણવું, ગણગણવું, ગબડાવવું, ગાડવું, ગાવું, ગાળવું, ગુજારવું, ગુણવું, ગૂંથવું, ગૂંદવું, ગોખવું, ગોઠવવું, ગોડવું, ઘટાડવું, ઘસડવું, ઘસવું, ઘાલવું, ઘુમેડવું, ઘુસાડવું/ઘુસેડવું, ઘૂંટવું, ઘોચવું, ઘોળવું, ચકાસવું, ચડવું, ચણવું, ચપાટવું, ચરવું, ચર્ચવું, ચાખવું, ચાટવું, ચાવવું, ચાળવું, ચાંપવું, ચીતરવું, ચીરવું, ચીંધવું, ચૂકવવું, ચૂસવું, ચૂંટવું, ચેડવવું, ચેતવવું, ચોંટાડવું, ચોપડવું, ચોરવું, ચોળવું, છડવું, છાપવું, છાંટવું, છીણવું, છૂંદવું, છેકવું, છેડવું, છેદવું, છોલવું, જગવવું, જડવું, જપવું, જમવું, જાળવવું, જીતવું, જોખવું, જોગવવું, જોડવું, ઝબકોળવું, ઝંખવું, ઝાપટવું, ઝારવું, ઝીકવું/ઝીંકવું, ઝીલવું, ઝૂટવવું, ટપકાવવું, ટાંકવું, ટાંગવું, ટાંચવું, ટીચવું, ટીપવું, ટૂંપવું, ટેકવવું, ઠારવું, ઠાલવવું, ઠાંસવું, ઠેકવું, ઠોકરાવવું, ઠોકવું, ઠોંસવું, ડખોળવું/ડહોળવું, ડબોળવું, ડામવું, ઢસરડવું/**ઢસડવું**, ઢાળવું, ઢાંકવું, ઢીંચવું, ઢોળવું, તફડાવવું, તળવું, તાણવું, તારવવું, તાવવું, તોડવુ, થથેડવું, થૂકવું/થૂંકવું, દપેટવું, દર્શાવવું, દળવું, દાખવવું, દાટવું, દાબવું, દેખાડવું, દેવું, દોરવું, દોહવું, ધખાવવું, ધરબવું, ધરવું, ધરાવવું, ધારવું, ધીરવું, ધોવું, ધોળવું, નાખવું, નિખારવું, નિગાળવું/નીંગાળવું, નિચોવવું, નિતારવું, નિરૂપવું, નિર્મવું, નિવારવું, નીપટવું, નીરવું, નોધવું, પકવવું, પખાળવું, પરોવવું, પહેરવું, પાઠવવું, પાથરવું, પામવું, પીરસવું, પીલવું, પીસવું, પીંજવું, પૂછવું, ફરકાવવું, ફરમાવવું, ફાકવું, ફાડવું, ફાળવવું, ફીણવું, ફુલાવવું, ફૂંકવું, ફેટવું, ફેડવું, ફેંકવું, ફેંદવું, ફોલવું, બકવું, બજાવવું, બઝાડવું, બાફવું, બિછાવવું, બીડવું, બોટવું, બોલવું, બોળવું, ભણવું, ભપકાવવું, ભભરાવવું, ભાખવું, ભાગવું, ભાંગવું, ભાંડવું, ભૂંજવું, ભૂંસવું, ભેળવવું, ભોગવવું, ભોંકવું, મચડવું, મમળાવવું, મરડવું, માગવું, માણવું, માનવું, માપવું, માંજવું, રચવું, રટવું, રંગવું, રાંધવું, રેખવું, રેડવું, રોડવવું, લખવું, લપેટવું, લંબાવવું, લાદવું, લાવવું, લીંપવું, લૂછવું, લેવું, વગાડવું, વઘારવું, વટાવવું, વલૂરવું, વલોવવું, વહેરવું, વહેંચવું, વહોરવું, વાટવું, વાઢવું, વાપરવું, વાવવું, વાસવું, વાળવું, વાંચવું, વિખેરવું, વિચારવું, વેતરવું, વેંઢારવું, શીખવું, શેકવું, શોષવું/ સોસવું, સજાવવું, સમારવું, સરકાવવું, સરખાવવું, સર્જવું, સંકેલવું, સંઘરવું, સંતોષવું, સંહરવું, સંયોજવું, સાધવું, સારવવું, સાંધવું, સીવવું, સીંચવું, સુણવું, સુલટાવવું, સૂકવવું, સચવવું, સેવવું, સ્થાપવું, હરવું, હલેસવું, હંકારવું, હુલાવવું, હોલવવું.

**ક્રિયાવાચી – સકર્મક ધાતુઓ – અચેતન કર્મ હોવા છતાં (-ને) પ્રત્યય લેનારા**

અડકવું, અડવું, અઢેલવું, આંબવું, ગુણવું, ચોપડવું, છેદવું (ગણિતમાં 'રેખા'), જોડવું, લપેટવું (?), વીંટવું, સ્પર્શવું.

2. ચેતન કર્મ લેતા ધાતુ દા.ત.
   અનુસરવું, દૂભવવું, સતાવવું

યાદીઃ

**માત્ર ચેતન કર્મ લેનારા ધાતુઓઃ**

આભડવું, આમંત્રવું, આરાધવું, આંતરવું, ઉગારવું, ઉઠાડવું, ઉપદેશવું ઉશ્કેરવું, ઊંઘાડવું, ઓળખવું, કકળાવવું, કનડવું, કરડવું, કોસવું, ખદેડવું, ગોવવું, ચટકવું, ચીડવવું, ચૂંટવું, ચેતવવું, ચોંટવું, છેડવું, છેતરવું, જકડવુ, જણવું, ઝૂડવું, ટપારવું, ટાંકવું, ટોકવું, ઠગવું, ડંખવું, ડારવું, ઢીબવું, તગેડવું, તડકાવવું, તંતરવું તારવું, તાંતરવું, તેડવું, થકવવું, થાબડવું, દબડાવવું, દંડવું, દંશવું, દૂભવવું, દોરવવું, ધકાટવું, ધમકાવવું, ધવડાવવું, ધાવવું, ધીબવું, ધુત્કારવું, ધૂતવું, ધોકાટવું, નાથવું, નિમંત્રવું, નવાજવું/નિવાજવું, નિંદવુ, નીમવું, નોતરવું, પજવવું, પટાવવું, પડકારવું, પરણવું, પાળવું, પીટવું, પૂજવું, પોસવું/પોષવું, પ્રાર્થવું, પ્રેરવું, ફટકારવું, ફટવવું, ફાંસવું, બક્ષવું, બાઝવું, બિરદાવવું, ભજવું, ભરમાવવું, ભેટવું, ભોળવવું, મનાવવું,મળવું, મંતરવું, રહેંસવું, રંજાડવું, લજવવું, લડવું, લલચાવવું, લેખવું, વખાણવું, વગાડવું, વગોવવું, વટલાવવું, વતાવવું, વધાવવું, વરવું, વારવું, વિતાડવું, વીનવવું, સતાવવું, સત્કારવું, સરાવવું, સરાહવું, સંડોવવું, સંબોધવું, સ્મરવું, હણવું.

3. ચેતન અથવા અચેતન કર્મ લેતા ધાતુ. દા.ત.

   અડકવું, છોડવું, પરખવું,

યાદીઃ

**ચેતન અથવા અચેતન કર્મ લેનારા ધાતુઓઃ**

અજમાવવું, અટકાવવું, અડકવું, અનુસરવું, અપનાવવું, અવગણવું, આકર્ષવું, આચકવું/આંચકવું, આપવું, આવકારવું, ઉછેરવું, ઉતારવું, ઉથલાવવું, ઉપાડવું, ઊચકવું, કેળવવું, ખોવું, ગુમાવવું, ગોતવું, ઘેરવું, ચૂંથવું (?) છાવરવું, છીનવવું, છુપાવવું, છોડવું, જણવું, જોડવું, જોવું, ઝડપવું, ઝાટકવું, ઝાલવું, ટકોરવું, ટાળવું, ટીપવું, તજવું/ત્યજવું, તપાસવું, તાકવું, દફનાવવું, દુખાડવું, નાણવું, નિભાવવું/નભાવવું, નીરખવું, પકડવું, પછાડવું, પટકવું, પરખવું, પલાળવું, પાડવું, પારખવું, પીંખવું, ફસાવવું, ફેરવવું, બગાડવું, બતાવવું, બદલવું, બાંધવું, બેસાડવું, બોડવું, ભેરવવું, મારવું, મૂકવું, મૂંડવું, મેળવવું, મોકલવું, રક્ષવું, રોકવું, લાવવું, લૂટવું, વળગવું, વીસરવું, વીંધવું, વેઠવું, શોધવું, સમજવું, સમાવવું, સહેવું, સંતાડવું, સંભારવું, સંભાળવું, સાચવવું, સાંકળવું, સાંખવું, સાંભળવું, સુધારવું, સોંપવું, સ્વીકારવું, સ્પર્શવું, હડસેલવું, હાંકવું.

આ પ્રકાર અલગ પાડવાનું વ્યાકરણિક કારણ છે. અચેતન કર્મ શૂન્ય વિભક્તિ પ્રત્યય લે છે જ્યારે ચેતન કર્મ -ને વિભક્તિ પ્રત્યય લે છે. એટલે ધાતુઓનું વર્ગીકરણ કરતી વખતે એમને અલગ વર્ગમાં મૂકેલ છે. જે ધાતુઓ અપવાદરૂપ છે એમને અલગથી દર્શાવ્યા છે.

સકર્મક ધાતુની સાથે કર્તા, કર્મ, ગ્રાહક કારકો આવશ્યક કારકો તરીકે આવતા હોય તેમ કેટલાક કારકો વૈકલ્પિક કારકો તરીકે પણ આવે છે એમને પણ ધાતુઓના અલગ વર્ગમાં મૂકી શકાય.

4.સાધન કારક લેતા ધાતુ દા.ત.

   કાપવું, કોતરવું, ખોદવું

યાદીઃ

**ક્રિયાવાચી સકર્મક ધાતુઓ – કર્તા, કર્મ, સાધન કારક લેનારા અને શૂન્ય, શૂન્ય અને (-થી) વિભક્તિ ધરાવતા ધાતુઓઃ**

અજવાળવું, અડકવું, અડવું, આંજવું, ઉપસાવવું, ઉલેચવું, કાતરવું, કાપવું, કાંતવું, કૂટવું, કોચવું, ગાળવું, ઘસવું, ચાળવું, ચાંપવું, ચીતરવું, ચોંટાડવું, છીણવું, છૂંદવું, છેકવું, છેડવું, છોલવું, જકડવું, ઝાલવું, ટીચવું, ટીપવું, ઠોકવું, ધોવું, નવાજવું, પકડવું, ફટકારવું, ફોટવું, ફેટવું, બાંધવું, ભાંગવું, મારવું, રહેંસવું, વહેરવું, વાઢવું, વિભાગવું, સાંધવું, દાબવું, ટોચવું, દબાવવું, ભૂંસવું, લૂછવું, તોડવું, સીવવું, લખવું, લીંપવું, રંગવું.

5.સ્થાન કારક લેતા ધાતુ દા.ત.

આંજવું, ખડકવું, ફેંકવું

યાદીઃ

**ક્રિયાવાચી સકર્મક ધાતુઓ – કર્તા, કર્મ, સ્થાન કારક ધરાવતા અને શૂન્ય, શૂન્ય અને (-માં) વિભક્તિ લેનારા.**

આંજવું, ઉકાળવું, ઉગાડવું, ઓગાળવું, કાલવવું, ખડકવું, ખતવવું, ખસેડવું, ખાલવવું, ખાંડવું, ખોડવું, ખોસવું, ગાંઠવું, ગોઠવવું, ઘાલવું, ઘુસાડવું, ઘોચવું, ઘોળવું, ઝબકોળવું, ટપકાવવું, ટોકવું, ઠાલવવું, ઠાંસવું, ઠોંસવું, ડબોળવું, ઢાળવું, તળવ◌ું◌ં, થૂ◌ંકવું, દળવું, દાટવું, ધરબવું, નાખવું, નિમંત્રવું, નીમવું, નોંધવું, પરોવવું, પલાળવું, પીલવું, પીસવું, પ્રયોજવું, ફેંકવું, બેસાડવું, ભૂંજવું, ભેળવવું, મૂકવું, રાખવું, રાંધવું, રાખવું રોપવું, લખવું, વાવવું, શેકવું, શોધવું, સમાવવું, સરકાવવું, હુલાવવું.

**ક્રિયાવાચી સકર્મક ધાતુઓ – કર્તા, કર્મ, સ્થાન કારક ધરાવતા અને સ્થાન કારક –પર, -એ, પ્રત્યયથી દર્શાવતા.**

**-પર લેનારા**

અફાળવું, ઉતારવું, ઓઢાડવું, ગોઠવવું, ઘૂસવું, ચોંટાડવું, ટોપડવું, છાપવું, છાંટવું, જડવું, ટપકાવવું, ટાંગવું, ઢોળવું, થૂકવું, નાખવું, પછાડવું, પાથરવું, ફરકાવવું, ફેરવવું, ફેંકવું, બિછાવવું, બેસાડવું, મૂકવું, રાખવું, રેખવું, લખવું, લપેટવું, લાદવું, શેકવું.

**-એ લેનારા**

ઉધારવું, ઘસવું, ચોપડવું, ચોળવું, ટેકવું, નાખવું, પહેરવું, રાખવું.

6. ઉદ્ગમ કારક લેતા ધાતુ. દા.ત.

ઉપાડવું, તગેડવું, ખેંચવું

યાદીઃ

**ક્રિયાવાચી સકર્મક ધાતુઓ – કર્તા, કર્મ, ઉદ્ગમ કારક ધરાવનારા અને ઉદ્ગમને –થી, -માંથી, અને –પરથી પ્રત્યયોથી દર્શાવનારા**

**-થી લેનારા**

તગેડવું, લાવવું.

**<u>-માંથી લેનારા</u>**

ઉગારવું, ઉપજાવવું, ઉપાડવું, ઉલેચવું, કંડારવું, ખરીદવું, ખસેડવું, ખાલવવું, ખેંચવું, ઘડવું, તગેડવું, તારવવું, લાવવું.

**<u>-પરથી લેનારા</u>**

ઉખેડવું, ઉઠાડવું, ઉડાડવું, ઉપજાવવું, ઉપાડવું, ખસેડવું, ખેરવવું, ખેંચવું, તોડવું, પાડવું, ફેરવવું, ભૂંસવું, રચવું, લેવું.

**<u>-પાસેથી લેનારા</u> (ચેતન ઉદ્ગમ)**

આચકવું, ઉઘરાવવું, ઓળવવું, ખરીદવું, ખંખેરવું, ખૂંચવવું, ખેંચવું, તફડાવવું, પડાવવું, લાવવું, સંહરવું, હરવું.

**<u>-પાસે લેનારા</u>** (ચેતન ઉદ્ગમ) (આને ગૌણ કર્મ કહી શકાય)

જાણવું, સમજવું, યાચવું, માગવું, શીખવું, ભણવું.

7. ક્રિયાવાચી – કર્તા, કર્મ અને ગ્રાહક (ગૌણ કર્મ) લેનારા ધાતુઓ. આ ધાતુઓને દ્વિકર્મક ધાતુઓ એમ પણ કહેવાય છે. દા.ત આપવું, સોંપવું

યાદીઃ

અડાડવું, અર્પવું, આપવું, કહેવું, ચીંધવું, ચૂકવવું, દર્શાવવું, દાખવવું, દેવું, ધરાવવું, ધીરવું, નીરવું, પરખાવવું, પાઠવવું, પીરસવું, પૂછવું, ફાળવવું, બઝાડવું, બતાડવું/બતાવવું, ભાંડવું, ભોંકવું, મારવું, મોકલવું, વધેરવું, વહેંચવું, વેચવું, સૂચવવું, સોંપવું.

ચોપડવું, ચોંટવું (વૈકલ્પિક રીતે સ્થાન તરીકે આવે છે.)

<u>સહકર્તા કે સહકર્મ હોય ત્યારે -સાથે- નામયોગી લેનારા ધાતુઓઃ</u>

અથડાવવું, જોડવું, મોકલવું, મેળવવું, મૂકવું, પરણવું, બોલવું, લડવું, ઝગડવું, બાઝવું, સરખાવવું, સાંકળવું,

આ વર્ગોના પેટા વર્ગો એમની સાથે આવતા વૈકલ્પિક કારકો કયા વિભક્તિ પ્રત્યયો લે છે એને આધારે કરી શકાય છે. જેમકે, સ્થાન કારક -માં અથવા -પર પ્રત્યય લે છે, ઉદ્ગમ કારક

-થી, -માંથી, પ્રત્યય અને પાસે અથવા પાસેથી એવા નામયોગી લે છે. એમને અલગ દર્શાવવાનો પણ કર્યો છે. એટલે ધાતુ સાથે આવતા કારકોનો આધાર લીધો છે. એ કારકો જે વિભક્તિઓ કે નામયોગી લે છે એનો પણ આધાર લીધો છે.

નીચેનાં ધાતુઓના સંદર્ભે પદસંવાદનો અપવાદ જણાય છે. સામાન્ય રીતે સકર્મક ધાતુ હોય ત્યારે ભૂતકાળ અને પૂર્ણાવસ્થામાં પદસંવાદ કર્તા સાથે લિંગવચનનો હોય છે. પરંતુ નીચેના ધાતુઓના સંદર્ભે એવું થતું જોવા મળતું નથી.

અનુસરવું, અડકવું, અડવું, અઢેલવું, કનડવું, કમાવવું, કરડવું, ચટકવું, જમવું, જીતવું, તરવું, પરણવું, પામવું, બકવું, બાઝવું, બોલવું, ભણવું, ભેટવું, મળવું, લાવવું, વઢવું, વરવું, વળગવું, વીસરવું, શીખવું, સમજવું, હારવું.

<u>નીચેના ધાતુઓનું કર્મણિ રૂપ થતું નથી.)</u>

અઢેલવું, અથડાવવું, અર્પવું, અવધારવું, અવેરવું, આચકવું, આચ્છાદવું, આણવું, આમળવું, આરાધવું, આવરવું, આસ્વાદવું, આંચકવું, આંબવું, ઇચ્છવું, ઉચ્છેદવું, ઉલાળવું, ઉલ્લેખવું, ઊપણવું, ઊસપવું, ઊંજવું, ઓકવું, ઓળવવું, કચરવું, કરડવું, કલ્પવું, કાલવવું, કોચવું, કોરવું, ખલવું, ખંખોળવું, ખીલવવું, ખૂંદવું, ખોળવું, ગણગણવું, ગાડવું, ગુજારવું, ગૂંદવું, ગોવવું, ઘોંચવું, ચટકવું, ચપાટવું, ચરવું, ચાટવું, ચીજવવું, છાંડવું, જગવવું, જણવું, જપવું, જોગવવું, ઝંખવું, ઝાટકવું, ઝાપટવું, ઝારવું, ઝૂટવવું, ટકોરવું, ટાળવું, ટાંચવું, ઠારવું, ઠાંસવું, ડંખવું, ડામવું, ડારવું, ઢસરડવું, તાકવું, તારવું, તાવવું, તાંતરવું, થકવવું, થથેડવું, થાબડવું, દપેટવું, દંશવું, દીપાવવું, ધકાટવું, ધરબવું, ધરવું, ધારવું, ધાવવું, ધોકાટવું, નાણવું, નાથવું, નિખારવું, નીંગાળવું, નિમંત્રવું, નવાજવું, નીરવું, પકવવું, પંખાળવું, પરખાવવું, પાઠવવું, પ્રાર્થવું, ફાંસવું, ફેટવું, પકવવું, બક્ષવું, ભપકાવવું, યાચવું, રહેંસવું, રેખવું, રોડવવું, વતાવવું, વલૂરવું, વારવું, સંહરવું, સાંખવું, સુણવું, સ્પર્શવું, હરવું, હલેસવું.

**ક્રિયાવાચી અકર્મક ધાતુઓઃ**

**<u>માત્ર કર્તા લેનારા ધાતુઓઃ</u>**
અમળાવું, અંઘોળવું, ખમચાવું, ખાંસવું, ખેલવું, ગર્જવું, ગહેકવું, ગાજવું, ઘૂઘવવું, ઘૂમવું, ચગવું, જંપવું, જમવું, જાગવું, ઝપવું, ટહૂકવું, થનગનવું, ધપવું, ધૂણવું, નમવું, નીવડવું, બબડવું, ભાંભરવું, મચવું, મથવું, મરકવું, મલકવું, મંડવું, રડવું, રોવું, શરમાવું, હીંચવું.
(અંઘોળવું, ખેલવું, ગાજવું, ઘૂમવું, ચગવું વૈકલ્પિક રીતે સ્થાન કારક લેતા હોય છે.) (ધપવું અને નમવું ધાતુ અનુક્રમે આગળ અને નીચે એવાં નામો લેતાં હોય છે.)

**અપવાદ - અકર્મક હોવા છતાં ભૂતકાળમાં કર્તા મુજબ પદસંવાદ ન દર્શાવતા ધાતુઓઃ**
ઝંપલાવવું

**વિકલ્પે લક્ષ્ય–કર્મ લેતા ધાતુઓઃ**
કૂદવું, ઊતરવું, ચડવું, જવું, આવવું, જમવું, તરવું, બબડવું, રમવું.
પહોંચવું (આવશ્યક રીતે લક્ષ્ય–કર્મ લે છે પરંતુ ભૂતકાલીન રચનામાં કે પૂર્ણાવસ્થામાં એ સકર્મક ધાતુની જેમ પદસંવાદ દર્શાવતો નથી કે કર્તા –એ પ્રત્યય લેતો નથી.)

**<u>કર્તા, સ્થાન ધરાવતા ધાતુઓઃ</u>**

**<u>-માં પ્રત્યય લેનારા ધાતુઓઃ</u>**
અઘવું, અટવું, આવવું, ઊડવું, જવું, ડૂબવું, તરવું, દોડવું, નાહ્વવું, પધારવું, પેસવું, બૂડવું, ભટકવું, ભમવું,મહાલવું, રખડવું, રઝળવું, રોકાવું, વસવું, વિહરવું, સંચરવું, સંતાવું, હળવું.

**<u>-પર લેનારા ધાતુઓઃ</u>**
અવલંબવું, આળોટવું, ઊંઘવું, ચડવું, ઝૂકવું, ઝૂલવું, ટિંગાવું, ત્રાટકવું, દોડવું, નાચવું, બિરાજવું, બેસવું, મૂતરવું, લટકવું, સૂવું.
(લટકવું ધાતુ અપવાદાત્મક રીતે –ને પ્રત્યય પણ લે છે.)

**<u>શૂન્ય કે –એ પ્રત્યય લેનારા ધાતુઓઃ</u>**
જવું, થોભવું, પધારવું, પહોંચવું, પૂગવું. (આ ધાતુઓ -એ પ્રત્યયને બદલે -શૂન્ય પ્રત્યય પણ વિકલ્પે લે છે.

**<u>સાથે નામયોગી લેનારા ધાતુઓઃ</u>**
આથડવું,

**<u>કર્તા, ઉદ્‌ગમ કારક ધરાવતા. ઉદ્‌ગમને –થી, -માંથી, -પરથી દર્શાવનારા ધાતુઓઃ</u>**

**<u>-થી લેનારા</u>**
અટકવું, આવવું, ઊપડવું, ખસવું, ગુજરવું, ચસવું, ચળવું, જવું, ડગવું, નીકળવું, છુપાવું, ભાગવું, વિરમવું, હાલવું, હઠવું
**<u>-માંથી લેનારા</u>**
અવતરવું, પ્રગટવું.
**<u>-પરથી લેનારા</u>**
ઊઠવું, ઊડવું, ઊતરવું, કૂદવું.
**<u>-પાસેથી લેનારા</u>**
જવું, નીકળવું, વળવું, પસાર થવું.

**<u>ઉદ્‌ગમ અને સ્થાન બન્ને લેનારા ધાતુઓઃ</u>**
અવતરવું, આવવું, ઊતરવું, કૂદવું, છુપાવું.

**<u>કર્તા અને લક્ષ્ય વ્યક્તિ લેનારા અને -સામે નામયોગી લેનારા ધાતુઓઃ</u>**
તાડૂકવું, ત્રાટકવું, ભૂ ંકવું, ઘૂરવું, ઘૂરકવું

**<u>કર્તા અને સહકર્તા લેનારા ધાતુઓઃ</u>**
ઝઘડવું, બાખડવું, બાઝવું.

<u>નીચેના અકર્મક ધાતુઓનું ભાવે થતું નથીઃ</u>

અટવું, અમળાવું, અવતરવું, અવલંબવું, અંઘોળવું, આળોટવું, કરગરવું, ખમચાવું, ખાંસવું, ખીસકવું, ગર્જવું, ગહેકવું, ગાજવું, ગુજરવું, ધૂધવવું, ધૂરકવું, ધૂમવું, ઝપવું, ઝાંખવું, ઝૂલવું, ટહુકવું, ટહેલવું, ટિંગાવું, ડૂબવું, તાડૂકવું, ત્રાડકવું, થનગનવું, ધપવું, ધૂણવું, નાસવું, પધારવું, પ્રગટવું, ફરકવું, બબડવું, બાખડવું, બાઝવું, બિરાજવું, બૂડવું, ભટકવું, ભાખવું, ભાંભરવું, ભૂંકવું, મચવું, મથવું, મરકવું, મરડાવું, મહાલવું, મંડવું, મુકરવું, રખડવું, રઝળવું, રોકાવું, રોવું, વિરમવું, શરમાવું, સટકવું, સંચરવું, સંતાવું, હળવું, હીંચવું.

<u>નીચેના ધાતુઓના એકથી વધુ ઉપરૂપો મળે છે. (સકર્મક કે અકર્મક)</u>
કહેવું (કહે, કહ, કી), ધોવું (ધો, ધૂ), લેવું (લે, લ, લી), વહેવું (વહે, વહ), સહેવું (સહે, સહ)
જવું (જ, જા, ગ), જોવું (જો, જુ)

<u>પ્રક્રિયાવાચી ધાતુઓઃ</u>
પ્રક્રિયા બે પ્રકારની સંભવે છે ભૌતિક પ્રક્રિયા એટલે કે ઘટના અને માનસિક પ્રક્રિયા એટલે કે અનુભવ.

નૈસર્ગિક પ્રક્રિયાઃ પડવું, તૂટવું, સડવું, ફાટવું, સમાવું,
માનસિક પ્રક્રિયા (અનુભવ): ગમવું, અનુભવવું
**<u>પ્રક્રિયાવાચી – 1)</u>**નૈસર્ગિક પ્રક્રિયાવાચી (કર્મ, પરિબળ કારકો લેનારા)
2)માનસિક પ્રક્રિયાવાચી (અનુભવ) (ભાવક, તટસ્થ-કર્મ કારકો લેનારા)
3)અનુભવવાચી ધાતુઓ જેમની વૈકલ્પિક રચના/વિભક્તિ પ્રત્યયો મળતા હોય એવા ધાતુઓ.

**<u>ક્રિયા અને પ્રક્રિયા દર્શાવનારા ધાતુઓઃ</u>**

રચનાસ્તરે કેટલાક ધાતુઓ અપવાદરૂપ જુદા પડતા હોય તો એમનું અલગ જૂથ કરીને દર્શાવ્યા છે. દા.ત, ખુલ્લા એકાક્ષરી ધાતુઓ જેમનું કર્મણિરૂપ અલગ થાય છે અથવા જેમને પ્રયોજકનો અલગ પ્રત્યય લાગે છે એવા ધાતુઓનું અલગ જૂથ દર્શાવ્યું છે.

પ્રયોજકનો -આવ પ્રત્યય લેનારા ધાતુઓ અને -આડ કે -ડાવ પ્રત્યય લેનારા ધાતુઓનું જૂથ અલગ દર્શાવ્યું છે.

**<u>પ્રક્રિયા – અચેતન કર્મ (શૂન્ય પ્રત્યય) લેનારાઃ</u>**

---

અથાવું, ઊઘડવું, ઊકળવું, ઊમટવું, ઊલળવું, ઓસરવું, ખીલવું, ગળવું, જામવું, ઝબૂકવું, ટકવું, ઠરવું, ઢળવું, ફરકવું, ફૂલવું, ફુલાવું, ફોરવું, બટકવું, ભભકવું, મહેકવું, રણકવું, રેલાવું, લથડવું, લંબાવું, વધવું, વસૂકવું, વિલોપવું, વિસ્તરવું, સિઝાવું.

<u>પ્રક્રિયા ચેતન(ભાવક) કર્મ (-શૂન્ય), પરિબળ (-થી)/ (-કારણે), લક્ષ્ય (-માટે)</u>

(સામાન્ય રીતે ભાવક –ને પ્રત્યય લે છે. આ જૂથના ધાતુઓ અપવાદરૂપ શૂન્ય પ્રત્યય લે છે. શૂન્ય પ્રત્યય લે છે એટલે એને કર્તા માનવાની જરૂર નથી. એમનાં કર્મણિ રૂપો શક્ય નથી એ બતાવે છે કે એ પ્રક્રિયાવાચી છે અને કર્તાની શક્યતા નથી. )

(પરિબળઃ /-થી/) અંજાવું, ઓચાવું, ચોંકવું, છકવું, ગભરાવું, ડઘાવું, દુભાવું, બહેકવું, ભડકવું, મરવું, રિઝાવું, વંઠવું,
(પરિબળઃ /કારણે/ ગિન્નાવું, ચુમાવું, જીવવું, થાકવું, થથરવું, ફસડાવું, બઘવાવું, બહેકવું, મરવું, રિબાવું, સબડવું, હારવું,
(લક્ષ્યઃ /માટે/) ઝૂરવું, તડપવું, તરફડવું, તલસવું, સોરાવું, સોસવાવું, હિજરાવું,

**પ્રક્રિયા – ચેતન (ભાવક), કારણ/પરિબળ (નામ(પૂરક) + સહાયકારીમાં પરિવર્તિત થઈ શકે છે અને ભાવક (-ને) લે છે.)**

----------------------------------- --------------------------------------------------------
----

('અકળાવું' જૂથ એવું છે જેમની રજૂઆત બે રીતે શક્ય છે – હું અકળાઉં છું - મને અકળામણ થાય છે.
આવું પરિવર્તન 'અંજાવું' જૂથમાં શક્ય નથી.)

અકળાવું, આનંદવું, ઉશ્કેરાવું, ખિજાવું, ગભરાવું, ચિડાવું, જંપવું, ટેવાવું, ડરવું, ત્રાસવું, થાકવું, ઝપવું, બીવું, ભરમાવું, મૂંઝાવું, રિસાવું, લલચાવું, લોભાવું, સમજવું/સમજાવું, હરખાવું,

<u>ભાવક તરીકે **શૂન્ય પ્રત્યય લેનારા ધાતુઓ છે જેમનું ઉપર મુજબ રૂપાંતર શક્ય નથી.**</u>
અભડાવું, ઓચાવું, ગિન્નાવું, ચોંકવું, ટળવળવું, ડઘાવું, તરફડવું, થથરવું, દાઝવું, દુભાવું, ધરાવું, ધ્રૂજવું, ફફડવું, બગડવું, બઘવાવું, ભીંજાવું, ભીંસાવું, રિઝાવું, રિબાવું, વંઠવું, વીફરવું, સોહ્વું,

<u>પ્રક્રિયાવાચી ધાતુ દ્વિકર્મક (ભાવક) ( –ને) અચેતન (તટસ્થ) કર્મ (-શૂન્ય)</u>
(ભાવક)- આવડવું, ઊકલવું, કઠવું, ખટકવું, ખૂંચવું, ગમવું, ગોઠવું, ચચરવું, ચટકવું, જોઈવું, થવું, દુખવું, દેખાવું, પચવું, પરવડવું, પોસાવું, ફાવવું, ભાવવું, ભાસવું, મટવું, રુચવું, લાગવું, વાગવું, શોભવું, સદવું, સાલવું, સૂઝવું, સ્ફ઼ૂરવું.

<u>(ગ્રાહક) અને અચેતન કે ચેતન કર્મ લેનારા ધાતુઓઃ</u>
જડવું, નડવું, મળવું,

<u>પ્રક્રિયાવાચી ધાતુ - અચેતન કર્મ (-શૂન્ય) , ઉદ્ગમ (-થી, માંથી, પરથી)</u>
ઊપડવું, ઊતરવું, ઊથલવું, ઉદ્ભવવું, ઊપજવું, ખરવું, ગબડવું, ઘટવું (?), ચૂવું, છટકવું, છૂટવું, ઝરવું, ટપકવું, ટળવું, દદડવું, નીંગળવું, નીતરવું, નીપજવું, પડવું, ફૂટવું, વળવું, વહેવું, સરકવું, સરવું, સ્રવવું, વછૂટવું, બનવું

<u>પ્રક્રિયાવાચી ધાતુ:- અચેતન કર્મ (શૂન્ય), પરિબળ (-થી)</u>

<u>-થી લેનારા</u>
ઓગળવું, ઓલવાવું, કટાવું, કરમાવું, કંપવું, ખૂલવું, ખીલવું, ઘટવું, ચમકવું,ચીમળાવું, જામવું, જોખમાવું, ઝગમગવું, ઝળહળવું, તપવું, તૂટવું, થીજવું, પલળવું, પાકવું, પીગળવું, ફાટવું, બગડવું, બફાવું, પળવું, બુઝાવું.

<u>-કારણે/લીધે લેનારા</u>
અકળાવું, કથળવું, ખસવું, ખૂટવું, ખોટકાવું, ખોરવાવું, કંઠાવું, ઘટવું, ઘસડાવું, તતડવું, ફાટવું, બગડવું, મટવું, મરવું, રુઝાવું, લંબાવું, વકરવું, શમવું, સુકાવું, હાલવું`.

<u>ક્રિયા (અકર્મક કે સકર્મક) અને પ્રક્રિયા ઉભયને દર્શાવનારા ધાતુઓ:</u>

અડકવું/અડવું (એ મને અડક્યો/અડ્યો – ક્રિયા, એનો હાથ મને અડક્યો/અડ્યો. – પ્રક્રિયા)
અટકવું (એ માણસ અહીં અટક્યો હતો. – ક્રિયા, બપોર પછી વરસાદ અટક્યો. – પ્રક્રિયા)
ઊડવું (પંખીઓ આકાશમાં ઊડે છે. – ક્રિયા, કેટલી બધી ધૂળ ઊડી!- પ્રક્રિયા)
ઊતરવું (દાદી દાદરો આરામથી ઊતરી ગયાં. – ક્રિયા, કેરીઓ ઊતરી ગઈ છે. – પ્રક્રિયા)
ખસવું (એ અહીંથી ખસે તો ને!– ક્રિયા, એનો પાલવ સહેજ ખસ્યો હતો. – પ્રક્રિયા)
ઘૂસવું (જો પેલો લાઈનમાં ઘૂસ્યો. – ક્રિયા, પગમાં કાંટો ઘૂસી ગયો છે. – પ્રક્રિયા)
છટકવું (ચોર પહેરામાંથી છટકી ગયો. – ક્રિયા, હાથમાંથી કપ છટકી ગયો. – પ્રક્રિયા)
તરવું (છોકરી નદી તરી ગઈ. – ક્રિયા, એક પ્રેત નદીમાં તરતું હતું. – પ્રક્રિયા)
નમવું (નંદીને નમો અને આગળ જાઓ. – ક્રિયા, ડાળી નમી ગઈ છે. – પ્રક્રિયા)
નીકળવું (વહેલી સવારે નીકળીશું. – ક્રિયા, નફ્ફ્ચો જ નીકળી ગયો છે. – પ્રક્રિયા)
પહોંચવું (વડોદરા ત્રણ કલાકે પહોંચ્યાં. – ક્રિયા, મારો હાથ પહોંચતો નથી. – પ્રક્રિયા)
પ્રગટવું (અહીં દત્તાત્રેય ભગવાન પ્રગટ્યા હતા. – ક્રિયા, પવન આવતા અગ્નિ પ્રગટ્યો.)
ફરવું (અમે બે કિલોમીટર ફરી આવ્યાં. – ક્રિયા, કાળનું ચક્ર ફર્યા કરે છે. – પ્રક્રિયા)
બાઝવું (મહેરબાની કરી તમે બે બાઝશો નહીં. – ક્રિયા, કેટલાં જાળાં બાઝ્યાં છે! – પ્રક્રિયા)
મળવું (હું એમને મળ્યો. – ક્રિયા) એને સારો પગાર મળે છે. – પ્રક્રિયા)
વળવું (બીજા ચાર રસ્તે વળજો. – ક્રિયા, અહીં સળિયો વળી ગયો છે. – પ્રક્રિયા)
સરકવું (હું ધીરેથી સરકી ગઈ. – ક્રિયા, આ પળ પણ સરકી જશે. – પ્રક્રિયા)
હલવું (હું જરાય હલ્યો નથી. – ક્રિયા, એક પાંદડું પણ હલતું નથી. – પ્રક્રિયા)

--------------------

# પ્રકરણ 3
# આખ્યાતિક રચનાઓ

આખ્યાતિક રચનામાં વિવિધ પ્રકારનાં રૂપો અને વિવિધ રચનાઓ વપરાય છે. મુખ્ય ધાતુ કોશગત અર્થ (ક્રિયા કે પ્રક્રિયા કે સ્થિતિ) દર્શાવે છે જ્યારે એની સાથે આવનાર પ્રત્યયો અને સહાયકારી કાળ-અવસ્થા-અર્થ દર્શાવવાનું કાર્ય કરે છે. આખ્યાતિક રચનામાં ધાતુ પરથી બનતા રૂપો અને સહાયકારી ધાતુઓ બન્નેની સમજણ મહત્ત્વની છે. ધાતુને કાળ-અર્થ-પદસંવાદનો પ્રત્યય લાગે તો ક્યારેક કેવળ પદસંવાદનો પ્રત્યય લાગે એવું પણ બને છે. પદસંવાદના પ્રત્યયના પુરુષવચન મુજબ ઉપરૂપો મળે છે.

| | એક વચન | બહુ વચન | એકવચન | બહુવચન |
|---|---|---|---|---|
| પ્રથમ પુરુષ | લખ-એ | લખ-ઈએ | લખ-ઈશ | લખ-ઈશું |
| બીજો પુરુષ | લખ-એ | લખ-ઓ | લખ-શે | લખ-શો |
| ત્રીજો પુરુષ | લખ-એ | લખ-એ | લખ-શે | લખ-શે |

ધાતુનાં કેટલાક રૂપોને પદસંવાદના પ્રત્યય તરીકે લિંગ-વચનના પ્રત્યયો લાગે છે. ધાતુના આ રૂપોને કૃદંત રૂપો કહેવામાં આવે છે. કૃદંત સંજ્ઞા સંસ્કૃત વ્યાકરણમાંથી લીધી છે. પણ આ સંજ્ઞા અન્વર્થક નથી. સામાન્ય રીતે આ રૂપો ક્રિયા કે પ્રક્રિયાની વિવિધ અવસ્થાઓ (પૂર્ણ, અપૂર્ણ અને અપેક્ષિત) અવસ્થાઓ દર્શાવવાનું કામ કરે છે. એટલે એમને અવસ્થાવાચી કહેવાય. અને જો કૃદંત સંજ્ઞા ચાલુ રાખવામાં આવે તો એમનું કાર્ય અવસ્થા દર્શાવવાનું છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. આખ્યાતિક રચનાઓમાં આવતા પ્રત્યયો, કૃદંતો (અવાસ્થાવાચકો), અને સહાયકારી ધાતુઓ આ ત્રણેનાં કાર્યો અને એમની રચનાઓ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધાતુનું કાર્ય ક્રિયા કે પ્રક્રિયા કે સ્થિતિ દર્શાવવાનું છે એ આપણે જોયું. પ્રત્યયનું કાર્ય કાળ-અર્થ-પદસંવાદ દર્શાવવાનું છે એનું ઉદાહરણ આપણે ઉપર – લખે, લખશે વગેરે રૂપોમાં – જોયું. હવે જોઈએ અવસ્થાવાચક (કૃદંત) રૂપો.

### 3.1. અવસ્થાવાચકો (કૃદંતો)

આખ્યાતિક રચનામાં અનેક પ્રકારના અવસ્થાવાચકો મળે છે. ધાતુને વિવિધ પ્રત્યયો લાગીને બનતાં અવસ્થાવાચકોના પ્રકાર નીચે દર્શાવ્યા છે.

1) અપૂર્ણાવસ્થાવાચક /-ત-/ પ્રત્યય અને એના પછી લિંગવાચક પ્રત્યય.
   બોલતું, રમતી, ખાતાં.
2) પૂર્ણાવસ્થાવાચક /-ય-/ અથવા /-એલ-/ પ્રત્યય અને એના પછી લિંગવાચક પ્રત્યય.

વાંચ્યું, રમ્યો, આપેલી,

3) અપેક્ષા વાચક /-વાન-/ પ્રત્યય અને એના પછી લિંગવાચક પ્રત્યય.
   જમવાનો, આપવાની, ખાવાના.
4) વિધ્યર્થ વાચક /–વ-/ પ્રત્યય અને એના પછી લિંગવાચક પ્રત્યય.
   બોલવું, જોવું, ફેંકવું.
5) હેત્વર્થ વાચક /–વા/ પ્રત્યય.
   લેવા, ગોઠવવા, રમવા.
6) સંબંધક ભૂત વાચક /–ઈ/ અથવા /–ઈને/ પ્રત્યય.
   લખી, લખીને, બેસી, બેસીને.

અવસ્થાવાચક રૂપો વાક્યમાં બે પ્રકારનું કાર્ય કરે છે. એ રૂપો આખ્યાતમાં મુખ્ય ધાતુનાં રૂપો તરીકે આવે છે એવી જ રીતે ધાતુ પરથી બનતા વિશેષણ તરીકે અથવા ક્રિયાવિશેષણ તરીકે પણ કામ કરે છે. દા.ત.

બાળકો બગીચામાં રમતાં હતાં. (આખ્યાતિક રૂપ તરીકે)
રમતું બાળક અચાનક રડવા લાગ્યું. (વિશેષણ તરીકે)
બાળક દોડતું દોડતું છેક કિનારે પહોંચી ગયું. (ક્રિયાવિશેષણ તરીકે)

આખ્યાતિક રચના દર્શાવતી વખતે વિગતે ચર્ચા કરેલ છે. અહીં કેવળ પારંપરિક રૂપો દર્શાવ્યાં છે.

આખ્યાતિક રચનામાં એમનું કાર્ય મુખ્ય ધાતુના રૂપ તરીકેનું હોય છે અને ત્યારે એ પૂર્ણ, અપૂર્ણ કે અપેક્ષિત અવસ્થા દર્શાવવાનું કાર્ય કરે છે. અહીં આપણે કેવળ એ જ રૂપોની ચર્ચા આખ્યાતિક રચનામાં કરીશું.

### 3.2. સહાયકારી ધાતુઓઃ

ઉપર જોયું તેમ આખ્યાતમાં વ્યાકરણિક કાર્ય કરનારા ધાતુઓને સહાયકારી ધાતુ કહેવાય છે. ધાતુ ક્રિયા કે પ્રક્રિયા દર્શાવવાનું કાર્ય કરે છે. એટલે ધાતુને કોશરૂપ કહેવામાં આવે છે. સહાયકારી ધાતુ કાળ, અવસ્થા કે અર્થ દર્શાવવાનું કાર્ય કરે છે. મૂળભૂત રીતે આ કાર્ય પદસાધક પ્રત્યયોનું ગણાયું છે એટલે એને વ્યાકરણિક કાર્ય કહેવામાં આવે છે. સહાયકારી ધાતુઓ નીચે દર્શાવ્યા છે.

1) કાળ-અર્થ દર્શાવનારા સહાયકારીઓ – "હોવું" ધાતુના રૂપો કાળ-અર્થ દર્શાવવાનું

કાર્ય કરે છે. સંયુક્ત આખ્યાતમાં મુખ્ય ધાતુ સાથે સહાયકારી કાળ-અર્થ દર્શાવે છે. દા.ત.

દોડતો હતો. મારે છે, સમારતી હતી, કૂદ્યાં હશે, લખતા હશો.

2) પૂરક(નામ કે વિશેષણ) સાથે સંકુલ ધાતુ બનાવનારા સહાયકારીઓ – કરવું, થવું અને હોવું. કરવું ધાતુ ક્રિયા દર્શાવે, થવું પ્રક્રિયા દર્શાવે અને હોવું સ્થિતિ દર્શાવે છે. દા.ત.

કપડાં ભીનાં કર્યાં. કપડાં ભીનાં થયાં. કપડાં ભીનાં હતાં.

3) વિશિષ્ટ અર્થછાયાઓ દર્શાવનારા ધાતુઓ – પડવું, આવવું, નાખવું, કાઢવું વગેરે. દા.ત.

ખાઈ જશે, ફાડી કાઢ, તૂટી ગયું, વધી પડ્યાં. વગેરે.

આમ, ધાતુ, મુખ્ય ધાતુ, સહાયકારી ધાતુ, પ્રત્યયો અને અવસ્થાવાચકો વગેરેને જાણી લીધા પછી આખ્યાતિક રચના તરફ વળીશું.

## 3.3. આખ્યાતિક રચનાઓઃ સાદી અને સંયુક્ત

### 3.3.1. સાદી રચનાઃ ધાતુ – પ્રત્યય

#### 3.3.1.1. ધાતુ – નિર્દેશાર્થ-ભવિષ્ય – પદસંવાદ પુરુષવચનનો

આ રચનામાં ધાતુ-નિર્દેશાર્થ ભવિષ્યકાળનો પ્રત્યય આવે છે. આ રચના હંમેશાં ઉદ્દેશ્ય સાથે પુરુષવચનનો પદસંવાદ દર્શાવે છે. આ રચનામાં નિર્દેશાર્થ-ભવિષ્યકાળના પ્રત્યયના પુરુષ અને વચન મુજબના ઉપરૂપો નીચે મુજબ છે.

-ઈશ (પ્રથમ પુરુષ એકવચન), (વાંચીશ, બોલીશ, આવીશ)

-ઈશું/શું (પ્રથમ પુરુષ બહુવચન) (વાંચીશું, બોલીશું/બોલશું)

-શે (દ્વિતીય પુરુષ અને તૃતીય પુરુષ એક વચન અને તૃતીય પુરુષ બહુવચન) (વાંચશે)

-શો (દ્વિતીય પુરુષ બહુવચન) (વાંચશો, બોલશો, આવશો)

#### 3.3.1.2. ધાતુ – સંભાવનાર્થ – પદસંવાદપુરુષવચનનો

આ રચનાનો ઉપયોગ સંભાવના દર્શાવવા માટે અને વર્તમાનકાળની નિયમિત ઘટનાઓ દર્શાવવા માટે થાય છે. આ રચનામાં પદસંવાદ પુરુષવચનનો અને ઉદ્દેશ્ય સાથે હોય છે.

- કદાચ વરસાદ આવે.
- પોલીસ ન આવે તો શું કરીશું?
- એ અહીં આવે, બેસે, આમતેમ આંટા મારે અને પછી જતો રહે.

પ્રથમ પુરુષના રૂપનો ઉપયોગ પ્રશ્નાર્થક વાક્યમાં અનુજ્ઞા માગવા માટે પણ કરવામાં આવે છે.

- અમે અંદર આવીએ?

આ રચનામાં પુરુષ-વચન મુજબનાં ઉપરૂપો નીચે મુજબ હોય છેઃ

-ઉં (પ્રથમ પુરુષ એકવચન) (વાંચું, બોલું)

-ઈએ (પ્રથમ પુરુષ બહુવચન) (વાંચીએ, બોલીએ)

-એ ( દ્વિતીય અને તૃતીય પુરુષ એકવચન અને તૃતીય પુરુષ બહુવચન) (વાંચે, બોલે)

-ઓ (દ્વિતીય પુરુષ બહુવચન) (વાંચો, બોલો) . આ રૂપ આજ્ઞાર્થક રચનામાં પણ જોવા મળે છે.

### 3.1.3. ધાતુ-નિર્દેશાર્થ-ભૂત. – પદસંવાદ લિંગવચનનો

આ રચનાનો ઉપયોગ નિર્દેશાર્થ ભૂતકાળ દર્શાવવા માટે થાય છે. સકર્મક આખ્યાત હોય તો પદસંવાદ કર્મ સાથે અન્યથા ઉદ્દેશ્ય સાથે દર્શાવે છે. પદસંવાદ હંમેશાં લિંગવચનનો હોય છે.

ભૂતકાળ દર્શાવતો સામાન્ય પ્રત્યય –ય- છે. એના પછી પદસંવાદનો લિંગ-વચનનો પ્રત્યય લાગે છે. –ય- પ્રત્યયનો લોપ સ્ત્રીલિંગના પ્રત્યય પહેલાં થાય છે.

"ખોદકામ કરતા મજૂર પર ભીંત પડી." (પ્રક્રિયાવાચી)

"એનો પતંગ કપાયો." (પ્રક્રિયાવાચી)

"દેખાવકારોએ પોલીસ પર પથ્થર ફેંક્યા." (સકર્મક ક્રિયાવાચી)

"પોલીસને આવતી જોઈ ચોર ભાગ્યો." (અકર્મક ક્રિયાવાચી)

નીચેના ધાતુઓના સંદર્ભે ભૂતકાળ દર્શાવવા –ધ- પ્રત્યય લાગે છે.

પીવું, ખાવું, લેવું/લીવું, કહેવું/કીવું,

"તેં પાણી પીધું?"

સૂવું અને હોવું ધાતુના સંદર્ભે –ત- પ્રત્યય અને બીવું ધાતુના સંદર્ભે –ન- પ્રત્યય લાગે છે. અને સૂતો, સૂતી, સૂતા, હતો, હતાં તેમજ બીનો, બીની, બીના વગેરે રૂપો થાય. પ્રચલનમાં આ ધાતુઓના સંદર્ભે સહાયકારી ધાતુ સાથેનું આખ્યાત વધુ છે. દા.ત. સૂઈ ગયો, બી ગઈ વગેરે.

નીચેના ધાતુઓના ભૂતકાળના રૂપો અપવાદરૂપ છેઃ
બેસવું, પેસવું, નાસવું, દીસવું – બેઠું, પેઠું, નાઠો, દીઠી.

સકર્મક હોવા છતાં ભૂતકાળ કે પૂર્ણાવસ્થામાં કર્તા પ્રમાણે પદસંવાદ ધરાવતા ધાતુઓઃ
અનુસરવું, અડકવું, અડવું, અઢેલવું, કનડવું, કમાવવું, કરડવું, ચટકવું, જમવું, જીતવું, તરવું, થૂકવું, બાઝવું, બોલવું, ભણવું, ભેટવું, મળવું, લાવવું, વઢવું, વરવું, વળગવું, શીખવું, હારવું.
દા.ત. હું એને અડ્યો સુદ્ધાં નથી.

અકર્મક હોવા છતાં ભૂતકાળમાં કર્તા પ્રમાણે પદસંવાદ ન દર્શાવતા ધાતુઃ
ઝંપલાવવું.
મેં નદીમાં ઝંપલાવ્યું.

### 3.1.4. ધાતુ-આજ્ઞાર્થ - પદસંવાદ પુરુષવચન

આ રચનાનો ઉપયોગ આજ્ઞાર્થ દર્શાવવા કરવામાં આવે છે. આજ્ઞા હંમેશાં બીજા પુરુષ (શ્રોતા)ને અપાતી હોવાને કારણે એના દ્વિતીય પુરુષનાં રૂપો મળે છે. પદસંવાદ કર્તા મુજબ પુરુષ-વચનનો મળે છે.
-શૂન્ય પ્રત્યય (એકવચન)
-ઓ પ્રત્યય (બહુવચન)
"તું શાક સમાર, તું લોટ બાંધ, અને તમે ચોખા ધૂઓ."

### 3.1.5. ધાતુ – શરતી સંભાવનાર્થ

આ રચનાનો ઉપયોગ શરતી સંભાવના દર્શાવવા માટે કરવામાં આવે છે. સામાન્ય રીતે એમાં બે ઉપવાક્યો હોય છે. પહેલું વાક્ય શરત હોય છે બીજું વાક્ય પરિણામ હોય છે.
- "આપણે એને સમજાવત તો એ સમજી જાત."

આ રચનાના અન્ય કોઈ રૂપો નથી. પદસંવાદના કોઈ પ્રત્યયો આ રૂપ લેતું નથી.

### 3.1.6. ધાતુ – ભૂતકાલીન આદત

આ રચનાનો ઉપયોગ ભૂતકાલીન આદત (નિયમિત) ઘટના દર્શાવવા માટે થાય છે.

આ રચનામાં પદસંવાદ ઉદ્દેશ્ય મુજબ અને લિંગવચનનો હોય છે.

-અત પ્રત્યય સાથે લિંગવચનનો પ્રત્યય એમાં મળે છે.

“રજાના દિવસોમાં અમે મામાને ઘેર જતાં. ત્યાં એક નદી હતી. એમાં સવાર-સાંજ નહાતાં.”

### 3.1.7. ધાતુ-વિધ્યર્થક-લિંગવચન

આ રચનાનો ઉપયોગ વિધ્યર્થ દર્શાવવા માટે થાય છે.

-વ પ્રત્યય સાથે લિંગવચનનો પ્રત્યય આવે છે. સકર્મક ધાતુ હોય તો પદસંવાદ કર્મ સાથે હોય છે. અન્યથા એ ઉદ્દેશ્ય સાથે હોય છે.

“તમારે એને ત્યાં થોડી વાર રોકાવું.”

આ રચનાનો ઉપયોગ ક્રિયાવાચી નામ બનાવવા માટે પણ થાય છે. એનો ઉપયોગ સમગ્ર વાક્યને મુખ્ય વાક્યનું ઉપવાક્ય બનાવવા માટે થાય છે.

“આમ તોછડાઈથી બોલવું તને શોભતું નથી.”

અહીં સુધી આખ્યાતિક સાદી રચનાનું વર્ણન કર્યું છે. હવે મિશ્ર આખ્યાત કે સંયુક્ત આખ્યાતનું વર્ણન કરીશું. આ પ્રકારના આખ્યાતમાં એકથી વધુ ધાતુઓનો પ્રયોગ થાય છે. આ રચનામાં એક મુખ્ય ધાતુ અને એક કે તેથી વધુ સહાયકારી ધાતુઓનો પ્રયોગ હોય છે. સહાયકારી ધાતુ બે પ્રકારના હોય છેઃ 1) કાળ-અર્થવાચક તરીકે કાર્ય કરનારા અને 2) વિવિધ વિશિષ્ટ અર્થો દર્શાવવાનું કાર્ય કરનારા. મુખ્ય ધાતુ ઘટના (ક્રિયા કે પ્રક્રિયા) દર્શાવતો હોય છે અને સહાયકારી ધાતુઓ 1 અને 2 માં દર્શાવેલ કાર્ય કરતા હોય છે. કાળ-અર્થ દર્શાવનાર હોવું ધાતુના ઉપરૂપો મળે છે. એ ઉપરૂપોને પુરુષ-વચનનાં અથવા લિંગવચનનાં રૂપો લાગે છે. ‘હોવું’ ધાતુના ઉપરૂપો /છ-/, /હો-/ અને /હ-/ છે. એમને પદસંવાદના પ્રત્યયો લાગ્યા બાદ થતાં રૂપો નીચે દર્શાવ્યા છે.

**સહાયકારી ધાતુનાં રૂપોઃ (જે મુખ્યત્વે કાળ-અર્થ દર્શાવવાનું કાર્ય કરે છે.)**

1. છું, છીએ, છે, છો. (વર્તમાનકાળવાચક સહાયકારી)
2. હોઉં, હોઈએ, હો, હોય. (શરતવાચક સહાયકારી)
3. હતો, હતી, હતું, હતા, હતાં. (ભૂતકાળવાચક સહાયકારી)

4. હોઈશ, હોઈશું/હશું, હશે, હશો. (સંભાવનાવાચક/ભવિષ્યકાળવાચક સહાયકારી)
5. હોત. (ભૂતકાલીન સંભાવનાવાચક સહાયકારી)
6. હોવો, હોવી, હોવું, હોવા, હોવાં. (વિધ્યર્થક સહાયકારી)(સાથે ઘણી વાર 'જોઈએ' સહાયકારી વપરાય છે.)

મુખ્ય ધાતુને વિવિધ કૃદંત (અવસ્થાવાચી) ના પ્રત્યય લાગે છે અને એને પદસંવાદના પ્રત્યય તરીકે લિંગવચન પ્રત્યય લાગે છે. આ કૃદંતના પ્રત્યયો ઘટનાની અવસ્થા દર્શાવે અથવા વિવિધ અર્થ દર્શાવે છે જે નીચે આપ્યા છે. 6-9 સુધીના પ્રત્યયો અવિકારી છે એટલે એમને લિંગવચનનો પ્રત્યય લાગતો નથી.

અવસ્થાવાચકો **(કૃદંત) રૂપોઃ (જે અવસ્થા-અર્થ દર્શાવવાનું કાર્ય કરે છે.)**

| | |
|---|---|
| 1. –ત- | (અપૂર્ણાવસ્થા) (ભૂતકાલીન આદત) |
| 2. –ય- | (પૂર્ણાવસ્થા) (ભૂતકાળ) |
| 3. –વાન- | (અપેક્ષિતાવસ્થા) |
| 4. – એલ- | (વૈકલ્પિક) પૂર્ણાવસ્થા |
| 5. –વ- | (વિધ્યર્થ) |
| 6. –ઈ | (સંબંધક ભૂતાવસ્થા) |
| 7. –વા | (હેત્વર્થક) (લાગવું/માંડવું સહાયકારી સાથે પણ) |
| 8. –યા | (કરવું સહાયકારી સાથે) (સાતત્ય) |
| 9. –યે | (જવું સહાયકારી સાથે) (સાતત્ય) |

કાળ-અર્થવાચક સહાયકારી ધાતુ પદસંવાદ લિંગવચનનો તેમજ પુરુષવચનનો દર્શાવે છે. આખ્યાતિક રચના દર્શાવતી વખતે પદસંવાદ લિંગવચનનો હોય તો 'લિંગવચન' અને પુરુષવચનનો હોય તો 'પુરુષવચન' એમ દર્શાવેલ છે. પદસંવાદ ઉદ્દેશ મુજબ કે કર્મ મુજબ રહે તેનો ઉલ્લેખ અલગથી કરવામાં આવેલ છે. એનો આધાર ધાતુના પ્રકાર અને રૂપ પર રહે છે. જેમકે, અકર્મક અને પ્રક્રિયાવાચી ધાતુ ઉદ્દેશ્ય મુજબ પદસંવાદ દર્શાવે જ્યારે સકર્મક ધાતુના પૂર્ણાવસ્થા, વિધ્યર્થક કૃદંતો કર્મ સાથે પદસંવાદ દર્શાવે જ્યારે અપૂર્ણાવસ્થા અને અપેક્ષિત અવસ્થાના કૃદંતો ઉદ્દેશ્ય સાથે પદસંવાદ દર્શાવે છે. સહાયકારીના અમુક રૂપો પદસંવાદ દર્શાવતા નથી ત્યાં એનો ઉલ્લેખ કર્યો નથી. મુખ્ય અને સહાયકારી ધાતુ સિવાય આવતા વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓના રૂપો સામાન્ય રીતે પદસંવાદ દર્શાવતા નથી. મિશ્ર આખ્યાતિક રચના એમાં આવતાં અનેક સહાયકારી ધાતુઓના રૂપો અને મુખ્ય તેમજ સહાયકારીના સાથે આવતા અલગ અલગ પદસંવાદના પ્રત્યયોને કારણે સંકુલ બને છે.

**3.2. આખ્યાતિક સંયુક્ત રચનાઃ**

**ધાતુ-પ્રત્યય + સહાયકારી-પ્રત્યય**

**3.2.1. ધાતુ-નિર્દેશાર્થ-પુરુષવચન + સહાયકારી-વર્તમાન.–નિર્દેશાર્થ- પુરુષવચન**

**વાંચ-એ + છ-એ**

આ રચનામાં મુખ્ય ધાતુ અને સહાયકારી ધાતુ બન્ને સાથે એક સરખા પ્રત્યય જોવા મળે છે.

મુખ્ય ધાતુ કોશગત ક્રિયા કે પ્રક્રિયા દર્શાવે છે અને સહાયકારી વર્તમાનકાળ નિર્દેશાર્થનું સૂચન કરે છે.

વાંચ–એ છ-એ = વાંચે છે.

આ રચના સામાન્ય વર્તમાનકાળ અને વર્તમાનકાલીન અપૂર્ણાવસ્થા બન્ને દર્શાવે છે. દા.ત.

હું દસ વાગે દુકાન ખોલું છું.

હું હાલ દુકાન ખોલું છું.

**પદસંવાદ હંમેશાં ઉદ્દેશ્ય સાથે (ક્રિયા હોય તો કર્તા સાથે અને પ્રક્રિયા હોય તો કર્મ સાથે) રહે છે.**

આ રચના નકારવાચી હોય ત્યારે થોડી બદલાય છે. નકારવાચક સહાયકારી તરીકે “નથી” એવું રૂપ વપરાય છે. અને મુખ્ય ધાતુ સાથે અપૂર્ણાવસ્થાનો /–ત-/ પ્રત્યય આવે છે.

તું દાખલા કેમ ગણતો નથી?

**3.2.2. ધાતુ-અપૂર્ણાવસ્થા-લિંગવચન + સહાયકારી-ભૂતકાળ.- લિંગવચન**

**આવ-ત-ઓ + હ-ત-ઓ**

આવતો હતો, આવતી હતી, આવતું હતું, આવતા હતા, આવતાં હતાં.

આ રચનામાં મુખ્ય ધાતુનું રૂપ અપૂર્ણાવસ્થા દર્શાવે છે જ્યારે સહાયકારીનું ભૂતકાળનું રૂપ ભૂતકાળ દર્શાવે છે. એટલે આ રચના ભૂતકાલીન અપૂર્ણાવસ્થાનો નિર્દેશ કરે છે એમ કહેવાય. આ ભૂતકાલીન અપૂર્ણાવસ્થા અન્ય ઘટનાની અપેક્ષાએ અથવા સમયની અપેક્ષાએ હોય છે.

**બન્નેમાં, એટલે કે મુખ્ય ધાતુ અને સહાયકારીમાં પદસંવાદ ઉદ્દેશ્ય સાથે લિંગવચનનો રહે છે.**

ગાડી સૂરત પહોંચી ત્યારે વરસાદ પડતો હતો.

ગઈ કાલે સાંજે અમે પાનાં રમતા હતા.

એ ફૂટપાથ પર ચાલતો હતો તોય સ્કૂટરે એનો ધક્કો માર્યો.

**3.2.3. ધાતુ-અપૂર્ણાવસ્થા-લિંગવચન + સહાયકારી- ભવિષ્ય./સંભાવના – પુરુષવચન**

**આવ-ત-ઓ હો-ઈશ**

આવતો હોઈશ, આવતી હોઈશ, આવતા હોઈશું, આવતો હશે, આવતી હશે, આવતા હશો, આવતું હશે, આવતાં હશે.

**મુખ્ય ધાતુ લિંગવચનનો અને સહાયકારી પુરુષવચનનો પદસંવાદ ઉદ્દેશ્ય સાથે દર્શાવે છે.**

સહાયકારી સાથે આવનાર ભવિષ્યકાળનાં રૂપો સંભાવના વ્યક્ત કરે છે.

અમે નાટક જોઈને આવશું ત્યારે બાળકો સૂતાં હશે.

તમે પાછા આવશો ત્યારે હું જીવતી ન હોઈશ.

મુંબઈમાં તો અત્યારે વરસાદ પડતો હશે.

**3.2.4. ધાતુ-પૂર્ણાવસ્થા – લિંગવચન + સહાયકારી- વર્તમાન. – પુરુષવચન**

**આવ-ય-ઓ છ-ઉં**

આવ્યો છું, આવી છું, આવ્યા છીએ, આવ્યો છો, આવ્યો છે, આવી છે, આવ્યું છે, આવ્યા છે.

**ધાતુ સકર્મક હોય તો કર્મ સાથે અને અકર્મક કે પ્રક્રિયાવાચી હોય તો ઉદ્દેશ્ય સાથે પદસંવાદ દર્શાવે છે.**

મેં તમારા માટે ચા બનાવી છે.

મહેમાન ગઈ કાલે રાતે જ આવ્યા છે.

એના આપઘાતના સમાચાર આખા ગામમાં ફેલાયા છે.

**3.2.5. ધાતુ-પૂર્ણાવસ્થા – લિંગવચન + સહાયકારી--ભૂતકાળ – લિંગવચન**

**આવ-ય-ઓ + હ-ત-ઓ**

આવ્યો હતો, આવી હતી, આવ્યું હતું, આવ્યા હતા, આવ્યાં હતાં.

**ધાતુ સકર્મક હોય તો કર્મ સાથે અને અકર્મક કે પ્રક્રિયાવાચી હોય તો ઉદ્દેશ્ય સાથે પદસંવાદ દર્શાવે છે.**

રાધાએ કાગળ લખ્યો હતો પણ સામેથી કોઈ જવાબ ન મળ્યો.

એણે અગાઉથી ટિકિટ કઢાવી હતી એટલે કોઈ મુશ્કેલી ન પડી.

છોકરાઓ <u>થાક્યા હતાં</u> એટલે એમને આરામની જરૂર હતી.

**3.2.6. ધાતુ-પૂર્ણાવસ્થા – લિંગવચન + સહાયકારી- ભવિષ્ય./સંભાવના – પુરુષવચન**

**આવ-ય-ઓ + હ-શે**

આવ્યો હોઈશ, આવ્યા હોઈશું, આવી હોઈશ, આવ્યો હશે, આવી હશે, આવ્યા હશો.

**ધાતુ સકર્મક હોય તો કર્મ સાથે અને અકર્મક કે પ્રક્રિયાવાચી હોય તો ઉદ્દેશ્ય સાથે પદસંવાદ દર્શાવે છે.**

સહાયકારી સાથે આવનાર ભવિષ્યકાળનાં રૂપો સંભાવના વ્યક્ત કરે છે.

ચોર આ તરફથી <u>આવ્યો હશે.</u>

એ ચોક્કસ મારા માટે ઘસાતું <u>બોલી હશે.</u>

એણે ખૂન કરીને છરો નદીમાં <u>ફેંક્યો હશે.</u>

**3.2.7. ધાતુ-પૂર્ણાવસ્થા –લિંગવચન +સહાયકારી-સંભાવના– પુરુષવચન**

**આવ-ય-ઓ + હો-ય**

આવ્યો હોઉં, આવ્યા હોઈએ, આવ્યો હોય, આવી હોય, આવ્યું હોય, આવ્યા હોય, આવ્યાં હોય.

**પદસંવાદ કર્મ સાથે દર્શાવે છે.**

**સહાયકારી શરતી સંભાવનાનો અર્થ સૂચવે છે.**

એણે પૈસા <u>મોકલ્યા હોય</u> તો મને મળે જ.

એણે ભૂલ <u>કરી હોય</u> તો પરિણામ ભોગવવા પડશે.

બા સામે <u>બેઠાં હોય</u> અને હું ડાન્સ કરું. કેવું લાગે?

**3.2.8. ધાતુ-અપૂર્ણાવસ્થા – લિંગવચન + સહાયકારી- સંભાવના – પુરુષવચન**

**આવ-ત-ઈ** + હો-ય

આવતો હોઉં, આવતી હોઉં, આવતા હોઈએ, આવતો હોય, આવતી હોય, આવતું હોય, આવતા હોય, આવતાં હોય.

**મુખ્ય ધાતુ લિંગવચનનો અને સહાયકારી ધાતુ પુરુષવચનનો પદસંવાદ ઉદ્દેશ્ય સાથે દર્શાવે છે.**

સહાયકારી શરતી સંભાવનાનો અર્થ સૂચવે છે.

મંત્રીશ્રી <u>આવતા હોય</u> તો તો સારું જ છે.

એ લોન <u>ભરી દેતા</u> હોય તો ભલે ને ભરતા.

બા સાથે માસી <u>આવતી હોય</u> તો મુશ્કેલી થશે.

**3.2.9. ધાતુ-અપેક્ષિત અવસ્થા – લિંગવચન + વર્તમાન.સહાયકારી – પુરુષવચન**

આવ-વાન-ઓ + છ-એ

આવવાનો છું, આવવાની છું, આવવાના છીએ, આવવાનો છે, આવવાના છો, આવવાની છે, આવવાનું છે, આવવાના છે, આવવાનાં છે.

**મુખ્ય ધાતુ અને સહાયકારી ધાતુ પદસંવાદ ઉદ્દેશ્ય સાથે દર્શાવે છે.**

આજે ઑફિસેથી વહેલો આવવાનો છું.

આવતા મહિને અમે આંદમાન જવાના છીએ.

હું એમને જન્મદિવસે બોલાવવાની જ છું.

**3.2.10. ધાતુ-અપેક્ષિત અવસ્થા – લિંગવચન + ભૂત.સહાયકારી – લિંગવચન**

આવ-વાન-ઓ + હ-ત-ઓ

આવવાનો હતો, આવવાની હતી, આવવાનું હતું, આવવાના હતા, આવવાનાં હતાં.

**મુખ્ય અને સહાયકારી બન્ને ધાતુઓ પદસંવાદ ઉદ્દેશ સાથે દર્શાવે છે.**

અમે બધાં ગઈ કાલે સાંજે કૉલેજમાં મળવાનાં હતાં.

આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું ન હતું.

આ મકાન તૂટવાનું જ હતું.

**3.2.11 ધાતુ-અપેક્ષિત અવસ્થા – લિંગવચન + ભવિષ્ય,સહાયકારી – પુરુષવચન**

**આવ**-વાન-ઓ + હો-ઈશ

આવવાનો હોઈશ, આવવાની હોઈશ, આવવાના હોઈશું, આવવાનો હશે, આવવાની હશે, આવવાનું હશે, આવવાના હશો.

**મુખ્ય અને સહાયકારી બન્ને ધાતુઓ પદસંવાદ ઉદ્દેશ સાથે દર્શાવે છે**

મને એમ કે તમે કાર્યક્રમમાં આવવાના હશો એટલે મેં પણ ટિકિટ લીધી.

હું બજાર જવાની હોઈશ તો તને ફોન કરીશ.

દુઃખ આવવાનું હશે તો ભલે આવે આપણે ઝીલવા તૈયાર બેઠાં છીએ.

**3.2.12 ધાતુ-અપેક્ષિત અવસ્થા – લિંગવચન + શરતી સંભાવના.સહાયકારી – પુરુષવચન**

આવ-વાન-ઈ + હો-ય

આવવાનો હોઉં, આવવાની હોઉં, આવવાના હોઈએ, આવવાના હો, આવવાનો હોય, આવવાની હોય, આવવાનું હોય, આવવાના હોય, આવવાનાં હોય.

**મુખ્ય અને સહાયકારી બન્ને ધાતુઓ પદસંવાદ ઉદ્દેશ સાથે દર્શાવે છે.**

બમણી મજૂરી આપવાના હો તો હાલ બધા દોડી આવશે.
સચિન બેટિંગ કરવાનો હોય તો સ્ટેડિયમ ઉભરાઈ જાય છે.
તું મારી વાત સાંભળવાની હોય તો કહું કે આ છોકરો તારા લાયક નથી.

**3.2.13. ધાતુ-અપેક્ષિત અવસ્થા –લિંગવચન + ભૂતકાલીન.શરતી સંભાવના.**

આવ-વાન-નું + હો-ત

આવવાનો હોત, આવવાની હોત, આવવાનું હોત, આવવાના હોત, આવવાનાં હોત.

**મુખ્ય ધાતુ સકર્મક હોય તો પદસંવાદ કર્મ મુજબ અન્યથા ઉદ્દેશ્ય મુજબ હોય છે. સહાયકારી સાથે પદસંવાદનો પ્રત્યય હોતો નથી.**

મોત આવવાનું હોત તો હું બચ્યો ન હોત.
એ મકાન બાંધવાના હોત તો એમણે જમીન ખરીદી હોત.

**3.2.14 ધાતુ-અપૂર્ણાવસ્થા – લિંગવચન + ભૂતકાલીન. શરતી સંભાવના.**

આવ-ત-ઓ + હો-ત

આવતો હોત, આવતી હોત, આવતું હોત, આવતા હોત, આવતાં હોત.

**મુખ્ય ધાતુ લિંગવચનનો પદસંવાદ ઉદ્દેશ્ય મુજબ અને સહાયકારી કોઈ પદસંવાદ ન દર્શાવે.**

નદીમાં પાણી રહેતું હોત તો આસપાસના ગામોના ખેડૂતો સુખી હોત.
કાપડનો ધંધો સારો ચાલતો હોત તો બદલવાની જરૂર ન પડત.

**3.2.15 ધાતુ-અપૂર્ણાવસ્થા – લિંગવચન + સંભાવના(કલ્પના) પુરુષવચન**

**આવ-ત-ઈ + હો-ઉં**

આવતો હોઉં, આવતી હોઉં, આવતો હોય, આવતી હોય, આવતું હોય, આવતા હોય, આવતાં હોય.

**મુખ્ય ધાતુ પદસંવાદ ઉદ્દેશ્ય મુજબ અને સહાયકારી પણ ઉદ્દેશ્ય મુજબ પુરુષવચનનો પદસંવાદ દર્શાવે છે.**

પતિ-પત્ની બેઉ કમાતાં હોય, બે બાળકો હોય અને સરસ મજાનું ઘર હોય.
મહિને લાખ રુપિયા કમાતો હોઉં તો વાત જુદી છે.

**3.2.16. ધાતુ-પૂર્ણાવસ્થા – લિંગવચન + શરતી સંભાવના. – પુરુષવચન**

**આવ-ય-ઓ + હો-ઉં**

આવ્યો હોઉં, આવી હોઉં, આવ્યો હોય, **આવી હોય,** આવ્યું હોય, આવ્યા હોય, આવ્યાં હોય, આવ્યા હો.

**મુખ્ય ધાતુ સકર્મક હોય તો લિંગવચનનો પદસંવાદ કર્મ સાથે અને સહાયકારી ધાતુ પુરુષવચનનો પદસંવાદ દર્શાવે છે.**

કંપનીએ <u>નફો કર્યો</u> હોય તો એમણે કર્મચારીઓને એનો લાભ આપવો જોઈએ.

એ ગરીબીમાં <u>ઊછર્યા હોય</u> તો એમને ગરીબો વિશે હમદર્દી હોવી જોઈએ.

**3.2.17. ધાતુ-અપૂર્ણાવસ્થા-લિંગવચન + નકારવાચક સહાયકારી.**

**આવ-ત-ઓ + નથી**

આવતો નથી, આવતી નથી, આવતું નથી, આવતા નથી, આવતાં નથી.

બે વાડકા ભરીને હલવો ખાધો તોય <u>ધરાતો નથી.</u>

નકારવાચક સહાયકારીની આ રચના મુખ્ય પૂર્ણાવસ્થા સાથે પણ જોવા મળે છે. સહાયકારીનું રૂપ 'નથી' વર્તમાનકાલીન પૂર્ણાવસ્થામાં વપરાય છે. ભૂતકાલીન અવસ્થા માટે 'નહીં' એવું નકારવાચકનું રૂપ વપરાય છે.

આવ્યો નથી. (વર્તમાનકાલીન પૂર્ણાવસ્થા)

આવ્યો નહીં. (ભૂતકાલીન પૂર્ણાવસ્થા)

**રચનામાં પદસંવાદ ઉદ્દેશ્ય સાથે રહે છે. સહાયકારીનું રૂપ પદસંવાદ દર્શાવતું નથી.**

**3.2.18. ધાતુ-પૂર્ણાવસ્થા-લિંગવચન + ભૂતકાલીન શરતી સંભાવના**

**આવ-ય-ઉં + હો-ત.**

આવ્યો હોત, આવી હોત, આવ્યું હોત, આવ્યા હોત, આવ્યાં હોત.

**ધાતુ સકર્મક હોય તો સંવાદ કર્મ મુજબ અન્યથા ઉદ્દેશ્ય મુજબ. સહાયકારી ધાતુનું રૂપ પદસંવાદ દર્શાવતું નથી.**

આજે મારા બાપુજી <u>જીવતા હોત</u> તો એમને જરૂર આનંદ <u>થયો હોત</u>.

ધીમા તાપે <u>શેક્યો હોત</u> તો રવો <u>બળી ન જાત.</u>

**3.2.19.ધાતુ-વિધ્યર્થક-**લિંગવચન **(નપું.એક.) + વર્તમાન.-પુરુષવચન (તૃ.પુરુષ એકવચન)**

**આવ-વ-ઉં + છે.**

**આ રચના ઇચ્છાદર્શક છે.** સહાયકારી ધાતુનાં રૂપો કાળ-અર્થ મુજબ આવે છે. જેમકે, વર્તમાનકાળ હોય તો છે વગેરે રૂપો આવે છે.

તમારે ફિલ્મ જોવા <u>આવવું છે</u>?

મારે તો સાંજે ખિચડી જ <u>ખાવી છે.</u>

આ ઇચ્છાદર્શક રચના સાથે કાળ-અર્થના સહાયકારી ધાતુના વિવિધ રૂપો આવે છે. હવેની 3.2.22 સુધીની રચનાઓ એ સ્પષ્ટ કરે છે.

**3.2.20. ધાતુ-વિધ્યર્થક-નપું.એકવચન + સંભાવના-તૃ.પુરુષ એકવચન.**

આવવું હોય.

બહેનને આપણી સાથે <u>આવવું હોય</u> તો ભલે આવતાં.

**3.2.21. ધાતુ-વિધ્યર્થક-નપું.એક. + ભૂતકાળ-નપું.એકવચન**

આવવું હતું.

એને મહેમાન સામે ગીત <u>રજૂ કરવું હતું.</u>

**3.2.22. ધાતુ-વિધ્યર્થક-નપું.એક. + ભૂત.સંભાવના**

આવવું હોત.

એને તેમની સાથે <u>જવું હોત</u> તો એણે હા પાડી હોત.

**3.2.23. ધાતુ-વિધ્યર્થક-નપું.એક. + વિધ્યર્થક-સહાયકારી-પુરુષવચન.**

**આવ-વ-લિંગવચન + જોઈ-એ**

આવવું જોઈએ. આવવી જોઈએ, આવવો જોઈએ, આવવા જોઈએ, આવવાં જોઈએ.

ક્યારેક પિતાએ દીકરાની વાત <u>સાંભળવી જોઈએ</u>.

**પદસંવાદ કર્મ સાથે રહે છે. એને કારણે સહાયકારી પણ હંમેશાં તૃતીય પુરુષ એકવચનમાં જ દેખાય છે.**

સહાયકારી ધાતુ અર્થછાયા મુજબ બદલાય છે. જેમકે,

ગાંઠ મોટી છે એટલે ચેકો <u>મૂકવો પડશે.</u>

'જોઈએ' રૂપ વપરાય ત્યારે ક્રિયાનું સૂચન થાય છે જ્યારે 'પડશે' વપરાય ત્યારે એમાં આગ્રહ કે દબાણનો અર્થ આવે છે.

**3.2.24. ધાતુ-અપૂર્ણાવસ્થા-લિંગવચન + સંભાવના-લિંગવચન + વિધ્યર્થક-સહાયકારી-પદસંવાદ.**

**આવ-ત-ઓ + હો-વ-ઓ + જોઈ-એ**

આવતો હોવો જોઈએ, આવતી હોવી જોઈએ વગેરે.

મને લાગે છે કે અહીં વાઘ નિયમિત <u>આવતો હોવો જોઈએ.</u>

આ રચનામાં બે સહાયકારી વપરાયા છે. પ્રથમ 'હોવું' સહાયકારીનો અર્થ સંભાવના

વ્યક્ત કરવાનો છે અને બીજા સહાયકારી જોઈએ નો અર્થ કેટલેક અંશે વક્તાના મનમાં ખાતરીનો હોઈ શકે છે પણ સ્પષ્ટ રીતે કહી ન શકાય. નીચેનાં વાક્યોની તુલના કરીએ તો કદાચ સ્પષ્ટતા થાય. જુઓ –

ક્યાંક વરસાદ <u>પડતો હશે.</u>

ક્યાંક વરસાદ <u>પડતો હોવો જોઈએ.</u>

પ્રથમ વાક્યમાં માત્ર સંભાવના છે જ્યારે બીજામાં વક્તાને પક્ષે ખાતરીપૂર્વકની સંભાવના છે એમ કહી શકાય.

**પદસંવાદ ઉદ્દેશ્ય મુજબ લિંગવચનનો મુખ્ય અને પ્રથમ સહાયકારીમાં અને પુરુષવચનનો બીજા સહાયકારીમાં રહે છે.**

**3.2.25. ધાતુ-પૂર્ણાવસ્થા-લિંગવચન + સંભાવના-લિંગવચન + વિધ્યર્થક-સહાયકારી-પુ.વ.**

**આવ-ય-ઓ + હો-વ-ઓ + જોઈ-એ**

આવ્યો હોવો જોઈએ, આવી હોવી જોઈએ વગેરે.

બધા વચ્ચે એ એવું <u>વર્ત્યો હોવો જોઈએ</u> અન્યથા શાંતિભાઈ આટલા ગુસ્સે ન થાય.

**પૂર્ણાવસ્થાનો પ્રત્યય બાદ કરતાં બાકીની રચના 3.2.24 ની જેમ જ રહે છે. પદસંવાદ પણ એવો રહે છે.**

**3.2.26. ધાતુ-સંબંધક ભૂત કૃદંત + (જવું)(વિશિષ્ટાર્થી) સહાયકારી-કાળ-અવસ્થાનો પ્રત્યય-**

**પદસંવાદ**

**આવ-ઈ + જા-ય.**

આવી જાય, આવી જશે,આવી ગયો, આવી ગઈ, આવી ગયું, આવી ગયા, આવી ગયાં, આવી ગયો છે, આવી ગઈ છે, આવી ગયું છે, આવી ગયા છે, આવી ગયાં છે, આવી ગયો હશે, આવી ગઈ હશે, આવી ગયું હશે, આવી ગયા હશે, આવી ગયાં હશે.

આવી જઉં છું, આવી જઈએ છીએ, આવી જાય છે, આવી જાઓ છો.

આ પ્રકારની રચનામાં જવું સહાયકારી વિશિષ્ટાર્થી છે. મુખ્ય ધાતુ દ્વારા દર્શાવાતી ક્રિયા/પ્રક્રિયાનું પૂર્ણત્વ દર્શાવવાનું કાર્ય કરે છે. આ સહાયકારી પછી પણ કાળ-અર્થનો સહાયકારી આવી શકે છે. વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ અનેક છે. એમના

વિશિષ્ટાર્થોની ચર્ચા અલગથી કરી છે. બધાની રચના ઉપર મુજબ જ રહે છે. જેમની રચના અલગ થાય છે એ અલગથી દર્શાવી છે.

**મુખ્ય ધાતુનું રૂપ પદસંવાદ દર્શાવતું નથી. પ્રથમ સહાયકારીનું રૂપ ઉદ્દેશ્ય મુજબ લિંગવચનનો પદસંવાદ દર્શાવે છે અને કાળ-અર્થવાચક બીજો સહાયકારી લિંગવચન કે પુરુષવચનનો પદસંવાદ દર્શાવે છે.**

**2.28. ધાતુ-પૂર્ણાવસ્થાવાચી-આ + કરવું (સહાયકારી)-કાળવાચક-પુ.વ.**

**આવ-યા        કર-એ        - છ-એ**

આવ્યા કરે છે, આવ્યા કરશે, આવ્યા કરતો, આવ્યા કરતો હતો.

બાળકો આમ રમ્યા કરશે તો લેસન ક્યારે કરશે?

કૂતરો ગમે તેટલું ભસ્યા કરે હાથીને કોઈ ફેર પડતો નથી.

**મુખ્ય ધાતુનું રૂપ પદસંવાદ દર્શાવતું નથી. પ્રથમ સહાયકારી સાતત્ય દર્શાવે છે અને બીજો સહાયકારી કાળ-અર્થ દર્શાવે છે.**

**2.29. ધાતુ-ધાતુ + કરવું (સહાયકારી) – કાળવાચક – પુ.વ., લિંગ.-વ.**

**બોલ  બોલ કર-એ        છ-એ**

બોલ બોલ કરે છે. હસ હસ કરે છે. બોલ બોલ કર્યા કરે છે.

એના સાસુ આખો દિવસ બોલ બોલ કરે છે.

આખો દિવસ ખા ખા કરો તો પેટ બગડે નહીં તો શું થાય.

**મુખ્ય ધાતુના રૂપને કોઈ પ્રત્યય લાગતો નથી અને એનું પુનરાવર્તન થાય છે. પ્રથમ સહાયકારી (કરવું) સાતત્ય દર્શાવે છે અને બીજો કાળ-અર્થ દર્શાવે છે.**

આ પ્રકારની રચના બધા ધાતુઓ માટે શક્ય નથી.

**2.30. ધાતુ-પૂર્ણાવસ્થાવાચી-એ + જવું (સહાયકારી) – કાળ-અર્થવાચક-પુ.વ.**

**આવ- યે        જા-એ        છ-એ**

આવ્યે જાય છે, આવ્યે જતા હતા.

એક પછી એક ટોળાં આવ્યે જાય છે.

એ એક પછી એક ગીતો ગાયે જતો હતો.

**મુખ્ય ધાતુનું રૂપ કોઈ પદસંવાદ દર્શાવતું નથી. પ્રથમ અને બીજા સહાયકારીના રૂપો લિંગવચન કે પુરુષવચનનો પદસંવાદ દર્શાવે છે.**

**2.31. ધાતુ-અપૂર્ણાવસ્થાવાચી-લિંગવચન + વિશિષ્ટાર્થી સહાયકારી-કાળ-અર્થવાચક-પુ.વ.**

**જીવ-ત-ઓ રાખ-ય-ઓ**

જીવતું રાખ્યું, પડતું મૂકવું, વહેતું થયું.

બાની ઇચ્છાશક્તિએ જ એમને ચાર દિવસ <u>જીવતાં રાખ્યાં.</u>

આખા કુટુંબે તળાવમાં <u>પડતું મૂક્યું.</u>

**મુખ્ય ધાતુ લિંગવચનનો પદસંવાદ દર્શાવે અને સહાયકારી કાળ-અર્થ મુજબ પદસંવાદ લિંગવચન કે પુરુષવચનનો દર્શાવે છે.**

આખ્યાતની સાદી અને સંયુક્ત રચનાના વિવિધ પ્રકારો અને એમાં આવતાં મુખ્ય અને સહાયકારી ધાતુનાં રૂપો તેમજ એમના પદસંવાદ વિશે વિગતે જોયુ. આખ્યાતમાં આવનાર મુખ્ય અને સહાયકારી ધાતુઓની સંખ્યા એકથી વધુ હોય એવા સંજોગોમાં એમનો ક્રમ કયો રહે છે એ પણ ઉપરની રચનામાંથી સ્પષ્ટ થાય છે. એ ક્રમને નીચે મુજબ દર્શાવી શકાય.

આખ્યાતમાં સહાયકારી ધાતુઓનો ક્રમઃ

1) મુખ્ય ધાતુ (કોશગત અર્થ ધરાવનાર) + સહાયકારી ધાતુ (કાળ-અર્થ દર્શાવનાર)
   દોડતું હતું.
2) મુખ્ય ધાતુ + સહાયકારી ધાતુ (વિશિષ્ટાર્થી)
   પડતું મૂક્યું
3) મુખ્ય ધાતુ + સહાયકારી (વિશિષ્ટાર્થી) + સહાયકારી (કાળ-અર્થ દર્શાવના
   ફેંકી દીધું હતું.
4) મુખ્ય ધાતુ + વિશિષ્ટાર્થી + સહાયકારી (કર્મણિ) + કાળ-અર્થવાચક
   ફેંકી દેવામાં આવ્યું હતું.
5) મુખ્ય ધાતુ + નકારવાચક સહાયકારી
   ફેંક્યું નથી.
   ફેંકીશ નહીં.
   ફેંકતો નથી/નહીં.
   નકારવાચક સહાયકારી + મુખ્ય ધાતુ
   નથી ફેંક્યું
   નહીં ફેંકું
   નકારવાચક + મુખ્ય ધાતુ

ન ફેંક્યું

ના ફેંકીશ

મુખ્ય ધાતુ + નકારવાચક + સહાયકારી

ફેંક્યો ન હતો.

નકારવાચક-સહાયકારી + મુખ્ય ધાતુ

નહોતું ફેંક્યું

સામાન્ય રીતે નકારવાચક વાક્યમાં વિશિષ્ટાર્થી સહાયકારીનો ઉપયોગ થતો નથી. કદાચ નકાર મુખ્ય ધાતુની ઘટનાનો અપેક્ષિત હોય ત્યારે વિશિષ્ટાર્થની જરૂર ન હોય એમ બને. એટલે "ફેંકી ન દીધું" કે "ફેંકી દીધું નહીં" ને બદલે "ન ફેંક્યું" કે "ફેંક્યું નહીં" એમ વધુ વપરાય છે. અલબત્ત, વિશિષ્ટાર્થી સાથેની નકારવાચક રચના અસ્વીકાર્ય છે એમ ન કહી શકાય.

આખ્યાતમાં આવનારા વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓની વાત અલગથી કરી છે.

## આખ્યાતિક રચનામાં પદસંવાદ

આમ તો આખ્યાતિક રચના દર્શાવતી વખતે દરેક પ્રકારની રચનામાં પદસંવાદ કેવા પ્રકારનો રહે છે તે દર્શાવ્યું જ છે તેમ છતાં અહીં થોડીક વલણો અંગે વાત કરવાનું ઉચિત લાગ્યું છે. આખ્યાતમાં પદસંવાદનું કાર્ય શું? ખરેખર તો આખ્યાતમાં દેખાતા પદસંવાદના પ્રત્યયો (લિંગ-વચનના કે પુરુષ-વચનના) ને નામ સાથે સંબંધ છે. નામ જેને દર્શાવે એ પદાર્થમાં લિંગ, વચન અને પુરુષની સંભાવના હોય છે. આખ્યાત દ્વારા દર્શાવાતી પરિસ્થિતિને એમની સાથે અર્થગત કોઈ સંબંધ નથી. ક્રિયા, પ્રક્રિયા કે સ્થિતિને લિંગ, વચન કે પુરુષ ન હોઈ શકે. તેમ છતાં જ્યારે આખ્યાતમાં પદસંવાદના પ્રત્યય તરીકે આ પ્રત્યયો દેખાય છે ત્યારે એનું કાર્ય વાક્યરચનાની કક્ષાએ ઉદ્દેશ્ય બતાવવાનું હોય છે. વાક્યમાં આખ્યાત એક જ હોય છે અને નામપદો એક કે તેથી વધુ હોઈ શકે છે. જ્યારે વાક્યમાં નામપદ એક જ હોય ત્યારે એ જ વાક્યનું ઉદ્દેશ્ય રહે છે. જ્યારે વાક્યમાં એકથી વધુ નામપદો હોય, ખાસ કરીને કર્તાનામપદ અને કર્મનામપદ ત્યારે બેમાંથી એક સાથે આખ્યાત પદસંવાદ દર્શાવે છે. એટલે કે એ નામપદના લિંગ-વચન કે પુરુષ-વચન દર્શાવે છે.

આખ્યાત જ્યારે કર્તરિ હોય છે ત્યારે પદસંવાદ કર્તાનામપદ મુજબ હોય છે અને જ્યારે એ કર્મણિ હોય છે ત્યારે એ કર્મનામપદ મુજબ હોય છે. આખ્યાત ક્રિયા દર્શાવતું હોય તો જ કર્તરિ અને કર્મણિ એવા બે વિકલ્પોની શક્યતા રહે છે. આખ્યાત જો પ્રક્રિયા કે સ્થિતિ દર્શાવતું હોય તો વિકલ્પો

રહેતા નથી. પ્રક્રિયાવાચી વાક્યમાં કર્તા ન હોવાથી હંમેશાં કર્મનામપદ સાથે જ આખ્યાત પદસંવાદ દર્શાવે છે. નીચેનાં ઉદાહરણોની મદદથી આ વાત સમજીએ.

ક્રિયાવાચી વાક્યરચનાઃ

સકર્મકઃ

"શિયાળામાં ખેડૂત ચણા વાવશે." (કર્તા મુજબ પુરુષ-વચનનો પદસંવાદ)

"શિયાળામાં ખેડૂતો દ્વારા ચણા વવાશે." (કર્મ મુજબ પુરુષ-વચનનો પદસંવાદ)

"શિયાળામાં ખેડૂતો દ્વારા ચણા વાવવામાં આવશે. (કર્મ મુજબ પુરુષ-વચનનો પદસંવાદ)

અકર્મકઃ

"હું હવે બરાબર ચાલી શકું છું." (કર્તા મુજબ લિંગ-વચનનો પદસંવાદ)

"મારાથી હવે બરાબર ચલાય છે." (પદસંવાદ નથી કારણ કે અહીં કર્મ નથી. આખ્યાત તટસ્થ છે.)

<u>પ્રક્રિયાવાચી વાક્યરચનાઃ</u>

"બાળકોને તો ચૉકલેટ ભાવે." (કર્મ મુજબ પુરુષ-વચનનો પદસંવાદ)

"અમને અહીંની આબોહવા સદી ગઈ છે." (કર્મ મુજબ)

<u>સ્થિતિવાચી વાક્યરચનાઃ</u>

"ટેબલ પર ત્રણ ચોપડીઓ જ છે." (તટસ્થનામપદ મુજબ પદસંવાદ)

કર્તરિ વાક્યમાં સામાન્ય સંજોગોમાં કર્તા જ ઉદ્દેશ્ય બનતો હોય છે અને ત્યારે આખ્યાત કર્તા મુજબ પદસંવાદ દર્શાવતું હોય છે. એવી જ રીતે પ્રક્રિયાવાચી વાક્યમાં કર્મ જ ઉદ્દેશ્ય બનતું હોય છે અને એની મુજબ પદસંવાદ હોય છે. કોઈ સંજોગોમાં ક્રિયાવાચી વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટે ત્યારે કર્તાને સ્થાને કર્મને ઉદ્દેશ્ય બનાવવામાં આવે છે અને વાક્યને કર્મણિ વાક્ય કહેવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં ઉપરના સામાન્ય નિયમનો અપવાદ જોવા મળે છે. વાક્ય કર્મણિ ન થયું હોય પણ જો કર્તાને શૂન્ય પ્રત્યયને સ્થાને અન્ય પ્રત્યય લાગ્યો હોય ત્યારે આખ્યાત એની સાથે પદસંવાદ દર્શાવતું નથી. એવું ભૂતકાળની, પૂર્ણાવસ્થાવાચી અને વિધ્યર્થક રચનાઓમાં થતું જોવા મળે છે. નીચેનાં વાક્યોથી વાત સ્પષ્ટ રીતે સમજાશે.

સૌ દિવાળીનો તહેવાર ધૂમધામથી ઊજવે છે. (વર્તમાનકાળ)

સૌએ દિવાળીનો તહેવાર ધૂમધામથી ઊજવ્યો. (ભૂતકાળ)

સૌએ દિવાળીનો તહેવાર ધૂમધામથી ઊજવ્યો હતો. (ભૂતકાલીન પૂર્ણાવસ્થા)

સૌએ દિવાળીનો તહેવાર ધૂમધામથી ઊજવવો જોઈએ. (વિધ્યર્થક)

ઉપરનાં વાક્યોમાં જોઈ શકાય છે કે પહેલું વાક્ય બાદ કરતાં બાકીનાં વાક્યોમાં પદસંવાદ કર્મનામપદ મુજબ થયો છે. વાક્યરચના કર્મણિ નથી. એવું એટલા માટે કહી શકાય કે એમાં આખ્યાતમાં કર્મણિનો પ્રત્યય નથી અને કર્તાનું મહત્ત્વ ઘટવાના કોઈ ખાસ સંજોગો નથી. એવી જ રીતે આ વાક્યોનું કર્મણિ થઈ શકે છે. દા.ત. "દિવાળીનો તહેવાર ધૂમધામથી ઊજવવામાં આવે છે."

આ વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટ્યું છે અને એનો ઉલ્લેખ પણ આવશ્યક રહ્યો નથી. અને આ વાક્ય વર્તમાનકાળનું હોવા છતાં કર્મણિ હોવાને કારણે પદસંવાદ કર્મનામપદ મુજબ દર્શાવેલ છે.

--------------

# પ્રકરણ 4

# વ્યાકરણિક કોટીઓઃ કાળ, અવસ્થા અને અર્થ.

આખ્યાતિક રચનામાં આવતા પ્રત્યયો અને સહાયકારી ધાતુઓની સંકુલ રચના ક્રિયા, પ્રક્રિયા સાથે કાળ, અર્થ અને અવસ્થા એમ ત્રણ પ્રકારના કાર્યોને સૂચવે છે. એમને વ્યાકરણિક કોટીઓ કહેવાય છે. આ ત્રણે બાબતોને સમજવી ખૂબ આવશ્યક છે. આ ત્રણે બાબતો એકબીજામાં સંકુલ રીતે ગૂંથાએલી છે. એ ક્યારેક પ્રત્યય દ્વારા તો ક્યારેક સહાયકારી દ્વારા વ્યક્ત થાય છે. કોઈ પ્રત્યય અમુક રચનામાં કાળનું સૂચન કરતો હોય તો અમુક રચનામાં એ અવસ્થાનું સૂચન કરે છે. સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં કાળ-અર્થની ચર્ચા કરવામાં આવતી હતી અને એમના જ વિવિધ પ્રકારો દર્શાવવામાં આવતા હતા. સંસ્કૃત ભાષાના આખ્યાતનું સ્વરૂપ એના વિવિધ પ્રત્યયો અને પદસંવાદને કારણે સંકુલ હતું એની સામે ગુજરાતી ભાષાના આખ્યાતનું સ્વરૂપ પ્રત્યયો અને સહાયકારી ધાતુઓ તેમજ પદસંવાદના નિયમોને કારણે સંકુલ બન્યું છે. સંસ્કૃત ભાષામાં સહાયકારી ધાતુનો ઉપયોગ ખાસ નથી. એને કારણે સંસ્કૃત ભાષાના વ્યાકરણને આધારે ગુજરાતી ભાષાના વર્ણનમાં પૂર્ણ ભૂતકાળ, અપૂર્ણ ભૂતકાળ જેવી વિચિત્ર પરિભાષા પ્રવેશી છે. તાર્કિક રીતે ભૂતકાળ પૂર્ણ કે અપૂર્ણ હોઈ શકે નહીં તો પછી એને પૂર્ણ કે અપૂર્ણ એવા વિશેષણો લગાવવા ઉચિત ક્યાંથી હોય? ગુજરાતી ભાષાના આખ્યાતની પ્રકૃતિ સમજીને એનું વર્ણન થવું ઘટે. એટલે કાળ, અવસ્થા અને અર્થના ખ્યાલોને સમજીએ અને એ ત્રણે એકસાથે આખ્યાતમાં કેવી રીતે દર્શાવવામાં આવે છે તે સ્પષ્ટ કરીએ.

### 4.1. કાળ

કાળનો ખ્યાલ અમૂર્ત છે. એને સમજવા માટે ઘટના કે સ્થિતિ અને સંભાષણનો સમય એમ બે બાબતોને ધ્યાનમાં લેવી પડે છે. સંભાષણ સમય એટલે વક્તા અને શ્રોતા જ્યારે પ્રત્યાયન કરે તે સમય. એ સમયને આપણે સમય ધ્રુવ કહીશું. આ સમય ધ્રુવની અપેક્ષાએ ઘટનાના સમયને નિશ્ચિત કરવો એટલે કાળનું વર્ણન કરવું. જો ઘટના સમયધ્રુવ પહેલાં હોય તો એ ભૂતકાલીન ઘટના છે; જો ઘટના સમયધ્રુવ સાથે અસ્તિત્વ ધરાવે તો એ વર્તમાનકાલીન ઘટના છે અને સમયધ્રુવ પછીની ઘટના અંગે વાત થતી હોય તો એ ભવિષ્યકાલીન ઘટના છે. નીચેની આકૃતિ આ વાતને સ્પષ્ટ કરશેઃ

```
                    પહેલાં              સાથે           પછી
                                         x
<--------------x--------------------|-------------x----------------→ સમયરેખા
                    ઘટના            સમયધ્રુવ          ઘટના
                                 (સંભાષણ સમય)
```

ઉપરની આકૃતિમાં x ચિહ્ન દ્વારા ઘટના બતાવવામાં આવી છે. આ ઘટના સમયધ્રુવ પહેલાં હોય તો એ ભૂતકાલીન ઘટના છે અને એને ભૂતકાળનો પ્રત્યય લાગશે. દા.ત.

બીરબલ એ વાત ભૂલી ગયો.
ગઈ કાલે ખૂબ ગરમી હતી.
થોડી વાર પહેલાં જ ભાભીએ સમાચાર આપ્યા.

સમયધ્રુવના એક મિનિટ પહેલાં બનેલી ઘટનાને પણ ભૂતકાલીન ઘટના ગણાય છે. જો ક્રિયા સમયધ્રુવની સાથે અસ્તિત્વ ધરાવે છે તો વક્તાને એ પ્રત્યક્ષ હોય તેમ વર્તમાનકાળમાં મૂકે છે. જેમકે,

બીરબલ રાજા સાથે વાતો કરે છે.
આજે ખૂબ ગરમી છે.
ભાભી બાબાને હીંચકો નાખે છે.

વક્તા અને શ્રોતા વાતચીત કરતા હોય તેમ તેમ સમયધ્રુવ આગળ ખસતો જાય છે. એ દરેક ખસતા બિંદુની સાથે પણ જે ક્રિયા અસ્તિત્વ ધરાવે તેને વક્તા વર્તમાનકાળમાં મૂકે છે. જેમકે, ઉપરના વાક્યમાં વક્તા અને શ્રોતાની વાતચીતની સાથે 'હીંચકો નાખવાની' ક્રિયા સતત અસ્તિત્વ ધરાવે છે. જો 'હીંચકો નાખવાની' ક્રિયા બંધ થાય અને સમયધ્રુવ આગળ વધે તો એ ક્રિયા ભૂતકાળની બની જાય.

સમયધ્રુવ પર જો વક્તા કોઈ ઘટના અંગે આગાહી કરે તો એ ઘટના ભવિષ્યકાળની બને. એક વાત ધ્યાનમાં રાખવી પડે કે ભવિષ્યકાલીન ઘટના અંગે આગાહી જ થતી હોય છે. એ હકીકત નથી હોતી. સમયધ્રુવ પર વક્તા અનુમાન અને અનુભવને આધારે આગાહી કરતો હોય છે. સમયધ્રવ પર એ ઘટનાનું અસ્તિત્વ નથી. જુઓ,

બીરબલ રાજાને કાને વાત નાખશે.
આવતી કાલે ગરમી વધશે.
સાંજે ભાભી મોટા ભાઈને સમાચાર આપશે.

આમ, ક્રમિક ઘટનાઓનું વર્ણન સમય ધ્રુવને આધારે કરવામાં આવે છે. એની સાથે એક વાત પણ સ્પષ્ટ છે કે કાળના ખ્યાલમાં પૂર્ણ કે અપૂર્ણતાની વાત ન હોઈ શકે. કાળના સંદર્ભમાં ઘટનાને સમગ્ર રીતે જોવામાં આવે છે. સમયરેખા પર કોઈ એક વ્યક્તિની એક પછી એક થતી ઘટનાઓને સમયધ્રુવ પહેલાં કે સાથે કે પછી જોવામાં આવે છે. જેમકે,

એ ચાર-પાંચ પગલાં પાછળ ગયો. દોડીને પાણીમાં દૂર પડ્યો.

“પાછા જવું, દોડવું અને દૂર પડવું” એમ ત્રણ ક્રિયાઓ ક્રમિક થઈ છે અને ત્રણે ભૂતકાળમાં થઈ છે. આપણે હંમેશાં કેવળ ક્રમિક ઘટનાઓની જ વાતો કરતાં હોતાં નથી એટલે આપણને ઘટનાઓની વિવિધ અવસ્થાઓના ખ્યાલની પણ જરૂર પડે છે.

## 4.2. અવસ્થા

કાળની વ્યવસ્થામાં સંભાષણ સમયને ધ્રુવ તરીકે લેવામાં આવે છે અને એને આધારે ઘટનાને ભૂતકાળ કે અન્ય કાળમાં મૂકવામાં આવે છે. ઘટનાની અવસ્થા દર્શાવવા માટે કોઈ અન્ય ઘટનાનો ધ્રુવ લેવામાં આવે છે. અવસ્થા એટલે ઘટનાની આંતરિક સ્થિતિઓ. ઘટના શરૂ થાય, ચાલુ રહે અને પૂર્ણ થાય એમ ત્રણ અવસ્થાઓ વ્યક્ત થઈ શકે છે. આખ્યાતના મુખ્ય ધાતુ સાથે આવનાર પ્રત્યય ઘટનાની અવસ્થા – અપૂર્ણ અને પૂર્ણ – દર્શાવે છે. ઘટનાની શરૂઆત દર્શાવવા માટે સહાયકારી ધાતુનો ઉપયોગ થાય છે. નીચેની આકૃતિ ઘટનાની અવસ્થાઓને સ્પષ્ટ કરશેઃ




બે ચોકડીઓ ઘટનાનો આરંભબિંદુ અને અંતબિંદુ દર્શાવે છે. એમની વચ્ચેની તૂટક રેખા ઘટના ચાલુ હોવાનું દર્શાવે છે. આરંભબિંદુ પહેલાંની તૂટક રેખા ઘટનાની અપેક્ષિત અવસ્થા (અર્થાત્ કેટલાક લક્ષણો જણાય તે) દર્શાવે છે. ઘટનાને અન્ય ઘટનાની અપેક્ષાએ કોઈ ઘટના અપેક્ષિત છે, અપૂર્ણ છે કે પૂર્ણ છે એ દર્શાવી શકાય છે. હવે વાક્યોની મદદથી સમજવાનો પ્રયાસ કરીએઃ

સાંજે સાડા સાત વાગે મહેમાન આવવાના હતા.
અમે સૂરત પહોંચ્યા ત્યારે વરસાદ પડતો હતો.
અમે સ્ટેશને પહોંચ્યા ત્યારે ગાડી ઊપડી ગઈ હતી.

પહેલા વાક્યમાં મહેમાનની આવવાની અપેક્ષા છે; બીજા વાક્યમાં પહોંચવાની ઘટના પહેલાં વરસાદ શરૂ થયો હતો એ ઘટના પૂરી નથી થઈ ચાલુ હતી; જ્યારે ત્રીજા વાક્યમાં પહોંચવાની ક્રિયા પહેલાં ગાડી ઊપડવાની ક્રિયા પૂરી થઈ ગઈ હતી. ઉપરનાં ત્રણે વાક્યમાં ભૂતકાળની ઘટનાઓનું નિરૂપણ છે પરંતુ લક્ષ્ય ઘટનાને અન્ય ઘટનાની અપેક્ષાએ પૂર્ણ, અપૂર્ણ કે અપેક્ષિત દર્શાવાઈ છે. આ અવસ્થાઓ મુખ્ય ધાતુને લાગતા પ્રત્યયોથી દર્શાવાય છે.

પૂર્ણાવસ્થા –ય- પ્રત્યય

અપૂર્ણાવસ્થા –ત- પ્રત્યય

અપેક્ષિતાવસ્થા –વાન- પ્રત્યય

અવસ્થાનો નિર્દેશ મુખ્ય ધાતુ દ્વારા થાય છે જ્યારે કાળ-અર્થનો નિર્દેશ એની સાથે આવનાર સહાયકારી ધાતુ (હોવું)ના રૂપોથી થાય છે. સહાયકારી ધાતુના "હતો, હતી, હતું, હતા, હતાં" રૂપો દ્વારા ભૂતકાળ દર્શાવાય છે જ્યારે "છે, છું, છીએ, છો" રૂપો દ્વારા વર્તમાનકાળ દર્શાવાય છે. એક વાત ધ્યાનમાં રાખવી કે જ્યારે પૂર્ણ વર્તમાનકાળ, અપૂર્ણ વર્તમાનકાળ એવી પરિભાષા વાપરીએ ત્યારે કાળ પૂર્ણ કે અપૂર્ણ સમજવાનો નથી. ભૂતકાલીન પૂર્ણાવસ્થા કે વર્તમાનકાલીન પૂર્ણાવસ્થા એમ કહેવું વધારે ઉચિત રહેશે. વર્તમાનકાલીન અપૂર્ણાવસ્થા અને વર્તમાનકાળ વચ્ચે કોઈ ફેર હોતો નથી. અવસ્થાઓ નીચે મુજબની વ્યક્ત થાય છેઃ

- વર્તમાનકાલીન પૂર્ણાવસ્થા - અહીં વરસાદ પડ્યો છે.
- વર્તમાનકાલીન અપેક્ષિતાવસ્થા - વરસાદ પડવાનો લાગે છે.
- ભૂતકાલીન અપૂર્ણાવસ્થા - વરસાદ પડતો હતો.
- ભૂતકાલીન પૂર્ણાવસ્થા - વરસાદ પડ્યો હતો.
- ભૂતકાલીન અપેક્ષિતાવસ્થા - વરસાદ પડવાનો હતો.
- ભવિષ્યકાલીન અપૂર્ણાવસ્થા - એ પરીક્ષા આપતો હશે.
- ભવિષ્યકાલીન પૂર્ણાવસ્થા - એણે પરીક્ષા આપી દીધી હશે.
- ભવિષ્યકાલીન અપેક્ષિતાવસ્થા - એ પરીક્ષા આપવાનો હશે.

ભવિષ્યકાલીન અવસ્થાઓ લગભગ સંભાવનાનો અર્થ વ્યક્ત કરે છે. ઘણી વાર (ખાસ કરીને પ્રથમ પુરુષમાં) અપેક્ષિત અવસ્થા ઇરાદો દર્શાવે છે. જેમકે,

હું સાંજે જમવાનો છું.

અમે મુંબઈ જવાના છીએ.

ભવિષ્યકાળ અને અપેક્ષિત અવસ્થા વચ્ચે પણ ઘણી વાર ભેદ જણાતો નથી. ભેદ કરવો હોય તો ભવિષ્યકાળની રચના પ્રમાણમાં અનિશ્ચિત હોય છે જ્યારે અપેક્ષિત અવસ્થાની રચના પ્રમાણમાં નિશ્ચિત હોય છે.

અમે મુંબઈ જઈશું.
અમે મુંબઈ જવાના છીએ.

કાળ-અવસ્થા-અર્થની વ્યવસ્થા સંકુલ બને છે જ્યારે એક પ્રત્યય અનેક કાર્ય દર્શાવે. અથવા એક જ પ્રકારના કાર્ય માટે બે રચનાઓ વપરાય. જેમકે, પૂર્ણાવસ્થાનો પ્રત્યય કાળવાચક સહાયકારીની ગેરહાજરીમાં ભૂતકાળ દર્શાવે છે. અને જ્યારે સહાયકારી હોય ત્યારે પૂર્ણાવસ્થા દર્શાવે છે. ઘટનાની પ્રારંભિક અવસ્થા દર્શાવવા માટે વિશિષ્ટ સહાયકારીનો ઉપયોગ કરવામાં આવે છે. જુઓ –

વરસાદ પડવા લાગ્યો.
યશોદા કૃષ્ણને વઢવા લાગી.
ધરતી ધ્રૂજવા લાગી

પૂર્ણાવસ્થા દર્શાવવા માટે પણ વિશિષ્ટ સહાયકારી ધાતુઓ વપરાતા જોવા મળે છે. જુઓ –

વાવાઝોડાથી ઝૂંપડાં પડી ગયાં.
જલેબી ખલાસ થઈ ગઈ.
દાદી વાત સમજી ગયાં.
એણે કાગળ ફાડી નાખ્યો.
એણે ચિત્ર ભૂંસી નાખ્યું.

**4.3. અર્થઃ**

અર્થ એટલે પ્રયોજન. વાક્ય કક્ષાએ એ સમજવું સહેલું પડે છે. દરેક વાક્ય વપરાય ત્યારે એનું કોઈ પ્રયોજન હોય છે. આ પ્રયોજન જ્યારે આખ્યાતમાં કોઈ પ્રકારે (પ્રત્યય અથવા સહાયકારી) વ્યક્ત થાય ત્યારે એ ક્રિયાપદની અર્થ નામક કક્ષામાં આવે છે. જો કોઈ પ્રયોજન આખ્યાત કક્ષાએ વ્યક્ત ન થાય તો એની ચર્ચા ક્રિયાપદમાં નહીં પણ વાક્ય કક્ષાએ વાક્યના પ્રકાર તરીકે વ્યક્ત થઈ શકે. પ્રયોજન મુખ્યત્વે ત્રણ પ્રકારનાં હોય છેઃ 1) માહિતીની આપ-લે, 2) પ્રેરણા, અને 3) ભાવાભિવ્યક્તિ.

### 4.3.1. **માહિતીની આપ-લેઃ**

વાક્ય દ્વારા શ્રોતાને કોઈ પ્રકારની માહિતી આપવામાં આવે તો એ વાક્યનું પ્રયોજન માહિતી આપવાનું બને છે. આ માહિતી નિર્દેશરૂપે, સંભાવનારૂપે કે શરતરૂપે આપવામાં આવતી હોય છે.

એણે કપડાં ધોયાં?

આ પ્રશ્નના જવાબમાં નીચેના અલગ વાક્યો આવી શકે છેઃ

એણે કપડાં ધોયાં. એ કપડાં ધોશે, એ કપડાં ધૂએ છે.
એ કપડાં ધોતી હતી. એણે કપડાં ધોયાં છે. એ કપડાં ધોવાનો છે. - નિર્દેશ

એણે કપડાં ધોયાં હશે. - સંભાવના

એણે કપડાં ધોયાં હોય તો સારું.
એણે કપડાં ધોયાં હોત તો સારું રહેત.- શરત

ઉપરનાં વાક્યો પરથી ખ્યાલ આવશે કે વિવિધ કાળ અને અવસ્થા દર્શાવતાં વાક્યો નિર્દેશ દર્શાવે છે. નિર્દેશ કોઈ ઘટનાની સંભાવનાનો પણ હોઈ શકે છે. અને શરત દર્શાવવા માટે બે ઘટનાઓની જરૂર પડે છેઃ 1) કપડાં ધોવાની અને 2) સારું હોવાની. પ્રથમ ઘટના બીજી ઘટનાની શરત રૂપે આવે છે. સંભાવના અને શરત દર્શાવનારા સહાયકારી ધાતુ (હોવું) નાં રૂપો અલગ અલગ છે. ધાતુનું "હશે" રૂપ સંભાવના દર્શાવે છે. હોવું ધાતુનાં ભવિષ્યકાળનાં રૂપો મુખ્ય ધાતુ સાથે વપરાય ત્યારે એ સંભાવના વ્યક્ત કરે છે. વર્તમાનકાલીન સંભાવના પણ દર્શાવી શકે છે. દા.ત.

બાળકો અત્યારે રમતાં હશે.

ઘણી વાર ભવિષ્યકાળ અને સંભાવના વચ્ચેની ભેદરેખા વપરાશમાં બહુ સ્પષ્ટ હોતી નથી. જેમકે,

અગિયાર વાગે તો હું સૂતો હોઈશ.

આ વાક્ય ભવિષ્યકાલીન પૂર્ણાવસ્થા દર્શાવે છે કે પછી સંભાવના એ બહુ સ્પષ્ટ નથી. અને એમનું અર્થઘટન સંભાષણ સંદર્ભ પર અવલંબે છે.

## 4.4. પ્રયોગ - કર્તરિ અને કર્મણિ રૂપો અને પદસંવાદઃ

**પ્રયોગઃ**

આમ જોવા જઈએ તો કર્તરિ અને કર્મણિ પ્રયોગ અને પદસંવાદ એ વાક્ય કક્ષાએ વધુ સારી રીતે દર્શાવી શકાય છે. એમની ચર્ચા એ વાક્યરચનાનો વિષય છે છતાં એમના પ્રત્યયો આખ્યાતમાં દેખાતા હોવાથી એની વાત અહીં કરવી આવશ્યક બને છે. પ્રયોગ એટલે ઉપયોગ. જ્યારે વાક્ય ક્રિયાવાચી હોય ત્યારે એ વાક્યના બે વિકલ્પો આપણી પાસે આવે છે. એક કર્તરિ અને બીજો કર્મણિ. એમાંથી એકનો ઉપયોગ એ પ્રયોગ છે. કર્તરિ પ્રયોગ કર્તાના સ્વાભાવિક મહત્ત્વને કારણે કર્તાને ઉદ્દેશ્ય બનાવીને રજૂ કરવાની રીત છે. કોઈ સદર્ભે કર્તાને મહત્ત્વ આપવાનું વાક્તા ન સ્વીકારે અને તો કર્મને મહત્ત્વ મળે છે અને કર્મણિ પ્રયોગ આપણી પાસે આવે છે. કર્તરિ પ્રયોગ સ્વાભાવિક છે અને એનો કોઈ પ્રત્યય નથી. કર્મણિનો -આ પ્રત્યય મળે છે. આ પ્રત્યય લાગ્યા બાદ કેટલાક ફેરફાર ધાતુના રૂપમાં થાય છે. 1) મૂળ ધાતુમાં પ્રથમાક્ષર (આ, ઊ, ઈ) દીર્ઘ હોય તો એ હ્રસ્વ બને છે.

આપવું – અપાવું, રાખવું – રખાવું, ઊડવું – ઉડાવું, ચીતરવું – ચિતરાવું, ટીચવું – ટિચાવું આના અપવાદ સ્વરૂપે જો એ દીર્ઘ સ્વર – ઈ અને ઊ નાસિક્ય હોય તો હ્રસ્વ થતો નથી.

પીંજવું – પીંજાવું, ફૂંકવું – ફૂંકાવું

જો આં સ્વર નાસિક્ય હોય તો એ હ્રસ્વ થાય અને અને એનું નાસિક્યપણું દૂર થઈ અનુનાસિક વ્યંજન બને છે.

આંટવું – અંટાવું, છાંટવું – છંટાવું

ગુજરાતીમાં કર્મણિ પ્રયોગની બે રચના મળે છે. એક રચનામાં કર્મણિનો -આ પ્રત્યય લાગે છે અને બીજી રચના સંયુક્ત આખ્યાતની મળે છે. આ રચનામાં મુખ્ય ધાતુનું સામાન્ય કૃદંતરૂપ (જે નામિક હોય છે.) હોય છે જેને -આ-માં પ્રત્યય લાગે છે અને "આવવું" સહાયકારી ધાતુ વપરાય છે. કર્મણિ પ્રયોગમાં એકંદર વાક્યરચના પણ બદલાય છે.

1) શક્યાર્થક કર્મણિ રચના
   કર્તરિઃ દાદા માંડ દસ પગલાં ચાલી શકે છે.

   કર્મણિઃ દાદાથી માંડ દસ પગલાં ચલાય છે.
2) યોગ્યાર્થક કર્મણિ રચના
   કર્તરિઃ હું એમને વઢી ન શકું. (એ યોગ્ય નથી એ અર્થમાં)
   કર્મણિઃ મારાથી એમને ન વઢાય.
3) કર્તરિઃ પોલીસે ટોળાને રોક્યું.
   કર્મણિઃ પોલીસ દ્વારા ટોળાને રોકવામાં આવ્યું.

કર્તરિ વાક્યનો સંકેત આખ્યાતમાં પદસંવાદ કર્તા મુજબ રાખીને આપવામાં આવે છે. આ સંકેત કર્મણિમાં બદલાય છે અને પદસંવાદ કર્મ મુજબ રાખવામાં આવે છે. કર્તરિ વાક્યમાં કર્તા શૂન્ય પ્રત્યય લે છે જ્યારે કર્મણિ વાક્યમાં એને -થી પ્રત્યય અથવા -દ્વારા નામયોગી લગાડવામાં આવે છે.

**પદસંવાદ**

બે અલગ અલગ શબ્દો કે પદો વચ્ચે સરખા પ્રત્યયોનો વપરાશ એટલે પદસંવાદ. એ બે શબ્દો વચ્ચે વ્યાકરણિક સંબંધ છે એમ નક્કી થાય છે. એક ઉદાહરણ લઈને સ્પષ્ટ કરીને આગળ વધીએ

છોકરાઓ અગાસીમાં પતંગ ચગાવતા હતા.
/____............................____/

ઉપરના વાક્યમાં વાક્યના કર્તાનામ (છોકરાઓ) અને આખ્યાત (ચગાવતા હતા) વચ્ચે પદસંવાદ છે. કર્તાનામ પુંલ્લિંગ બહુવચનનો પ્રત્યય લે છે તેને આધારે આખ્યાત પણ પુંલ્લિંગ બહુવચનનો પ્રત્યય લે છે. પદસંવાદમાં એક પદને આધારે બીજા પદના પ્રત્યયો નક્કી થાય છે. જે પદને આધારે પ્રત્યય નક્કી થાય છે એ પદને “નિયંત્રક” કહી શકાય અને જે પદના પ્રત્યયો નક્કી થાય છે એ પદને “નિયંત્રિત” કહી શકાય. વાક્યમાં નિયંત્રક નામપદ હોય છે અને નિયંત્રિત આખ્યાતપદ હોય છે. વાક્યરચનાના બાહ્યસ્વરૂપમાં નામપદ નિયંત્રકની ભૂમિકામાં હોય છે અને એ આખ્યાતમાં આવતા પ્રત્યયોને નક્કી કરે છે. નિયંત્રક અને નિયંત્રિત પદોને જાણવા અગત્યનાં હોય છે. એક બાબત સ્પષ્ટ છે કે આખ્યાતમાં આવતા લિંગવચન કે પુરુષવચનના પ્રત્યયોનું નિયંત્રક પદ વાક્યમાંનું કોઈ એક નામપદ હોય છે. અર્થાત્, એ નામનાં લિંગવચન કે પુરુષવચન મુજબ આખ્યાતમાં લિંગવચન કે પુરુષવચનના પ્રત્યયો મળે છે. પરંતુ, વાક્યમાં એકથી વધુ નામ હોય તો કયા નામ મુજબ પ્રત્યયો લેવા, એટલે કે કયું નામ નિયંત્રક છે, એનું નિયંત્રણ તો આખ્યાત જ કરતું હોય છે. અર્થાત્, નિયંત્રક અને નિયંત્રિતની ભૂમિકા પરસ્પરાવલંબી છે. આ વાત ઉદાહરણોની મદદથી સમજી શકાશે.

અમે સાંજે ખીચડી જ ખાશું.
/_ ................................_/

અમે સાંજે ખીચડી જ ખાધી.
/_........_/

ઉપરનાં વાક્યોમાં આખ્યાત બદલાયું છે અને પરિણામે પદસંવાદ બદલાયો છે. પ્રથમ વાક્યમાં આખ્યાતનું રૂપ ભવિષ્યકાળનું છે. આ રૂપ એમ નક્કી કરે છે કે આ વાક્યમાં પદસંવાદ કર્તાનામપદ

મુજબ રહેશે અને પુરુષવચનના પ્રત્યયો લેશે. બીજા વાક્યમાં આખ્યાતનું રૂપ ભૂતકાળનું છે. આ રૂપ એમ નક્કી કરે છે કે આ વાક્યમાં પદસંવાદ કર્મનામપદ મુજબ રહેશે અને લિંગવચનના પ્રત્યયો લેશે. એટલે આખ્યાતનું રૂપ જ પદસંવાદ માટેનું નામપદ અને પદસંવાદના પ્રત્યયો નક્કી કરે છે. આખ્યાતમાં આવતા કાળ-અર્થ-અવસ્થાના પ્રત્યયો આ વાત નક્કી કરે છે. એવી જ રીતે આખ્યાતમાં ધાતુનું  કર્તરિ કે કર્મણિ રૂપ પણ પદસંવાદનું સ્વરૂપ નક્કી કરે છે. આમ, વાસ્તવમાં આખ્યાત પોતે જ નિયંત્રક છે પણ વાક્યમાં નામપદ નિયંત્રક હોય એવું લાગે છે. આ વાત ઊપર આપેલ આખ્યાતની વિવિધ રચનાઓ જોવામાં આવે તો પણ એ વાત સ્પષ્ટ થઈ શકશે. આખ્યાતની એ રચના દર્શાવતી વખતે એમાં પદસંવાદની માહિતી પણ આપવામાં આવી છે. ત્યાં બધી જ રચનાઓમાંના પદસંવાદને દર્શાવવામાં આવેલ હોવાથી અહીં એનું પુનરાવર્તન કર્યું નથી.

પદસંવાદ બે પદો વચ્ચે વ્યાકરણિક સંબંધ દર્શાવે છે એમ આપણે ઊપર કહ્યું. આ વ્યાકરણિક સંબંધ કયો એની સ્પષ્ટતા વાક્ય કક્ષાએ થાય, પરંતુ અહીં એનો નિર્દેશ કરીએ તો ખોટું નથી. વાક્યમાં એક ક્રિયાપદ અને એકથી વધુ નામપદ આવી શકતા હોય છે. એમાંથી કોઈ એક નામપદ સાથે ક્રિયાપદ પદસંવાદ દર્શાવે છે. પારંપરિક રીતે જેની સાથે પદસંવાદ દર્શાવવામાં આવે તેને વાક્યનું ઉદ્દેશ્ય ગણાય છે. અર્થાત્, વાક્યમાં જે ઘટનાની/પરિસ્થિતિની વાત કરી હોય એ ઘટના કે પરિસ્થિતિ કયા નામને આધારે રજૂ થઈ છે તે દર્શાવવાનું કાર્ય ઉદ્દેશ્ય કરે છે. ઉદ્દેશ્યનો કોઈ અલગ પ્રત્યય હોતો નથી પણ આખ્યાત જેની સાથે પદસંવાદ દર્શાવે તે ઉદ્દેશ્ય હોય છે. આ વાત હંમેશાં સાચી પુરવાર થતી નથી. જ્યારે ક્રિયા કર્તાને આધારે રજૂ થાય ત્યારે એમાં કર્તા ઉદ્દેશ્ય હોય અને કર્મને આધારે રજૂ થાય ત્યારે કર્મ ઉદ્દેશ્ય હોય છે. કેટલેક અંશે આ વાત સાચી પણ છે. પરંતુ, ઘણા એવાં વાક્યો મળે જેમાં આવું બનતું નથી. ખાસ કરીને ભૂતકાળ અને પૂર્ણાવસ્થા દર્શાવતાં વાક્યોમાં પદસંવાદને ધ્યાનમાં લઈએ તો કર્મ ઉદ્દેશ્ય બનતું જણાય અને છતાં વાક્ય કર્તરિ હોય છે. (એનું કર્મણિ બનાવવું શક્ય હોય છે. જો મૂળ વાક્ય કર્મણિ હોય તો તેનું કર્મણિ બનાવવું શક્ય હોતું નથી). એવું જ વિધ્યર્થક વાક્યોમાં પણ જોવા મળે છે. જુઓ –

અમે સાંજે ખીચડી ખાધી.
અમે ગઈ કાલે સાંજે ખીચડી ખાધી હતી.
તમારે હવે થોડી ખીચડી ખાવી જોઈએ.

આ વાક્યો કર્તરિ હોવાં છતાં ઉપરછલ્લી રીતે ઉદ્દેશ્ય કર્મનામપદ દેખાય છે. આની ઊંડી ચર્ચા અહીં એટલા માટે નથી કરી કે એ વાક્યરચનાનો વિષય છે. એટલે માત્ર નિર્દેશ કરીને છોડીએ દીધી છે.

--------------

# પ્રકરણ 5

# ક્રિયાવિશેષણ

ક્રિયાપદમાં આખ્યાત અને ક્રિયાવિશેષણ એમ બે ભાગ આપણને મળે છે. આખ્યાત અંગે આપણે વિગતે જોયું. આખ્યાતમાં આવતાં ધાતુઓ, પ્રત્યયો અને સહાયકારી ધાતુઓ અને એમની રચના અને કાર્યો જોયાં. હવે આપણે ક્રિયાવિશેષણ વિશે જોઈશું. ક્રિયાપદમાં આખ્યાત સિવાયના જે પદો હોય છે એ નામપદો હોય છે અથવા ક્રિયાવિશેષણો હોય છે. નામપદની ઓળખાણ એ કે એમાં લિંગ-વચન-વિભક્તિના પ્રત્યયો જોવા મળે છે. વાક્ય જોઈએ એટલે સ્પષ્ટતા થશે.

અમે બધાએ સાંજે ખીચડી જ ખાધી હતી.
/_______/ /_________________/
ઉદ્દેશ્ય નામપદ      ક્રિયાપદ

ક્રિયાપદમાં પણ "સાંજે" અને "ખીચડી" એવા નામપદો છે અને "ખાધી હતી" એ આખ્યાત છે. ક્રિયાપદની અંદર આવેલ નામપદ (એકલું નામ હોય તો પણ એને નામપદ ગણી શકાય) લિંગ ધરાવે છે અને વિભક્તિ પણ ધરાવે છે.

સાંજ (સ્ત્રીલિંગ) – એ (સમયવાચક વિભક્તિ પ્રત્યય

ક્રિયાપદની અંદર આવતાં "સાંજે" અને "ખીચડી" નામોને નામપદ તરીકે દર્શાવવા કે પછી એમને એમનાં કાર્યને આધારે અનુક્રમે ક્રિયાવિશેષણ અને નામપદ તરીકે દર્શાવવા એ અંગે મૂંઝવણ હોઈ શકે છે. બન્ને એમના શબ્દવર્ગને આધારે નામો જ છે પરંતુ ક્રિયાપદમાં કાર્યને આધારે એમને નામપદ અને ક્રિયાવિશેષણ એમ કહેવાય છે. નામ કે નામપદ જ્યારે આવાં બે કાર્ય દર્શાવે ત્યારે એમનાં એ બન્ને કાર્યોની સ્પષ્ટતા થવી ઘટે. વાક્યમાં સામાન્ય રીતે એક આખ્યાત અને એકથી વધુ નામો કે નામપદો આવતાં હોય છે. જો વાકયમાં એક જ નામપદ હોય તો એ નામપદ ઉદ્દેશ્ય તરીકે કાર્ય કરે છે અને વાક્યના ઘટકોને છૂટા પાડવામાં આવે તો એ નામપદ ઉદ્દેશ્ય તરીકે અને બાકીનો ભાગ ક્રિયાપદ તરીકે છૂટું પડે. પણ જ્યારે વાક્યમાં એકથી વધુ નામપદ આવતાં હોય ત્યારે એક જ નામને ઉદ્દેશ્ય તરીકે છૂટું પાડી શકાય છે અને બાકીનાં નામો આખ્યાત સાથે ક્રિયાપદ તરીકે છૂટું પડે છે. જે આપણે ઉપર જોયું. ક્રિયાપદની અંદર આવનાર નામપદોનાં કાર્ય વિભિન્ન હોય છે. અને એ કાર્યને આધારે એમને કર્મ, ગૌણ કર્મ અને પરોક્ષ કર્મ તરીકે નામો અપાય છે. એમાંથી જે નામપદ પરોક્ષ કર્મ તરીકે આવતું હોય એમને ક્રિયાવિશિષણ પણ કહેવાય છે.

પારંપરિક વ્યાકરણોમાં ક્રિયાવિશેષણ અને અવ્યય એવા બે પારિભાષિક શબ્દો પ્રચલિત છે. આ બન્ને શબ્દો શું દર્શાવે છે તે જોઈએ. જોડણી કોશ એકાદ-બે જગ્યાએ "ક્રિયાવિશેષણ" શબ્દ

વાપરે છે અન્યથા એ "અવ્યય" શબ્દ વાપરે છે. એ શબ્દોના ચાર પ્રકાર – નામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય – એમ દર્શાવે છે. ક્રિયાવિશેષણ અને ક્રિયાવિશેષણ અવ્યય એવા શબ્દોને એ પર્યાય તરીકે દર્શાવે છે જેનો અર્થ – "ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ" (પૃષ્ઠ ક્રમાંક 213, જોડણી કોશ, ઑક્ટોબર, 2012) એમ આપે છે. અવ્યય શબ્દને સમજાવતી વખતે "જેને જાતિ, વચન કે વિભક્તિના પ્રત્યય ન લાગે તેવો શબ્દ" એમ કહે છે.(પૃ.52) જોકે, આ વ્યાખ્યાનું ઉલ્લંઘન જોડણી કોશમાં જ થયું છે. દા.ત. "અગાઉ" શબ્દને એ અવ્યય કહે છે, પરંતુ એને "અગાઉથી", "અગાઉનું" જેવા વિભક્તિ પ્રત્યયો લાગે છે. જોડણીકોશની ઉપરોક્ત વ્યાખ્યાને પકડી રાખીએ તો "અકસ્માત્, કદાચ, લગભગ, ચોક્કસ, ફટાફટ, જલદી, જરૂર" જેવા શબ્દો અવ્યય કહેવાય. આવા ઘણા શબ્દો મળી આવે. આ શબ્દોનો સંબંધ ક્રિયાપદમાં આખ્યાત સાથે હોય છે. વ્યાકરણોમાં આ અવ્યયોને આખ્યાતમાં વિશેષણતા ઉમેરનારા એમ કહીને ક્રિયાવિશેષણ વર્ગમાં મૂકવામાં આવે છે. અવ્યય કે ક્રિયાવિશેષણ અંગેની આ સમજણ ઘણાખરાં વ્યાકરણોમાં જોવા મળે છે. શ્રી. ક.પ્રા. ત્રિવેદી જણાવે છે તેમ, - અવ્યયના ચાર પ્રકાર છે. જે અવ્યય ક્રિયાપદના વિશેષણ થાય છે તે ક્રિયાવિશેષણ અવ્યય કહેવાય છે. તેઓ અવ્યયના પ્રકારઃ કાળવાચક, સ્થળવાચક, રીતવાચક, કારણાવાચક એમ ગણાવે છે." એમણે દર્શાવેલા કાળ અને સ્થળવાચક અવ્યયોને વિભક્તિ પ્રત્યય લાગે છે એટલે અવ્યયની વ્યાખ્યામાં બેસાડવા મુશ્કેલ લાગે દા.ત. આજ, કાલ, નજીક, દૂર, નીચે, બહાર વગેરે. આમને અનુક્રમે -એ અથવા –થી વિભક્તિ પ્રત્યય લાગે છે અને આ બધા શબ્દોને લિંગ (સ્ત્રીલિંગ) છે જે એમના પૂર્વે આવતા વિશેષણોમાં વ્યક્ત થાય છે. યોગેન્દ્ર વ્યાસે પણ ક્રિયાવિશેષણસૂચક રૂપોના રવાનુકારી અને તે સિવાયનાં એમ બે પ્રકાર કર્યા છે. "ફટોફટ, ઝટપટ વગેરે રવાનુકારી અને એ સિવાયના રૂપોમાં હવે, અત્યારે, આગળ, પાછળ, ઉપર, હાલ, બસ, તરત" જેવાં રૂપો આપ્યાં છે. એમાં પણ પાછળ, આગળ કે હાલ જેવા રૂપોને વિભક્તિ પ્રત્યય લાગી શકે છે. તેઓ કામગીરી અને રચના એમ બેને આધારે ક્રિયાવિશેષણના પ્રકાર દર્શાવે છે.

પારંપરિક વ્યાકરણોમાં ક્રિયાવિશેષણ તરીકે કે અવ્યય તરીકે દર્શાવવામાં આવતાં શબ્દો એ ઘણી વાર એકથી વધુ વર્ગમાં આવતાં જોવા મળે છે. જેમકે, "ઉપર" શબ્દ ક્રિયાવિશેષણ તરીકે આવે કારણ કે ક્રિયાના સ્થાનને દર્શાવે છે. જ્યારે એને નામની સાથે આવનાર નામયોગી અવ્યય પણ કહેવાય છે. અને ખરેખર તો ઉપર એ પોતે જ નામ છે. કારણ કે એનું લિંગ સ્ત્રીલિંગ છે અને એને -થી એવો વિભક્તિ પ્રત્યય લાગી શકે છે.

એનો અર્થ એ થયો કે ક્રિયાપદમાં આવતાં નામપદો અથવા અવ્યયો એમની કામગીરીને આધારે ક્રિયાવિશેષણ બને છે. આ માટે કયા નામપદો ક્રિયાવિશેષણ તરીકે ગણવા અને કયા અવ્યયોને ક્રિયાવિશેષણ ગણવા અથવા નામયોગી ગણવા એની સ્પષ્ટતા કરવી જોઈએ. એ સ્પષ્ટતા કરવાનો આપણે પ્રયત્ન કરીશું. મૂળભૂત રીતે ક્રિયાવિશેષણ હોય એવાં રૂપો અને અન્ય

વર્ગના શબ્દોમાંથી સધાતાં ક્રિયાવિશેષણો એમ બે વર્ગો કરીશું અને પછી વાક્યમાં એમનું કાર્ય કેવી રીતે ક્રિયાવિશેષણનું બને છે તે જોઈએ.

**5.1.અવ્યયરૂપ ક્રિયાવિશેષણોઃ-**

રીતવાચક – અચાનક, કડકડાટ, ફટાફટ, બારોબાર

સ્થાનવાચક – પણે, દૂર, રૂબરૂ, આરપાર, લગોલગ,

સમયવાચક – કદી, તરત, પછી, પહેલાં, સદા.

**5.2. નામ કે વિશેષણ પરથી બનતાં :**

બીજા એવા શબ્દોને ક્રિયાવિશેષણ વર્ગમાં મૂકવામાં આવે છે જે ખરેખર તો નામો કે વિશેષણો હોય છે પણ એ પદોનું કાર્ય વાક્યમાં સ્થળ, સમય દર્શાવવાનું હોય છે.

**5.3. સ્થળવાચક ક્રિયાવિશેષણ –**

નામ પરથી બનતાં - ઉપર, ઉપરથી, બહાર, બહારથી, આસપાસ, ઘરમાં, બહાર, બહારથી.

વિશેષણ પરથી બનતાં – સામે,સામેથી, બધે,

**5.3. સમયવાચક ક્રિયાવિશેષણ –**

નામ પરથી બનતાં – આજે, કાલે, ભાગ્યે, રોજે, હાલમાં.

વિશેષણ પરથી બનતાં – પહેલાં, પહેલેથી, વહેલાં, શરૂથી.

**5.4. રીતવાચક ક્રિયાવિશેષણ –**

નામ પરથી બનતાં – પેટે, જાતે, રીતે, મેતે, વિગતે, હાથોહાથ, હારબંધ, ઉતાવળે

વિશેષણ પરથી બનતાં – ધીરે, ધીમે, જલદી, ધીમેથી, હળવેથી.

ધાતુ પરથી બનતાં – દોડતાં દોડતાં, ખાતાં ખાતાં,

રવાનુંકારી અને ધાતુથી બનતાં – ફટ લઈને, ધડામ્ દઈને,

**5.5. હેતુ, કારણ, પૂર્વ ક્રિયા  દર્શક ક્રિયાવિશેષણો –**

આ ક્રિયાવિશેષણો ધાતુનાં કૃદંત રૂપો પરથી બને છે. એ એક રીતે અવ્યય જેવાં હોય છે કારણ કે એમને કોઈ પદસંવાદના પ્રત્યયો (લિંગવચનના) લાગતા નથી જે અવસ્થાવાચી કૃદંતોને લાગે છે. પરંતુ એ ધાતુ પરથી બને છે એટલે એમને કૃદંત વર્ગમાં સમાવવામાં આવે છે.

ધાતુ પરથી બનતાં કૃદંત – જમવા, ખાવા,  ("જમવા આવ્યો છું." હેતુ દર્શાવે છે.)

જમીને, રખડીને ("જમીને આવ્યો છું." પૂર્વ ક્રિયા દર્શાવે છે.)

ધાતુ પરથી બનતાં નામ પરથી બનતાં – ધોવા માટે , તૂટવાને લીધે .

જે નામપદો આવશ્યક હોય છે એમને નામપદો કહેવા અને જે વૈકલ્પિક હોય તેમને ક્રિયાવિશેષણો કહેવાં એવો એક પક્ષ વ્યાકરણોમાં મળે છે. ઉપરના વાક્યની મદદથી સમજીએ.

અમે બધાએ સાંજે ખીચડી જ ખાધી.

આ વાક્યમાં આખ્યાત દ્વારા દર્શાવાતી ક્રિયા (ખાવું) ની સાથે કર્તા (અમે બધા) અને કર્મ (ખીચડી) આવશ્યક નામપદો છે જ્યારે સમય (સાંજે) દર્શક નામપદ વૈકલ્પિક છે માટે એને ક્રિયાવિશેષણ ગણવું. થોડાંક બીજાં ઉદાહરણો જોઈએઃ

મેં મારા મિત્રોને જન્મદિવસે આગ્રહપૂર્વક જમવા બોલાવ્યા.

આખ્યાત – બોલાવ્યા. (બોલાવવું ક્રિયા કર્તા અને કર્મ એમ બે આવશ્યક કારકો લે છે)
નામપદો – (આવશ્યક – મેં, મારા મિત્રોને)
(વૈકલ્પિક – જન્મદિવસેં)
અવ્યય – વૈકલ્પિક – હેત્વર્થક કૃદંત – જમવા, રીતવાચક - આગ્રહપૂર્વક

એટલે આ વાક્યમાં આવશ્યક કારક દર્શાવનારાં નામપદો સિવાયના જે પદો છે એ બધાં ક્રિયાવિશેષણ વર્ગમાં મુકાય. એ રીતે એમાં, નામપદ, અવ્યય, બન્ને આવે. આમ આખ્યાત અને આવશ્યક કારકો દર્શાવનારાં નામપદો સિવાય ક્રિયાપદમાં આવનાર બધાં શબ્દો કે પદો ક્રિયાવિશેષણ વર્ગમાં આવી જાય. અને એ રીતે ક્રિયાવિશેષણ થોડોક મિશ્ર વર્ગ બને. ક્રિયાવિશેષણનું વર્ણન એ રીતે ગૂંચવણભર્યું બને છે. ક્રિયાપદમાં આવતાં આવશ્યક નામપદોમાં કર્તાનામપદ, કર્મનામપદ અને ગૌણ કર્મનામપદનો સમાવેશ થાય છે; જ્યારે, સમય, સ્થાન, સ્થળ, સાધન, રીત, ઉદ્ગમ, સહકર્તા, સહકર્મ, હેતુ, કારણ જેવા કારકો દર્શાવનારાં નામપદો ક્રિયાવિશેષણ વર્ગમાં મુકાય. આ રીત અંગ્રેજી વ્યાકરણને વધારે અનુકૂળ આવે છે, કારણ કે અંગ્રેજીમાં કર્તા અને કર્મ સિવાયના બધા નામપદો નામયોગી અવ્યયોથી દર્શાવાય છે. એટલે પ્રત્યય કે નામયોગીરહિત શબ્દો નામપદો ગણાય અને બાકીના નામયોગી અવ્યયવાળા (Preposition Phrases) ક્રિયાવિશેષણ ગણાય. ગુજરાતી ભાષામાં આવું શક્ય નથી. કારણ કે ગુજરાતીમાં પ્રત્યયરહિત, પ્રત્યયસહિત અને નામયોગીસહિત એમ ત્રણ પ્રકારના નામપદો મળે છે. એટલે આવશ્યક કારક દર્શાવતા નામપદોને નામપદો (જે લગભગ શૂન્ય પ્રત્યય કે –ને પ્રત્યયથી દર્શાવાય છે) ગણવા અને અન્ય પ્રત્યયો (-થી, -માં, -માંથી, -પર, પરથી અને માટે,

વડે, થકી, દ્વારા જેવા નામયોગી લેનારા) નામપદોને ક્રિયાવિશેષણ ગણવા એમ સમાધાન કરવું પડે છે. અને સાથે સાથે એમના અર્થને પણ ધ્યાનમાં રાખવો પડે છે. એ રીતે આખ્યાતના અર્થમાં ઉમેરો કરનાર વૈકલ્પિક નામપદો (રીતવાચક, સાધનવાચક, ઉદ્ગમવાચક, સ્થાનવાચક અને સમયવાચક) ક્રિયાવિશેષણ વર્ગમાં આવે. તેમજ જે અવ્યયો આખ્યાતના અર્થમાં રીત, સમય, સ્થાન દર્શાવે તેમને પણ ક્રિયાવિશેષણ વર્ગમાં મૂકવા. જુઓ-

**5.6. વિભક્તિ પ્રત્યયથી થતાં ક્રિયાવિશેષણોઃ-**

રીતવાચક – સહેલાઈથી, હળવેથી, ધીમેથી,
સ્થાનવાચક – ઘરમાં, નદીએ, છેડે, બધે
સમયવાચક – પાંચ વાગે, સાંજે, સવારે

એ રીતે જે અવ્યયો આમાંથી જે કોઈ પ્રકારનો અર્થ દર્શાવે એ પણ ક્રિયાવિશેષણ વર્ગમાં મુકાય. ભાષામાં સ્વતંત્ર ક્રિયાવિશેષણો (અવ્યયો) ની સંખ્યા ઓછી હોય છે. જ્યારે નામો પરથી, વિશેષણો પરથી કે ધાતુ પરથી બનતાં ક્રિયાવિશેષણોની સંખ્યા વધારે હોય છે.

ક્રિયાવિશેષણ એવું નામ પણ આખ્યાત, ક્રિયાને દર્શાવે છે એવી ધારણા પર આધારિત છે. આપણે એ અંગે વિગતે ચર્ચા કરી છે એટલે અહીં ફરીથી એ કરતા નથી. આખ્યાત ક્રિયા, પ્રક્રિયા કે અવસ્થા દર્શાવે છે. આ ત્રણેમાં વિશેષતા ઉમેરનાર તે ક્રિયાવિશેષણ બને છે. આખ્યાત જો ક્રિયા, પ્રક્રિયા કે અવસ્થા દર્શાવતું હોય તો એની સાથે સંલગ્ન કારકો નામપદમાં રજૂ થતાં હોય છે. આ નામપદો  આખ્યાત દ્વારા દર્શાવાતી પરિસ્થિતિને સ્પષ્ટ કરે છે. એમ તો બધાં જ નામપદો એ આખ્યાતની પરિસ્થિતિને સ્પષ્ટ કરનારા અને એ રીતે બધાં ક્રિયાવિશેષણો બને. પણ નામપદ અને ક્રિયાવિશેષણપદ એ બન્નેમાં ભેદ એમની આવશ્યકતા અને વૈકલ્પિકતાને આધારે કરવામાં આવે છે. દા.ત. જો આખ્યાત "લખવાની" ક્રિયા દર્શાવતું હોય તો એની સાથે લખનાર અને જે લખાયું હોય તે (અર્થાત, કર્તા અને કર્મ) આવશ્યક રીતે દર્શાવવાં પડે. પરંતુ, જ્યાં લખાય છે એ સ્થાન દર્શાવવું વૈકલ્પિક બને છે. જેમકે,

એણે નોટમાં સરનામું લખ્યું.
એણે સરનામું લખ્યું.

પરંતુ નીચેનાં વાક્યો અધૂરાં જણાય. –

એણે નોટમાં લખ્યું.
નોટમાં સરનામું લખ્યું.

કારણ કે એમાં કર્મ કે કર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સ્થાન, કારણ, હેતુ વિનાનાં વાક્યો સ્વીકાર્ય હોય છે.

એણે સરનામું લખ્યું.

ક્રિયાવિશેષણની રચનાત્મક વૈકલ્પિકતા પણ સમજવા જેવી છે. વાક્યમાં આખ્યાતનું સ્થાન સૌથી નિશ્ચિત છે, જે વાક્યને અંતે આવે છે. નામપદો એની ડાબી તરફ આવે છે. આખ્યાતની તરત ડાબી તરફ કર્મનામપદ, એની ડાબી તરફ ગૌણ કર્મનામપદ અને એની ડાબી તરફ કર્તાનામપદ આવે છે. ક્રિયાવિશેષણ (અવ્યય કે નામપદ) નું સ્થાન થોડુંક અનિશ્ચિત છે. એ કર્તાનામપદ પછી કે પહેલાં અથવા ગૌણકર્મ નામપદ પછી આવી શકે છે. જુઓ –

ગઈ કાલે માળીએ બગીચામાં મોગરો વાવ્યો.
માળીએ ગઈ કાલે બગીચામાં મોગરો વાવ્યો.
ગઈ કાલે બગીચામાં માળીએ મોગરો વાવ્યો.

એને માથે ધીરેથી હાથ ફેરવજે.
ધીરેથી એને માથે હાથ ફેરવજે.

ક્રિયાવિશેષણ (સમય વાચક, સ્થાનવાચક કે રીતવાચક) ની ઉપસ્થિતિ અને રચનાગત સ્થાન વૈકલ્પિક હોય છે.
વાક્યસ્તરે વપરાતા અવ્યયો જેવા કે "કદાચ, અથવા, છતાં" વગેરેને અવ્યયો જ ગણવા અને એમનાં કાર્યો એ જ કક્ષાએ દર્શાવવાં એ યોગ્ય રહેશે. એમને ક્રિયાવિશેષણ વર્ગમાં સમાવવામાં થોડી મુશ્કેલી આવી શકે છે.

**વાક્યરચનામાં ક્રિયાવિશેષણોનું આનુક્રમિક સ્થાનઃ**

શરૂઆતમાં આપણે જોયું કે ક્રિયાવિશેષણ એ વાક્યરચનાનો વૈકલ્પિક ઘટક છે. ક્રિયાવિશેષણ તરીકે અવ્યયો અને નામપદો આવી શકે છે. ક્રિયાવિશેષણો રીત, સ્થાન, સાધન, ઉદ્ગમ, સમય, હેતુ, કારણ, પરિબળ,અભિગમ જેવા અર્થ બતાવે છે. એમાંથી જે ઘટના સાથે નીકટનો સંબંધ ધરાવે છે એ ક્રિયાપદનો ભાગ બને છે અને એમનું સ્થાન પ્રમાણમાં નિશ્ચિત છે. જ્યારે જે ક્રિયાવિશેષણો સંદર્ભનો ભાગ બને છે એ વધુ વૈકલ્પિક હોય છે અને એમનું સ્થાન અનિશ્ચિત હોય છે.

ઘટના સાથે સંબંધિત – સાધન, ઉદ્ગમ, સ્થાન, પરિબળ, રીત
સંદર્ભ સાથે સંબંધિત - સમય, હેતુ, કારણ, અભિગમ

1) રીતવાચક ક્રિયાવિશેષણ સામાન્ય રીતે આખ્યાતની નજીક રહે છે.
   એણે ઝડપથી નહાઈ લીધું.

એણે સવારે ઝડપથી નહાઈ લીધું.
શીલાએ પાંચ મિનિટમાં ફટાફટ શાક સમારી કાઢ્યું.

------------------------

## <u>પ્રકરણ 6</u>

## <u>ધાતુસાધન</u>

વ્યાકરણોમાં અંગસાધનની પ્રક્રિયામાં એક અંગ પરથી બનતા બીજા અંગની વાત કરવામાં આવે છે. જેમકે, વિશેષણ પરથી સંજ્ઞા બને, સંજ્ઞા પરથી વિશેષણ બને, ધાતુ પરથી સંજ્ઞા બને. અંગો અને એમને સાધતા પ્રત્યયોનું વર્ણન એટલે અંગસાધનની પ્રક્રિયાનું વર્ણન મળે છે. વ્યાકરણોમાં અંગસાધક પ્રત્યયોથી બનતાં વિશેષણો, સંજ્ઞાઓ અને ક્રિયાવિશેષણોનું વર્ણન કરવામાં આવે છે. પરંતુ વ્યાકરણોના આ વર્ણનોમાં સંજ્ઞા કે વિશેષણ પરથી ધાતુ કેવી રીતે બને છે કે પછી એક ધાતુ પરથી બીજો ધાતુ કેવી રીતે બને એનું વર્ણન કેમ કરવામાં નથી આવતું એ આશ્ચર્યની વાત છે. ધાતુ પણ એક પ્રકારનું અંગ છે અને એ અન્ય અંગો પરથી કેવી રીતે સધાય છે એનું વર્ણન થવું જોઈએ. એટલે અહીં ધાતુ કયા કયા પ્રત્યયોથી સધાય છે એનું વર્ણન કરવામાં આવ્યું છે. ધાતુઓ ક્રિયાવાચી હોય છે અથવા પ્રક્રિયાવાચી હોય છે.

1. <u>સંજ્ઞા પરથી ધાતુ બને.</u>

   વ્યાકરણોમાં જેમને કર્મણિ (-આ) અને પ્રયોજક (-અવ, -આવ, -આડ) પ્રત્યયો કહેવામાં આવે છે એ પ્રત્યયો ધાતુસાધનનું કાર્ય કરે છે.

1.1. **<u>સંજ્ઞાને /–આ/ પ્રત્યય લગાડીને પ્રક્રિયાવાચી ધાતુ બનાવી શકાય છે</u>.**

“કાટ” (સંજ્ઞા) –આ પ્રત્યય લાગે અને આદિ સ્વર હ્રસ્વ બનીને ધાતુ બને “કટા” (કટાવું) એવી જ રીતે “ગોટો” પરથી “ગોટાવું”, “લોભ” પરથી “લોભાવું”, “ખીજ” પરથી “ખિજાવું”, એમ બને. –આ પ્રત્યયને આમ તો વ્યાકરણોમાં કર્મણિનો પ્રત્યય કહેવાય છે.

અંતર – અંતરાવું, કાટ – કટાવું, ખીજ – ખિજાવું, ગંધ – ગંધાવું, ગાંઠ – ગંઠાવું, ગૂંચ – ગૂંચાવું, ગોટો – ગોટાવું, ગોથું – ગોથાવું, ચીડ – ચિડાવું, જોખમ – જોખમાવું, ટેવ – ટેવાવું, ઠોકર – ઠોકરાવું, તાણ – તણાવું, દંડ – દંડાવું, ફૂલ – ફુલાવું, ભરમ – ભરમાવું, ભીંસ – ભીંસાવું, રીસ – રિસાવું, લાલચ – લલચાવું, લોભ – લોભાવું, લોપ – લોપાવું, વિલોપ – વિલોપાવું , શરમ – શરમાવું, સાંકળ – સંકળાવું, હરખ – હરખાવું, હવા – હવાવું.

1.2. <u>સંજ્ઞાને –અવ પ્રત્યય લગાડીને ક્રિયાવાચી ધાતુ બનાવી શકાય છે.</u>

“ખીજ” પરથી “ખીજવવું”, “ચીડ” પરથી “ચીડવવું” બને છે.

1.3. વિશેષણ પરથી ધાતુ બને.

કર્મણિનો -આ પ્રત્યય લાગીને પ્રક્રિયાવાચી ધાતુ બને છે.

અકળ – અકળાવું, ભોળું – ભોળવાવું, લંગડું – લંગડાવું, લાંબું – લંબાવું. વાંકું – વંકાવું, વીલું – વિલાવું, સરખું – સરખાવાવું, સૂકું – સુકાવું

1.4. <u>ક્રિયાવાચી ધાતુ પરથી –આ- લાગીને બનતા પ્રક્રિયાવાચી ધાતુઓ:</u>

અટવું – અટવાવું, આથડવું - અથડાવું, આથવું - અથાવું, ઓલવવું - ઓલવાવું, ખલવું - ખલવાવું, ખોરવવું - ખોરવાવું, ઘસડવું - ઘસડાવું, બાફવું - બફાવું, ભટકવું - ભટકાવું, મચકોડવું - મચકોડાવું, ભીંજવું - ભીંજાવું, ભીંસવું - ભીંસાવું, રીઝવવું - રિઝાવું. (અટવાવું અને ખલવાવું આ બે રૂપોમાં અટાવું કે ખલાવું ને બદલે અટવાવું અને ખલવાવું એવા રૂપો મળે છે. એમાં –વ- વધારાનો મળે છે.

1.5. <u>પ્રક્રિયાવાચી ધાતુમાં પ્રથમાક્ષરમાં –આ ઉમેરીને બનતા સકર્મક ધાતુઓ</u>.

ગળવું – ગાળવું, ઝરવું – ઝારવું, ટળવું – ટાળવું, ઠરવું – ઠારવું, ઠસવું – ઠાસવું
ડરવું – ડારવું, ઢળવું – ઢાળવું, પડવું – પાડવું, બળવું – બાળવું, મરવું – મારવું,
મંડવું – માંડવું, વળવું - વાળવું
ઊકળવું – ઉકાળવું, ઊખડવું – ઉખાડવું, ઊગરવું – ઉગારવું, ઊછળવું – ઉછાળવું,
ઊતરવું – ઉતારવું, ઊપડવું – ઉપાડવું, ઊલળવું – ઉલાળવું, ઓગળવું – ઓગાળવું,
ગુજરવું – ગુજારવું, નીતરવું – નિતારવું, નીંગળવું – નીંગાળવું, પલળવું – પલાળવું,
પીગળવું – પિગાળવું, બગડવું – બગાડવું, સુધરવું – સુધારવું

1.6. <u>પ્રક્રિયાવાચી ધાતુના મૂળ ધાતુના બીજા અક્ષરનો અ ને એ માં ફેરવીને બનતા સકર્મક ક્રિયાવાચી ધાતુઓ:</u>

ઊકલવું – ઉકેલવું, ઊખડવું – ઉખેડવું, ઊછરવું – ઉછેરવું, ખસવું – ખસેડવું, ધૂસવું – ધુસેડવું, ધૂમવું – ધુમેડવું (આ ત્રણ ધાતુઓમાં ડ ઉમેરાયો છે.)

અમુક ધાતુમાં પ્રથમાક્ષર બદલાય છે:
ખરવું – ખેરવવું, ફરવું – ફેરવવું, મળવું – મેળવવું

અમુક ધાતુમાં ઉ નો ઓ થાય છે:
ખુલવું – ખોલવું, તૂટવું – તોડવું, ફૂટવું – ફોડવું, (છેલ્લા બે ધાતુમાં ટ નો ડ થયો છે.)

અપવાદરૂપ ધાતુમાં કેવળ ટ નો ડ થાય છે. ફાટવું – ફાડવું

ખુલ્લા એકાક્ષરી ધાતુઓને –અવડાવ પ્રત્યય લાગે છે:
ખાવું – ખવડાવવું, ગા – ગવડાવું, ધો – ધોવડાવું, નાહ – નવડાવવું, પી - પિવડાવવું
બીવું – બીવડાવવું, માવું – મવડાવવું, સૂવું – સુવડાવવું,

2. ધાતુને –અવ,–આવ અથવા –આડ પ્રત્યય લાગીને નવો ધાતુ બને છે. જો પ્રક્રિયાવાચી કે અકર્મક ધાતુ
હોય તો સકર્મક બને છે અને જો સકર્મક ધાતુ હોય તો દ્વિકર્મક બને છે. કયા ધાતુનો –અવ લાગે કયા ધાતુને –આવ લાગે અને કયા ધાતુને –આડ લાગે એનો કોઈ નિયમ દર્શાવી શકાય તેમ નથી એટલે એ બધા નોંધવા પડે છે.

2.1. <u>પ્રક્રિયાવાચી ધાતુ સકર્મક ધાતુ બને છેઃ –અવ પ્રત્યય</u>. ધાતુના પ્રથમાક્ષર -આ- નો અ થાય છે.

ખીલવું – ખીલવવું, ગાજવું – ગજવવું, ગોઠવું – ગોઠવવું, ચગવું – ચગવવું, ચેતવું – ચેતવવું, થાકવું – થકવવું, થીજવું – થીજવવું, દૂભવું – દૂભવવું, ધ્રૂજવું – ધ્રૂજવવું, પચવું – પચવવું, પાકવું – પકવવું, ભીંજવું – ભીંજવવું, મૂંઝાવું – મૂંઝવવું, સીઝવું – સીઝવવું, સુકાવું – સૂકવવું.

2.2 <u>પ્રક્રિયાવાચી ધાતુ સકર્મક ધાતુ બને છેઃ –આવ પ્રત્યય.</u>

અટકવું – અટકાવવું, ઊથલવું – ઉથલાવવું, ઊપજવું – ઉપજાવવું, ઊપસવું – ઉપસાવવું, ઊલટવું – ઉલટાવવું, ખખડવું – ખખડાવવું, ખપવું – ખપાવવું, ગબડવું – ગબડાવવું, ગભરાવું – ગભરાવવું, ગૂંગળાવું – ગૂંગળાવવું, ચગવું – ચગાવવું, ચચરવું – ચચરાવવું, ચમકવું – ચમકાવવું, જામવું – જમાવવું, ટકવું – ટકાવવું, ટપકવું – ટપકાવવું, તડપવું – તડપાવવું, તતડવું – તતડાવવું, તપવું – તપાવવું, ઘખવું – ધખાવવું, ધ્રૂજવું – ધ્રુજાવવું, નીપજવું – નીપજાવવું, પચવું – પચાવવું, પતવું – પતાવવું, પલટવું – પલટાવવું, પ્રકટવું – પ્રકટાવવું, ફફડવું – ફફડાવવું, ફરકવું – ફરકાવવું, ફાવવું – ફવડાવવું, ફેલાવું – ફેલાવવું, બચવું – બચાવવું, બનવું – બનાવવું, ભડકવું – ભડકાવવું, લબડવું – લબડાવવું, લલચાવું – લલચાવવું, વધવું – વધાવવું, શમવું – શમાવવું, સજવું – સજાવવું, સમાવું – સમાવવું, હરવું – હરાવવું, હલવું – હલાવવું.

2.2.3. <u>અકર્મક ધાતુને –આવ લાગીને સકર્મક ધાતુ બને છે.</u>

અટકવું – અટકાવવું, અથડાવું – અથડાવવું, કકળવું – કકળાવવું, કૂદવું – કુદાવવું, ચડવું – ચડાવવું, છૂપવું – છુપાવવું, ઝૂકવું – ઝુકાવવું, ઝૂલવું – ઝુલાવવું, થોભવું – થોભાવવું, દોડવું – દોડાવવું, ધપવું – ધપાવવું, નમવું – નમાવવું, પધારવું – પધરાવવું, રખડવું – રખડાવવું, રઝળવું – રઝળાવવું, રડવું – રડાવવું, લટકવું – લટકાવવું, શરમાવું – શરમાવવું, સરકવું – સરકાવવું.

2.2.4. <u>ખુલ્લા એકાક્ષરી ધાતુઓને –આવડાવ પ્રત્યય લાગે છે.</u>

કહેવું – કહેવડાવવું, ખાવું – ખવડાવવું, ગાવું – ગવડાવવું, ઝગડવું – ઝગડાવવું,

નહ્રાવું – નવડાવવું, નાચવું – નચાવવું, પીવું – પિવડાવવું, બીવું –બિવડાવવું, ફાવવું – ફવડાવવું, ભાગવું – ભગાવવું, માવું – મવડાવવું, રોવું – રોવડાવવું, વસવું – વસાવવું, વહેવું – વહેવડાવવું, વળવું – વળાવવું, સૂવું – સુવડાવવું. હઠવું – હઠાવવું, હલવું – હલાવવું.

22.5. <u>–આડ પ્રત્યય લાગીને પ્રક્રિયાવાચી કે અકર્મક ધાતુમાંથી સકર્મક ધાતુ બને છેઃ</u>

<u>પ્રક્રિયાવાચીમાંથી સકર્મકઃ</u>

ઊગવું – ઉગાડવું, ઊડવું – ઉડાડવું, ઘટવું – ઘટાડવું, ઘૂસવું – ઘુસાડવું, જીવવું – જિવાડવું, ડૂબવું – ડુબાડવું, દાઝવું – દઝાડવું, દૂખવું – દુખાડવું, દેખવું – દેખાડવું, બાઝવું – બઝાડવું, મટવું – મટાડવું, લાગવું – લગાડવું, વીતવું – વિતાડવું.

<u>અકર્મકમાંથી સકર્મકઃ</u>

ઊઠવું – ઉઠાડવું, ઊંઘવું – ઊંઘાડવું, જમવું – જમાડવું, ટિંગાવું – ટિંગાડવું, પહોંચવું – પહોંચાડવું, પેસવું – પેસાડવું, બેસવું – બેસાડવું, ભાગવું – ભગાડવું, રમવું – રમાડવું, સંતાવું – સંતાડવું.

-આવ અથવા -આડ પ્રત્યય ક્યારે લાગે એનો નિયમ આપી શકાય તેમ નથી એટલે કોને ---આવ લાગે અને કોને -આડ લાગે તેની યાદી જ આપેલ છે. આ પ્રત્યયો લાગે ત્યારે જો મૂળ ધાતુના પ્રથમાક્ષરમાં -આ- સ્વર હોય તો એ હ્રસ્વ થાય છે. ઉપરનાં ઉદાહરણોમાં એ સ્પષ્ટ છે. એકાદ ધાતુમાં –આર પ્રત્યય પણ જોવા મળે છે. વધવું પરથી વધારવું. એનું એક ઉપરૂપ વધેરવું પણ મળે છે. અર્થમાં થોડો ફરક પણ મળે છે.

**2.6. <u>નીચેના સકર્મક ધાતુને –આવ, -આડ, -આવડાવ પ્રત્યય લાગે છે ત્યારે એ દ્વિકર્મક ધાતુ બને છેઃ</u>**

ઓઢવું – ઓઢાડવું, ખાવું – ખવડાવવું, ગણવું –ગણાવવું, ગોખવું – ગોખાવવું, ચાખવું – ચખાડવું, જાણવું – જણાવવું, જમવું – જમાડવું, પામવું – પમાડવું, પરણવું – પરણાવવું, પહેરવું – પહેરાવવું, બાઝવું – બઝાડવું, ભણવું – ભણાવવું, લખવું – લખાવવું, વળગવું – વળગાડવું, શીખવું – શીખવાડવું, સાંભળવું – સંભળાવવું, સૂવું – સુવાડવું/સુવડાવવું.

ઉપર આપણે -આ, -અવ, -આવ, -આડ, -આવડાવ, પ્રત્યયો જોયા. આ પ્રત્યયો ધાતુ બનાવે છે. એ નામ કે વિશેષણ પરથી અથવા એક ધાતુ પરથી બીજો ધાતુ બનાવે છે. આમાંથી -આ પ્રત્યય કોઈ ધાતુનું કર્મણિ રૂપ બનાવતો પણ જોવા મળે છે અને બાકીના પ્રત્યયો ધાતુનું પ્રયોજક રૂપ બનાવતા પણ જોવા મળે છે. વ્યાકરણોમાં એમને કર્મણિ અને પ્રયોજકના પ્રત્યયો પણ કહેવામાં આવે છે. એક બાબત સમજવા જેવી છે કે કર્મણિનો -આ પ્રત્યય નામ કે વિશેષણ પરથી પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે અને ક્રિયાવાચી ધાતુને

લાગીને એનું કર્મણિ (અથવા ભાવે) રૂપ પણ બનાવે છે. ક્રિયાવાચી ધાતુને લાગીને જ્યારે એ કર્મણિ રૂપ બનાવે છે એ રૂપને કર્મણિ રૂપ કહેવું કે નવો ધાતુ કહેવો? દા.ત.

"કાપવું" ધાતુ છે એના મૂળ રૂપ "કાપ" ને કર્મણિનો -આ પ્રત્યય લાગે અને એમાનો "આ" સ્વર હ્રસ્વ થઈ "અ" થાય એટલે આપણી પાસે કર્મણિ રૂપ "કપા" આવે છે. "કાપવું" ધાતુ ક્રિયાવાચી છે અને એમાં કર્તા, કર્મ અને સાધન આવે છે અને એ રીતે વિભક્તિ પ્રત્યયો આવે છે. દા.ત.

માળીએ કુહાડીથી ઝાડ કાપ્યું.

પણ "કપાવવું" એવા રૂપ સાથે કર્તા નહીં આવે. એ ક્રિયા રહી જ નથી. એ પ્રક્રિયા બની ગઈ છે.

બગીચામાંનું ઝાડ કપાઈ ગયું.

એનો અર્થ એ થયો કે એ નવો ધાતુ જ બન્યો. આ ધાતુને કર્તા કારકની અપેક્ષા જ નથી. એવી જ રીતે આપણે જેને પ્રયોજકનો પ્રત્યય કહીએ છીએ એ પણ કદાચ નવો ધાતુ જ બનાવે છે. દા.ત.

માળીએ કુહાડીથી ઝાડ કાપ્યું.

પ્રયોજકનો પ્રત્યય ઉમેરતાંની સાથે એમાં નવો કર્તા (પ્રયોજક કર્તા) ઉમેરાશે. અને વાક્ય આવું બનશે.

વેપારીએ માળી પાસે ઝાડ કપાવ્યું.

"કપાવ" એવું પ્રયોજકનું રૂપ બનતાં ખરેખર "કપાવવું" એમ નવો ધાતુ જ બન્યો એમ પણ કહી શકાય. એમાં પ્રયોજક કર્તા, માધ્યમ અને કર્મ એવા કારકો આવે. કાપવું એવા ધાતુ સાથે કર્તા અને કર્મ આવે. બન્નેમાં કુહાડીથી એવું સાધન વૈકલ્પિક છે. (કદાચ બીજા વાક્યમાં એનો ઉલ્લેખ જરૂરી ન જણાય.) બીજું ઉદાહરણ લઈએ –

બાળક દૂધ પીએ છે. (ક્રિયા)

મા બાળકને દૂધ પીવડાવે છે. (ક્રિયા)

બીજા વાક્યમાં પ્રયોજકનો પ્રત્યય લાગ્યો હોવા છતાં એમાં પ્રયોજક કર્તા ઉમેરાયો છે એમ ન કહી શકાય. એ વાક્યમાં કર્તા, કર્મ અને ગૌણ કર્મ (ગ્રાહક) એવા કારકો છે. ધાતુનો અર્થ એની સાથેના કારકોથી સ્પષ્ટ થાય છે. એટલે "પીવું" અને "પિવડાવવું" એ સંપૂર્ણ રીતે અલગ ક્રિયા છે એમ કહેવું પડે. અર્થાત્, -ડાવ પ્રત્યય નવો ધાતુ બનાવે છે.

આ પરિસ્થિતિ જ્યારે નામ/વિશેષણ પરથી ધાતુ બને ત્યારે ખૂબ સ્પષ્ટ રીતે સામે આવે છે. -આ પ્રત્યય લાગીને પ્રક્રિયા બને અને -અવ/આવ/આડ લાગીને ક્રિયા બનતી જોવા મળશે.

"લાંબું" એ વિશે. છે એને -આવ પ્રત્યય લાગે તો ક્રિયા થાય છે. "લંબાવવું" નો અર્થ થાય છે લાંબું કરવું.

એને જો -આ પ્રત્યય લાગે તો પ્રક્રિયા થાય છે. "લંબાવું" જેનો અર્થ થાય છે લાંબું થવું.

"એમણે કારણ વગર પ્રવચન લંબાવ્યું." (ક્રિયા)

"એમનું પ્રવચન કારણ વિના લંબાયું." (પ્રક્રિયા)

ગુજરાતીમાં જેને કર્મણિનો પ્રત્યય ગણવામાં આવે છે અને જેને પ્રયોજકનો પ્રત્યય ગણવામાં આવે છે એ ધાતુસાધનનું કાર્ય કરે છે. કર્મણિનો પ્રત્યય પ્રક્રિયા બનાવે છે અને પ્રયોજકનો પ્રત્યય ક્રિયા બનાવે છે. કર્મણિનો પ્રત્યય નામ કે વિશેષણ પરથી અથવા ક્રિયાવાચક ધાતુ પરથી પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે અને પ્રયોજકનો પ્રત્યય નામ કે વિશેષણ પરથી અથવા પ્રક્રિયાવાચી કે અકર્મક ધાતુ પરથી સકર્મક ધાતુ બનાવે છે. કર્મણિનો પ્રત્યય કર્તાકારકને ઘટાડવાનું (અથવા વૈકલ્પિક કરવાનું) કાર્ય કરે છે જ્યારે પ્રયોજકનો પ્રત્યય કર્તા ઉમેરવાનું કાર્ય કરે છે.

૩.૦. એક પ્રક્રિયા એવી પણ છે જે નામ કે વિશેષણ પરથી ચોક્કસ સહાયકારી ધાતુની મદદથી ધાતુ બનાવે. ગુજરાતીમાં આ નવતર પ્રક્રિયા છે. ઘણી વાર ભાષકો અન્ય ભાષાના (ખાસ કરીને અંગ્રેજીના) નામ કે વિશેષણ લઈને સહાયકારીની મદદથી ગુજરાતી ધાતુ બનાવે છે. જેમ કે, “ઈઝી થવું”, “એન્જોય કરવું” વગેરે. ગુજરાતીમાં “કરવું, થવું અને હોવું” આ સહાયકારી ધાતુઓ અનુક્રમે ક્રિયાવાચી, પ્રક્રિયાવાચી અને સ્થિતિવાચી ધાતુ બનાવી શકે છે. આ રીતે ધાતુઓને દર્શાવવાનું પારંપરિક વ્યાકરણોમાં જોવા મળતું નથી.

તમે બહુ ઉતાવળ કરો છો.

ખાસ કરીને “કરવું” ધાતુની મદદથી થતી રચનાનું વર્ણન આ રીતે કરવામાં આવે છે. આવા વાક્યમાં “તમે” કર્તા, “બહુ” ક્રિયાવિશેષણ, “ઉતાવળ” કર્મનામ અને “કરો છો” એ આખ્યાત તરીકે દર્શાવવામાં આવે છે. વાસ્તવમાં “કરવું” એ કોઈ ચોક્કસ ક્રિયા નથી. એ “ઉતાવળ” નામ સાથે રહીને એક ક્રિયા દર્શાવે છે. આવાં નામો કર્મ નામો કરતાં જુદા પડે છે. એ ખરેખર તો ધાતુ બનાવવાનું કાર્ય જ કરે છે. કોઈ પણ સામાન્ય ભાષકને આપણે પૂછીએ કે ઉપરના વાક્યમાં કઈ ક્રિયા કરવામાં આવી છે તો જવાબમાં એ “કરવાની ક્રિયા” એવો જવાબ નહીં આપે પણ “ઉતાવળ કરવાની ક્રિયા” થઈ છે એવો જવાબ આપશે. એવી જ રીતે “યાદ કરવું”, “વાત કરવી”, “મજા કરવી”, જેવા ધાતુઓ રચાય છે. અને એ સાથે રહીને જ એક અર્થ આપે છે. સહાયકારી ધાતુ એમાં ક્રિયાનો અર્થ ઉમેરે છે અને કાળ-અર્થવાચી પ્રત્યયો ગ્રહણ કરે છે. અર્થ આપે છે. “કરવું” કેવળ ક્રિયાસામાન્ય દર્શાવે છે પણ એને ચોક્કસ અર્થ તો એની સાથેના નામ કે વિશેષણથી આવે છે. અહીં નામ કે વિશેષણ ધાતુપૂરકનું કાર્ય કરે છે. આવા પૂરક તરીકે કામ કરતાં નામોને કર્મકારક તરીકે જોવાનું કારણ એ પણ છે કે સહાયકારી ધાતુ પદસંવાદ એમને પ્રમાણે દર્શાવે છે. પણ એકલા પદસંવાદને આધારે એને કર્મકારક કહેવું યોગ્ય નથી. અને વિશેષણ પણ પૂરક તરીકે આવી શકે છે અને પૂરક+સહાયકારી એ બેઉ મળીને ચોક્કસ ક્રિયા/પ્રક્રિયાનો અર્થ દર્શાવે છે એ બાબતને ધ્યાનમાં રાખવા જેવી છે.

"થવું" સહાયકારી ધાતુ સર્વસામાન્ય પ્રક્રિયાનો અર્થ આપે છે અને હોવું સહાયકારી સર્વસામાન્ય સ્થિતિનો અર્થ આપે છે.

મેં એમની સાથે વાત કરી છે. (ક્રિયા)

મારી એમની સાથે વાત થઈ ગઈ છે. (પ્રક્રિયા)

નોકરે ટેબલ સાફ કર્યું છે. (ક્રિયા)

ટેબલ સાફ થઈ ગયું છે. (પ્રક્રિયા)

ટેબલ સાફ છે. (સ્થિતિ)

પૂરક તરીકે આવતા નામો અથવા વિશેષણો અને એમની સાથે આવતા સહાયકારી ધાતુઓની યાદી નીચે આપવામાં આવી છે.

- "આવવું" સહાયકારી ધાતુ સાથે આવતાં નામો/વિશેષણો નીચે મુજબ છે. સામાન્ય રીતે આ સહાયકારી પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે.

  અક્કલ, અદેખાઈ, અંજામ, અનુકૂળ, આડું, આથો, આફત, આળસ, આંખ, આંચ, ઉકેલ, ઉઠાવ, ઊંચું, કંટાળો, ખેંચ, ખોટું, ગુસ્સો, ઘાત, ચૂંક, જપ્તી, જુવાળ, જુસ્સો, ઝોકું, તડકો, તાવ, તેજી, તમ્મર, દયા, દુર્ગંધ, પવન, પ્રકાશ, પ્રસંગ, ફાવટ, ફીટ, બગાસું, બીમારી, ડહાપણ, બુદ્ધિ, ભરોસો, માગવું, માગું, મંદી, માફક, માંદગી, મેળ, મોત, મોર, બહાર, યાદ, રેલો, મજા, વાજ, વારો, વાવાઝોડું, શરમ, સપનું, સુગંધ, સુખ.

- "પડવું" સહાયકારી ધાતુ સાથે આવતાં નામ/વિશેષણો નીચે મુજબ છે. સામાન્ય રીતે આ સહાયકારી પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે.
  અગવડ, અઘરું, અછત, અડચણ, અનુકૂળ, અલગ, અસર, આકરું, આઘું, આપદા, આંટો, ઉકેલ, ઊંધું, એકલું, ઓળખાણ, કકરું, કરચલી, કાઠું, કાણું, કામ, કાયર, કાળું, ખબર, ખરું, ખાડો, ખૂણો, ખોટ, ખોટું, ગરમ, ગરજ, ગાબડું, ગાળ, ગાંઠ, ગૂંચ, ઘટ, ઘરડ, ઘા, ચત્તું, ચહેરો, ચાટ, ચોકડી, છાપ, છૂટું, છેટું, જગા, જરૂર, જુદું, ઝંખવાણું, ઝાપટ, ઝાપટું, ઝાંખું, ઝાંખળ, ઝીણું, ટાઢ, ઠાર, ટીક, ડંખ, ડિઝાઈન, તકલીફ, તકરાર, તડકો, તણખો, તમાચો, તંગી, તાપ, તારીખ, તિરાડ, ત્રાડ, ત્રાંસું, દૃષ્ટિ, ધક્કો, ધાડ, ધ્યાન, નબળું, નરમ, નાનું, નીચું, પવન, પસ્તાળ, પાછું, પાછળ, પાર, પીળું, પૂરું, પોપડી, પ્રકાશ, પ્રસંગ, ફરક, ફેર, બંધ, બીમાર, બૂમ, ભરોસો, ભંગાણ, ભાગ, ભારી, ભીડ, ભૂલ, ભૂલું, ભોંઠું, મજા, મરજી, માથે, માર, માલૂમ, માંદું, મુદત, મુશ્કેલ, મુશ્કેલી, મુસીબત, મેળ,

મોટું, મોણ, મોઢું, રમૂજ, રસ્તો, રાત, લાગુ, લૂલું, વચ્ચે, વટ, વહેલું, વાંકું, વાંધો, વિખૂટું, વિપદ, સગવડ, સમજ, સરળ, સવળું, સહેલું, સાદ, સામું.

“ખાવું” ધાતુ સાથે આવતાં નામો/વિશેષણો નીચે મુજબ છે. આ પ્રક્રિયાવાચી અથવા ક્રિયાવાચી ધાતુ બનાવે છે.

પ્રક્રિયાવાચી - અડબડિયું, ગાળ, ગોથ, ગોથું, પછડાટ, મગજ, માર

ક્રિયાવાચી – ગુલાંટ, ચાડી, છીંક,

“પાડવું” ધાતુ ક્રિયાવાચી ધાતુ બનાવે છેઃ

ઉઘાડું, કાણું, ખુલ્લું, ખેલ, ઘાંટો, ચાળા, ચીલો, ચીસ, છાપ, છીંડું, છૂટું, જાળી, ઠેકાણું, ધાડ, પડઘો, ફરજ, ફૂટ, ફોડ, ફોટો, લીટી, વર્ગ, વિસારે.

“લાગવું” સહાયકારી ધાતુ સાથે આવી શકતાં નામો/વિશેષણો નીચે મુજબ છે. એ પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે.

અતડું, અઘરું, અદ્ભુત, અભાવ, આકરું, એકલું, કરંટ, કલંક, કાટ, ભૂખ, તરસ, ભેજ, લૂણો, લૉટરી, હવા, ખોટું, સારું.

“ચડવું” સહાયકારી ધાતુ સાથે આવી શકતાં નામો/વિશેષણો નીચે મુજબ છે. એ પ્રક્રિયાવાચી ધાતુ બનાવે છે.

આળસ, કાટ, ખુન્નસ, ગરમી, ઘેન, ચરબી, ગુસ્સો, ચીડ, જોશ, ઝનૂન, ટાઢ, ફૂગ, નજરે, રીસ, વળ, વાઈ, વાદે, સૂગ, સોજો. (નજરે, વાદે વિભક્તિ પ્રત્યયો સાથે આવતાં નામો છે.)

“મારવું” સહાયકારી ધાતુ સાથે આવી શકતાં નામો/વિશેષણો નીચે મુજબ છે.

ક્રિયાવાચી – આંટી, આંટો, ઉછાળો, ગપ્પું, ગંધ, ગાવલી, ગાંઠ, ગુલાંટ, ચક્કર, ચોકડી, છાપો, છેકો, ઝગારા, ઝાટકો, ઠાંસ, ડાટો, ડાકું, ડૂચો, પલટી, પલાંઠી, પોતું, ફાંકો, ફાંફાં, ફૂંક, ફૂંફાડો, બડાઈ, બૂચ, બૂકડો, બૂમ, મત્તુ, મસકો, માથે, માથું, રંગ, લીટો, લોચો, વટ, વલખા, શરત.

પ્રક્રિયાવાચી – ગંધ, ઝગારા, ફાંફાં, બહેર, વાસ, સણકા

આ પ્રકારની રચનાનું આવું વર્ણન કરવું એટલા માટે જરૂરી છે કે હવે ગુજરાતીમાં આવી રચનાઓ વધવા માંડી છે. ધાતુને બદલે પૂરક+ધાતુ વાપરવાનું વલણ ઊભું થયું છે. નીચેનાં ઉદાહરણો જુઓ.

ચોરવું - ચોરી કરવી. વર્ણવવું – વર્ણન કરવું,

સામાન્ય ધાતુ અને પૂરક+સહાયકારી પ્રકારના ધાતુ ગુજરાતીમાં પ્રચલિત છે અને ક્યારેક એવું પણ લાગે કે બીજા પ્રકારની રચના વધુ વપરાય છે જે ઊપરનાં બે ઉદાહરણોમાં દેખાઈ આવશે. નીચે આવા કેટલાક અન્ય ઉદાહરણો પણ આપ્યાં છે. જુઓ –

અકળાવું – અકળામણ થવી, અનુમાનવું – અનુમાન કરવું, અનુસરવું – અનુસરણ કરવું. અનુંભવવું – અનુભવ કરવો, ઉકલવું – ઉકેલ આવવો, ઉછેરવું – ઉછેર કરવો, અંદાજવું – અંદાજ કરવો/કાઢવો, આચરવું – આચરણ કરવું, આમંત્રવું – આમંત્રણ આપવું, આરંભવું – આરંભ કરવો, આસ્વાદવું – આસ્વાદ લેવો, ઇચ્છવું – ઇચ્છા કરવી, કંટાળવું – કંટાળો આવવો, ગંધાવું – ગંધ આવવી, ઘટવું – ઘટાડો થવો, ઉલ્લેખવું – ઉલ્લેખ કરવો, જન્મવું – જન્મ થવો, ટેવાવું – ટેવ પડવી, ડરવું – ડર લાગવો, ઠોકરાવું – ઠોકર ખાવી, કબૂલવું – કબૂલ કરવું, થાકવું – થાક લાગવો, દુખવું – દુખાવો થવો, પસ્તાવું – પસ્તાવો થવો, પીડાવું – પીડા થવી, પ્રસરવું – પ્રસાર થવો, ફુગાવું, - ફૂગ આવવી, ફેલાવું – ફેલાવો થવો.

ગુજરાતીમાં કેટલાંક રૂપો કેવળ પૂરક તરીકે જ આવતાં હોય છે અને એમને કરવું, થવું કે હોવું સહાયકારી ધાતુની મદદથી ઉપયોગમાં લેવાય છે. જોડણી કોશ એમને વિશેષણ વર્ગમાં મૂકે છે. આવાં પૂરકો નીચે મુજબ છેઃ

અદા, આગળ, આમેજ, કબૂલ, કાયમ, જેર, ધારણ, જમા, થૂ થૂ, ઝટ, ચીત, ચૂપ, દાખલ, ઠીક, તૈયાર, નક્કી, પરત, પસંદ, પાસ, પેશ, ફારસ, બંધ, બાદ, માન્ય, માફ, યાદ, રફૂ, રવાના, વશ, શરૂ, સમુ, સહન, સંમત, સાબિત, સાફ, હાજર.

ગુજરાતી ભાષકો અન્ય ભાષાના (ખાસ કરીને અંગ્રેજીના નામો કે વિશેષણોને તો ક્યારેક ધાતુને પણ, સહાયકારી ધાતુની મદદથી ધાતુ બનાવતાં જણાય છે. જુઓ –

ફોન કરવો , ફોન થવો, મિસ્ટેક થવી, સ્ટાર્ટ કરવું, એરેન્જમેન્ટ કરવી/થવી, એન્જોય કરવું, રસ્તો ક્રોસ કરવો, એરેસ્ટ કરવું, ઈઝી હોવું, શેર કરવું,

ટૂંકમાં, ગુજરાતી ભાષકો "કરવું, થવું, હોવું" અને અન્ય કેટલાક સહાયકારી ધાતુઓનો ઉપયોગ ક્રિયા, પ્રક્રિયા કે સ્થિતિ દર્શાવવા માટે કરે છે. આવા ધાતુઓ સાથે કાળ-અર્થવાચી સહાયકારી કે વિશિષ્ટાર્થી સહાયકારક ધાતુઓ આવી શકે છે. ડૉ. યોગેન્દ્ર વ્યાસે આ પ્રકારની રચનાઓ અલગ કરીને બતાવી છે જેને એ "ધાડ પાડવી" પ્રકારની રચના કહે છે.(ગુજરાતી વ્યાકરણ પૃ.233).

નીચે "કરવું" અથવા "થવું" સહાયકારી કયાં નામો કે વિશેષણો સાથે આવા પ્રકારની રચના કરે છે તેમની યાદી આપવાનો પ્રયાસ કર્યો છે. કરવું સહાયકારી ક્રિયાદર્શક છે અને થવું સહાયકારી પ્રક્રિયાદર્શક છે. એકાદ બે અપવાદો છે.

નામો – અકસ્માત, અજવાળું, અટકાયત, અડપલું, અતિરેક, અનિષ્ટ, અનુકરણ, અનુગ્રહ, અનુભવ, અનુમાન, અપમાન, અપવાદ, અપશુકન, અભિનંદન, અભિષેક, અભ્યાસ, અમલ, અર્થ, અવજ્ઞા, અનાદર, અવાજ, અંગૂઠો, અંધારું, આગાહી, આદર, આદેશ, આનંદ, આયોજન, આરંભ, આરામ, આલોચના, આવક, આવ-જા, આશા, ઇચ્છા, ઇજ્જત, ઇન્કાર, ઇલાજ, ઈર્ષ્યા, ઉકાળો, ઉઘરાણી, ઉચાપત, ઉચિત, ઉચ્ચાર, ઉછેર, ઉજાગરો, ઉતારો, ઉઠાંતરી, ઉત્કર્ષ, ઉત્તેજિત, ઉત્પન્ન, ઉત્પાદન, ઉદય, ઉપદ્રવ વગેરે.

વિશેષણો – અદ્ધર, અનાવૃત્ત, અનિષ્ટ, અનુરૂપ, અભિમુખ, અમર, અમાન્ય, અવગત, અલગ, અવશ, અવળું, અળગું, આઘું, આડું, ઉચિત, ઊંડું, ખુલ્લું, ખુશ, ગરમ, ગરીબ, ગોળ, ઘટ્ટ, ધીમું, નરમ, નિયમિત, બેભાન, મોટું વગેરે.

આ યાદી ખાસી મોટી થઈ શકે છે. પરંતુ ગુજરાતીમાં "કરવું" અને "થવું" એવા સહાયકારી ધાતુના ઉપયોગને સ્પષ્ટ કરવા માટે આટલી પૂરતી છે એમ લાગે છે.

અન્ય એક પ્રકારે ધાતુઓ સધાય છે તે છે રવાનુકારી રૂપોનો સીધો ઉપયોગ ધાતુ તરીકે કરવો. નીચેના ધાતુઓ જુઓ –

ખખડવું, ગગડવું, કકડવું, કકળવું, કરગરવું, ઝગમગવું, ઝળહળવું, ટટળવું, ટમટમવું, ઠૂંઠવાવું, તગતગવું, તરફડવું, દદડવું, ગટગટાવવું ફફડવું, ફરફરવું, મઘમઘવું, ધૂધવવું, ટટળાવવું, હડબડવું, ભભરાવવું.

ગુજરાતીમાં નામ અને ધાતુ દર્શાવવા માટે ઘણી વાર એક જ રૂપનો ઉપયોગ કરવામાં આવે છે. જુઓ –

અંકુર – અંકુરવું, અંઘોળ – અંઘોળવું, ઉચ્ચાર – ઉચ્ચારવું, ઉદ્દેશ – ઉદ્દેશવું, છૂટ – છૂટવું, પીડા – પીડાવું, ફીણ – ફીણવું, રંગ – રંગવું, સ્પર્શ – સ્પર્શવું, હાર – હારવું.

આમ, આ પ્રકરણમાં ગુજરાતી ભાષામાં ધાતુસાધન કેવી રીતે થાય છે એની રીતો જોઈ. શરૂઆતમાં જણાવ્યું તેમ અંગસાધન પ્રક્રિયામાં વ્યાકરણોમાં ધાતુઓ સાધવાની રીતો અને પ્રત્યયો દર્શાવવામાં આવતાં નથી. એનું કારણ એ હોઈ શકે કે કર્મણિ, પ્રયોજકના પ્રત્યયો વ્યાકરણિક પ્રત્યયો માનવામાં આવતા હોઈ એમને અંગસાધન પ્રક્રિયામાં દર્શાવવામાં આવતા નથી. કર્મણિ અને પ્રયોજકના પ્રત્યયો ખરેખર તો નવો ધાતુ જ બનાવે છે કારણ કે આ પ્રત્યયો લાગ્યા બાદ ધાતુની આકાંક્ષા બદલાય છે. અને એની અસર વાક્યરચના પર થાય છે.

-------------------

## પ્રકરણ 7

# વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ

ગુજરાતીમાં સહાયકારી ધાતુઓ ત્રણ પ્રકારના જોવા મળે છેઃ 1) જે આખ્યાતમાં કાળ-અર્થ દર્શાવવા માટે વપરાય છે, 2) જે નામ કે વિશેષણ સાથે આખ્યાતમાં સંકુલ રીતે મુખ્ય ધાતુ બનાવે છે, 3) જે આખ્યાતમાં વિવિધ અર્થ ઉમેરે છે.

1) કાળ-અર્થ દર્શાવવા માટે "હોવું" ધાતુના રૂપો વપરાય છે. આ રૂપો કાળ-અર્થ મુજબ બદલાય છે. દા.ત. વર્તમાનકાળમાં છું, છીએ, છે, છો રૂપો પુરુષવચન આધારે બદલાય છે. ભવિષ્યકાળમાં હોઈશ, હશું, હશે, હશો પણ પુરુષવચન આધારે બદલાય છે. ભૂતકાળમાં લિંગવચનને આધારે હતો, હતી, હતું, હતા, હતાં રૂપો વપરાય છે. જ્યારે આખ્યાત કાળ-અર્થ અને અવસ્થા ત્રણે દર્શાવે ત્યારે મુખ્ય ધાતુનું કૃદંત રૂપ અવસ્થા દર્શાવે છે અને સહાયકારીના રૂપો કાળ-અર્થ દર્શાવે છે. દા.ત.

   દોડતી હતી, માર્યો હતો, જોયું હશે,

   આ પ્રકારની રચનાની ચર્ચા આખ્યાતિક રચનામાં વિગતે કરવામાં આવી છે એટલે અહીં પુનરાવર્તન ટાળીએ છીએ.

2) કરવું, થવું, હોવું, આવવું, મારવું, ખાવું, મૂકવું, પડવું, પાડવું, ચઢવું, નાખવું, રાખવું, રહેવું આ સહાયકારી ધાતુઓ અને એમના રૂપોનો ઉપયોગ સંકુલ રીતે મુખ્ય ધાતુ બનાવવા માટે થાય છે. એમાંથી કરવું, થવું, હોવું આ ત્રણ ધાતુઓ અનુક્રમે ક્રિયા, પ્રક્રિયા અને સ્થિતિ દર્શાવવા માટે વપરાય છે. દા.ત.

   સાફ કરવું, સાફ થવું, સાફ હોવું.

   ભૂલ કરવી, ભૂલ થવી, ભૂલ હોવી.

   આ ત્રણ ધાતુઓ વ્યાપક રીતે ક્રિયા કે પ્રક્રિયા કે સ્થિતિ દર્શાવવા માટે વપરાય છે. જ્યારે અન્ય સહાયકારી ધાતુ ચોક્કસ નામો કે વિશેષણો સાથે આવે છે. દા.ત.

   આંટો મારવો, કાપ મૂકવો, ગાળ ખાવી, અધરું પડવું, ખુલ્લું પાડવું, ઊંઘ ચડવી, નજર નાખવી, અંકુશ રાખવો, કચાશ રહેવી, તાવ આવવો.

આ ધાતુઓ કરવું, થવું કે હોવું જેટલા વ્યાપક નથી અને રૂઢીપ્રયોગ લાગે એવી રચના હોય છે. પરંતુ જે નામો સાથે આ ધાતુઓ આવે છે ત્યાં કરવું, થવું આવી શકતા નથી એવું જણાય છે. જેમકે,

આંટો મારવો, આંટો ખાધો, આંટો પડ્યો એમ વપરાય પણ આંટો કર્યો કે આંટો થયો એમ વપરાતું નથી. કોઈક નામો સાથે એકથી વધુ સહાયકારી આવી શકે છે. જે આંટો એવા નામ સાથે જોઈ શકાય છે. આવા નામો/વિશેષણો અને સહાયકારી ધાતુઓની યાદી આપી શકાય છે.

**"મારવું"** ધાતુ સાથે આવતાં નામો કે વિશેષણો નીચે મુજબ છેઃ

આંખ, આંટી, આંટો, ઉછાળો, ઊંધું, કડી, કૂદકો, ખીલો કે ખીલી, ગપ્પું, ગંધ,

ગાવલી, ગાંઠ, ગુલાંટ, ગોથ, ગોથું, ગોળી, ચક્કર, ચોકડી, છાપો, છેકો, જખ, ઝગારા, ઝાટકો, ઠાંસ, ડટ્ટો, ડાકું, ડૂચો, પલટી, પલાંઠી, ફાકી, ફાંકો, ફૂંક, ફૂંફાડો, મત્તું, માથું, માથે, રંગ, લીટી, લીટો, લોચો, વટ, વલખાં, શરત, સણકા, સૂન.

"ખાવું" ધાતુ સાથે આવતાં નામો કે વિશેષણો નીચે મુજબ છેઃ

આંટો, ખત્તા, ખાંસડાં, ખોટ, ગડદો, ગમ, ગાળ, ગુલાંટ, ગોથ, ગોથું, ઘા, ચક્કર, છક્કડ, છીંક, ઝૂલા, ઝોકું, ઠોકર, તમાચો, તમ્મર, થપ્પડ, થાક, થાપ, દમ, ધક્કો,

નફો, પવન, પલટી, ફેરો, ભાડું, માથું, માર, મુક્કો, લાત, વિસામો, સમ, સોગન, સમય, હવા, હાર, હીંચકો.

"મૂકવું" ધાતુ સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

કાપ, કાતર, ગીરો, ચેકો, ચોકડી, છૂટ, દેહ, વિશ્વાસ.

"આવવું" ધાતુ સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

અક્કલ, અધીરાઈ, અંત, આંચકી, આથો, ઉછાળો, ઓછું, કંટાળો, ખપ, ખેંચ, ખોટ, ગંધ, ઘટ, ચક્કર, છીંક, ડહાપણ, તમ્મર, તાજગી, તાવ, દયા, દુઃખ, ભાન, મેળ, યાદ, યોગ, વિચાર, હસવું.

“પડવું” ધાતુ સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

અગવડ, અઘરૂં, અડચણ, અલગ, અસર, આકરૂં, આઘું, આડું, આંટી, આંટો, ઉકેલ, ઉકેલ, ઉઘાડું, ઊંધું, ઓછું, ઓળખાણ, કાણું, કાપો, ખબર, ખાતરી, ખોટું, ગમ, ગરજ, ગરમ, ગરમી, ગળું, ગળે, ગાંઠ, ઘટ, ઘસરકો, ઘોંચમાં, ચત્તું, ચકામું, ચહેરો, ચાટ, ચાંદી, ચીલો, ચેન, ચોકડી, છાપ, છૂટું, છેટું, છોભીલું, ટાઢું, ટાઢ, ટાલ, ડંકો, ઢીલું, તકલીફ, તડાકો, તમાચો, તાણ, દુઃખ, દુકાળ, દૃષ્ટિ, ધક્કો, ધાડ, ધીમું, નજર, નરમ, નબળું, પડઘો, પસંદ, પસ્તાળ, ફરજ, ફાટ, ફૂટ, ફેર, ફેરો, ભરોસો, ભંગાણ, ભાગ, ભાન, ભાર, ભારે, ભીડ, ભૂલ, ભૂલું, મજા, માર, મેળ, મોંઘું, મોંઢું, રસ, રસ્તે, રાત, રિવાજ, લાગુ, વટ, વાંધો, વિશ્વાસ, સમજ, સવાર, સાંસા, સૂનું.

“પાડવું” સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

ઉઘાડું, કાણું, ખુલ્લું, ખેલ, ઘાંટો, ચાળા, ચીલો, ચીસ, છાપ, છીંડું, છૂટું, જાળી, ઠેકાણું, ધાડ, પડઘો, ફરજ, ફૂટ, ફોડ, ફોટો, લીટી, વર્ગ, વિસારે.

“ચઢવું” સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

આથો, ઊંઘ, કાટ, ખીજ, ચરબી, ચાક, ચીડ, રંગ, હાંફ, શ્વાસ,

“રાખવું” સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

આધાર, અંકુશ, ઇજારો, ઇરાદો, કચાશ, ગુપ્ત, ઊભું, ખુલ્લું, છાનું, વિશ્વાસ.

“રહેવું” સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

અભાવ, કચાશ, ઉચાટ, ઉત્સાહ, ગૂંચ, ગરમ, ગાફેલ, ચૂપ, ઊભું, ખુલ્લું, છાનું.

“નાખવું” સાથે નીચેનાં નામો કે વિશેષણો આવી શકે છેઃ

કરવેરો, ટહેલ, ઘેરો, નજર, હીંચકો.

આ રીતે સહાયકારીના ઉપયોગમાં પ્રક્રિયા-ક્રિયાનો ભેદ જોવા મળે છે. જેમકે, પડવું-પાડવું, રહેવું-રાખવું, ખાવું-મારવું.

કચાશ રહેવી - કચાશ રાખવી

ટેવ પડવી - ટેવ પાડવી

ધક્કો ખાવો - ધક્કો મારવો.

આપવું (ગાળ, ચેતવણી, છૂટ), કાઢવું (અંદાજ, ઉકેલ) જેવા ધાતુઓ પણ વપરાય છે. એમનો વ્યાપ પ્રમાણમાં ઓછો છે.

એમાં સહાયકારી ધાતુનો કોશગત અર્થ રહેતો નથી પણ અલગ અર્થછાયા આવે છે તો ક્યાંક એ અર્થછાયા ઘસાઈ ગઈ હોય અને કેવળ ક્રિયા કે પ્રક્રિયા બનાવવા માટે એમનો ઉપયોગ કરવામાં આવે છે. આ સહાયકારી ધાતુઓ પૂરક સાથે મળીને એક રીતે સંકુલ ધાતુની રચના કરે છે. આ રચના બાહ્ય સ્વરૂપે ક્યાંક નામપદ અને આખ્યાત જેવી લાગે છે. પરંતુ એ રચનામાં આવતું પૂરક (નામ કે વિશેષણ) અને સહાયકારી ભેગા થઈને ક્રિયા કે પ્રક્રિયાનો અર્થ આપે છે. એમાંનું પૂરક અને સહાયકારી અલગ રીતે અર્થ દર્શાવી શકતાં નથી. એક ઉદાહરણની મદદથી આ સમજીએ.

એને દારૂની ટેવ પડી ગઈ છે.

અહીં આખ્યાત પ્રક્રિયા દર્શાવે છે. એટલે કર્તા-કર્મ કારકોની શક્યતા નથી. અને અહીં પડવું ધાતુ એનો કોશગત અર્થ છોડીને આખ્યાતને પ્રક્રિયાવાચી બનાવે છે. “પડવું” એવો સહાયકારી ધાતુ અવશતાની અર્થછાયા ઉમેરે છે. આ વાક્યમાં કઈ ઘટનાની વાત છે તો આપણે એમ જવાબ ન આપી શકીએ કે અહીં પડવાની ઘટનાની વાત છે. આપણે એમ જ કહેવું પડે કે આ વાક્યમાં “ટેવ પડવાની” ઘટનાની વાત છે. એવી જ રીતે નીચેનાં વાક્યો જુઓ-

થોડો થાક ખાઈ લો.

બાળકને તાવ આવ્યો છે.

આ વાક્યોમાં થાક ખાવો કે તાવ આવવો એ બન્ને ભેગા થઈને જ ક્રિયા કે પ્રક્રિયાનો અર્થ આપી શકે છે. અહીં ખાવું અને આવવું ધાતુઓએ એમનો કોશગત અર્થ ગુમાવ્યો છે અને સહાયકારી તરીકે કાર્ય કરે છે.

આ ધાતુઓ પછી કાળ-અર્થવાચી સહાયકારી ધાતુઓ આવી શકે છે અથવા અન્ય વિશિષ્ટાર્થવાચી સહાયકારી પણ આવી શકે છે. જેમકે,

મેં તો એને ગપ્પું મારી દીધું હતું.

એક વાર ચીલો પડી જાય એટલે એ રીતે જ કામ થાય છે.

અને ખાસ કરીને જ્યારે વિશેષણ પૂરક તરીકે આવે છે ત્યારે તો એ પૂરકને કર્મનામનો દરજ્જો આપવો શક્ય હોતો નથી. જુઓ –

બાળકોને આ દાખલો અઘરો પડ્યો હતો.

ચાર માણસોના ગુજારા માટે દસ હજાર ઓછા પડે છે.

આમ, ઉપર દર્શાવેલા કરવું, થવું, હોવું તેમજ અન્ય ધાતુઓ આખ્યાતિક રચનામાં ક્રિયા, પ્રક્રિયા કે સ્થિતિ દર્શાવવા માટે વપરાય છે અને એ રીતે એ મુખ્ય ધાતુ રચે છે. એમને રૂઢિપ્રયોગમાં ન મુકાય કારણ કે એ કોઈ એકલદોકલ નામો સાથે વપરાતા નથી.

એવી જ રીતે ગુજરાતીમાં નીચે દર્શાવેલાં રૂપો માત્ર પૂરક તરીકે જ વપરાય છે. જોડણી કોશ એમને વિશેષણ કે અવ્યય તરીકે દર્શાવે છે પણ એમનું કાર્ય પૂરક તરીકેનું જ જણાય છે. જુઓ –

અદા, અવશ, આગળ, આમેજ, કબૂલ, કાયમ, જેર, ધારણ, જમા, થૂ થૂ, ઝટ, ચીત, ચૂપ, દાખલ, ઠીક, તૈયાર, નક્કી, પરત, પસંદ, પાસ, પેશ, બંધ, બાદ, માન્ય, માફ, યાદ, રજૂ, રફૂ, રવાના, વશ, શરૂ, સમું, સહન, સાફ, સાબિત, હાજર.

એકાદ બે અપવાદ બાદ કરીએ તો આ રૂપો કરવું કે થવું કે પછી હોવું ધાતુના રૂપો સાથે જ વપરાય છે. સ્વતંત્ર રીતે વપરાતા નથી. જુઓ –

કાર્યક્રમ શરૂ થઈ ગયો છે.

આ ઓરડો સાફ કરી દો.

મહેમાન ઓરડામાં દાખલ થયા અને શાંતિ પથરાઈ.

તમારા આ ગુનાને કેવી રીતે માફ કરી શકાય?

3) ત્રીજા પ્રકારના સહાયકારી ધાતુઓ કાળ-અર્થ સિવાયનું કાર્ય કરનારા અને વિશિષ્ટ અર્થ ઉમેરનારા હોય છે. આ ધાતુઓ ભાષામાં બે પ્રકારનું કાર્ય ભાષામાં કરે છે. તેઓ મુખ્ય ધાતુ તરીકે વપરાય ત્યારે કોશ અર્થ દર્શાવે છે અને સહાયકારી તરીકે અન્ય ધાતુ સાથે વપરાય ત્યારે વિવિધ પ્રકારની અર્થછાયા ઉમેરે છે. તેઓ એમના કોશ અર્થ કરતાં જુદો અર્થ અહીં વ્યક્ત કરે છે. આવા પ્રકારના ધાતુઓ ભારતની ઘણી ભાષામાં મળે છે. ગુજરાતીની નજીકની ભાષા હિંદી અને મરાઠીમાં આવા ધાતુઓ મળે છે. આ ત્રણે ભાષામાં કેટલાક ધાતુઓ સમાંતર અર્થ દર્શાવે છે જ્યારે કેટલાક અસમાંતર અર્થ દર્શાવે છે. દા.ત.

ખાવું + લેવું = ખાઈ લે, ખાઈ લીધું
खाणे + घेणे = खाऊन घे, खाउन घेतलं. **(**मराठी**)**
खाना + लेना = खा लो, खा लिया **(**हिन्दी**)**

આપણે અહીં આખ્યાતિક રચનામં વિશિષ્ટ અર્થ ઉમેરનારા સહાયકારી ધાતુઓ વિશે વિગતે વાત કરવાના છીએ. આ ધાતુ જ્યારે વપરાય ત્યારે આખ્યાતમાં મુખ્ય અને સહાયકારીની રચના કેવા પ્રકારની થાય છે, આ ધાતુઓના કોશ અર્થ શું છે અને એમના વિશિષ્ટ (વ્યાકરણિક) અર્થ શું છે, અને કયા ધાતુઓ ક્રિયાવાચી મુખ્ય ધાતુ સાથે વપરાય છે અને કયા ધાતુઓ પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે વપરાય છે એની વાત કરીશું. ધાતુઓની યાદી આપવામાં આવી છે એમાં કયા ધાતુ સાથે કયા ધાતુઓ વિશિષ્ટ અર્થમાં સહાયકારી તરીકે વપરાય છે એ કોઠામાં દર્શાવવામાં આવ્યું છે. પરંતુ એ કયા પ્રકારના અર્થો દર્શાવે છે એની ચર્ચા અહીં કરીશું.

રચના-3

આ પ્રકારના ધાતુઓના વર્ગમાં બે વિભાગ પડે છે. એક એવા ધાતુઓ છે જેમનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં, એટલે કે ઘણા બધા ધાતુઓ સાથે સહાયકારી ધાતુ તરીકે થાય છે. એ જે પ્રકારનો અર્થ રચનામાં ઉમેરે છે

એ પણ સ્થિર થયેલો છે. અર્થાત્, એમનું વ્યાકરણિક કાર્ય ચોક્કસ અને વ્યાપક થયું છે. આ પ્રકારની રચનામાં સમાવેલા ધાતુઓ અને એમનાં કાર્યો નીચે મુજબ છેઃ

રચના -3 .પ્રકાર-1.

જોઈવું – મુખ્ય ધાતુ વ-કૃદંતનું રૂપ લે છે અને આ ધાતુ કાળ-અર્થના પ્રત્યયો ધારણ કરે છે. આ ધાતુ એક રીતે વિધ્યર્થક પ્રકારનો જ અર્થ ઉમેરે છે. આ અર્થ છે ક્રિયાના આગ્રહનો.

તમે વહેલાં આવો. – આજ્ઞાર્થક

તમારે વહેલાં આવવું – વિધ્યર્થક (સલાહ)

તમારે વહેલાં આવવું જોઈએ – વિધ્યર્થક (આગ્રહ)

પડવું – આ ધાતુ વિધ્યર્થક રચનામાં જોડાય ત્યારે ક્રિયાના વક્તા દ્વારા દબાણનો અર્થ વ્યક્ત કરે છે.

તમારે વહેલાં આવવું જોઈએ. – વિધ્યર્થક (આગ્રહ)

તમારે વહેલાં આવવું પડશે. - વિધ્યર્થક (દબાણ)

આ ધાતુઓ પરથી એમ કહી શકાય કે ગુજરાતી વિધ્યર્થકને ત્રણ સ્વરૂપમાં વ્યક્ત કરે છે – સલાહ, આગ્રહ અને દબાણ. વક્તા અને શ્રોતાના વાગ્વ્યવહારમાં એમનું ઘણું મહત્ત્વ છે. વાક્યરચના સ્તરે કર્તાની વિભક્તિ પણ બદલાય છે એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે. તેમજ પદસંવાદ કર્તા સાથે રહેતો નથી એ બાબત પણ ધ્યાનમાં લેવી જોઈએ.

લાગવું/માંડવું – આ ધાતુઓ વિધ્યર્થક પ્રત્યયના અવિકારી રૂપ સાથે જોડાય છે અને મુખ્ય ધાતુ દ્વારા દર્શાવવામાં આવતી ક્રિયાના કે પ્રક્રિયાના આરંભનો અર્થ વ્યક્ત કરે છે.

અધિકારી ગમે તેમ બોલવા લાગ્યા.

છોકરો પડ્યો એટલે એના મિત્રો હસવા માંડ્યા.

પાણી વહેવા માંડ્યું.

વરસાદથી વગડો લીલોછમ થવા લાગ્યો હતો.

જવું – આ ધાતુ વિધ્યર્થક પ્રત્યયના અવિકારી રૂપ સાથે જોડાય છે અને મુખ્ય ધાતુ દ્વારા દર્શાવવામાં આવતી ક્રિયાની કે પ્રક્રિયાની તૈયારીનો અર્થ વ્યક્ત કરે છે. આરંભ અને તૈયારી વચ્ચે ભેદ કરવામાં આવે છે.

હું કાગળ લખવા માંડી.

હું કાગળ લખવા જતી હતી. (આરંભ થયો ન હતો પણ તૈયારી કરી હતી.)

બાળક પડવા જ જતું હતું પણ એના પપ્પાએ એને પકડી લીધું.

આ સહાયકારી ધાતુઓના ઉપયોગ જોઈએ તો એમ સ્પષ્ટ જણાય છે કે ગુજરાતી ભાષા એક ક્રિયાની અનેક અવસ્થાઓને – અપેક્ષા, તૈયારી, આરંભ, અપૂર્ણતા અને પૂર્ણતા – પ્રત્યયથી અથવા સહાયકારી ધાતુઓથી દર્શાવે છે. આ ગુજરાતી ભાષાની વિશેષતા કહી શકાય. આ ધાતુઓના ઉપયોગમાં પદસંવાદ કર્તા સાથે રહે છે.

કરવું – મુખ્ય ધાતુના -ય કૃદંતના અવિકારી રૂપ (ધાતુ-ય-આ) સાથે આ સહાયકારી ધાતુનો ઉપયોગ મુખ્ય ધાતુ દ્વારા દર્શાવવામાં આવતી ક્રિયાના કે પ્રક્રિયાના સાતત્યનો કે પુનરાવર્તનનો અર્થ વ્યક્ત કરે છે.

બાળક રડતું હતું. (અપૂર્ણતા)
બાળક રડ્યા કરતું હતું. (ક્રિયાનું સાતત્ય)
આ છોકરો આખો દિવસ રખડ્યા કરે છે. (સાતત્ય)
આ પ્રશ્ન મને મૂંઝવ્યા કરે છે. (સાતત્ય, પુનરાવર્તન)

જવું/રાખવું – મુખ્ય ધાતુના -ય કૃદંતના અવિકારી રૂપ (ધાતુ-ય-એ) સાથે આ સહાયકારી ધાતુ મુખ્ય ધાતુ દ્વારા દર્શાવાતી ક્રિયા અથવા પ્રક્રિયાના સાતત્યનો અર્થ વ્યક્ત કરે છે.

એ પૈસા આડેધડ ખર્ચ્યે જાય છે.
ગરીબી તો વધ્યે રાખે છે.

જોકે જવું કે રાખવું એ ધાતુઓના પ્રમાણમાં કરવું ધાતુનો પ્રયોગ ક્રિયાસાતત્ય માટે વધુ વપરાતો જણાય છે.

રહેવું/જવું – મુખ્ય ધાતુના અર્થમાં સાતત્યનો અર્થ ઉમેરવા માટે આ સહાયકારી ધાતુઓનો ઉપયોગ પણ કરવામાં આવે છે.
પરંતુ મુખ્ય ધાતુનું કૃદંતનું રૂપ -ત કૃદંતનું રહે છે.

આખા રસ્તે એ બબડતો રહ્યો.
વરસાદ પડતો રહ્યો. પૂરનાં પાણી વધતાં જ ગયાં.

શકવું – આ ધાતુ મુખ્ય ધાતુના -ઈ કૃદંત રૂપ સાથે મુખ્ય ક્રિયાની શક્યતાનો અર્થ વ્યક્ત કરે છે.

અમે તમને મદદ કરી શકીએ છીએ.
વરસાદ નડ્યો નહીં એટલે મજૂરો કામ વહેલું પતાવી શક્યા.

શકવું ધાતુ ક્રિયાવાચી ધાતુ સાથે જ વપરાય છે અને પદસંવાદ કર્તા સાથે રહે છે. જોકે, "શકવું" ધાતુનું કર્મણિ રૂપ પણ શક્ય છે અને ત્યારે પદસંવાદ કર્તા સાથે રહેતો નથી.

ઉપર દર્શાવેલા બધા સહાયકારી ધાતુઓ બાદ આખ્યાતિક રચનામાં કાળ-અર્થવાચક સહાયકારી ધાતુ "હોવું" ના રૂપો આવી શકે છે જે ઉપરનાં ઉદાહરણોમાંથી પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.
આ પ્રકારના સહાયકારી ધાતુઓ – જોઈવું, પડવું, માંડવું, કરવું, જવું, રહેવું, રાખવું, શકવું – ને અલગ વર્ગમાં એટલા માટે મૂક્યા છે કે એમનો ઉપયોગ વ્યાપક છે અને એમના કોશગત અર્થથી તેઓ બહુ દૂર જતા નથી. સહાયકારી ધાતુઓનો અન્ય વર્ગ એવો છે જેમાંના ધાતુઓ અનેક પ્રકારના

અર્થો વ્યક્ત કરે છે અને એમનો પ્રયોગ અમુખ મુખ્ય ધાતુઓ સાથે મર્યાદિત રહે છે. એમના વ્યાકરણિક કાર્યો (અર્થછાયાઓ) ક્યારેક અસ્પષ્ટ રહે છે. એટલે એમનો વર્ગ અલગ કર્યો છે.

રચના-3 પ્રકાર-2

મુખ્ય ધાતુને –ઈ પ્રત્યય લાગ્યા પછી એ અવિકારી બની જાય છે અને કાળ-અર્થ-પદસંવાદના પ્રત્યયો સહાયકારી ધાતુને લાગે છે. પદસંવાદના પ્રત્યયો પણ સહાયકારી ધાતુની પ્રકૃતિ મુજબ હોય છે. અર્થાત્ એ અકર્મક છે કે સકર્મક છે એને આધારે પદસંવાદના પ્રત્યયો અને પદસંવાદ કર્તા પ્રમાણે કે કર્મ પ્રમાણે તે નક્કી થાય છે.

સકર્મક ધાતુઓ – નાખવું, કાઢવું, આપવું, લેવું, દેવું, જોવું, મારવું, મૂકવું, બેસવું, છૂટવું.

અકર્મક ધાતુઓ – જવું, આવવું, બેસવું, ઊઠવું, નીકળવું.

પ્રક્રિયાવાચી ધાતુઓ – પડવું, જવું, ઊઠવું, નીકળવું, આવવું.

આ પ્રકારના ધાતુઓ વપરાય ત્યારે **મુખ્ય ધાતુને –ઈ પ્રત્યય લાગે છે** અને કાળ-અર્થના પ્રત્યયો સહાયકારી ધાતુઓને લાગે છે.

કાગળ **લખ-ઈ કાઢ-ય-ઓ**

મુખ્ય-ઈ + સહાયકારી-ભૂતકાળ-પદસંવાદ (લિંગવચનનો કર્મનામ મુજબ)

મુખ્ય ધાતુને –ઈ પ્રત્યય લાગ્યા પછી એ અવિકારી બની જાય છે અને કાળ-અર્થ-પદસંવાદના પ્રત્યયો સહાયકારી ધાતુને લાગે છે. પદસંવાદના પ્રત્યયો પણ સહાયકારી ધાતુની પ્રકૃતિ મુજબ હોય છે. અર્થાત્ એ અકર્મક છે કે સકર્મક છે એને આધારે પદસંવાદના પ્રત્યયો અને પદસંવાદ કર્તા પ્રમાણે કે કર્મ પ્રમાણે તે નક્કી થાય છે.

આ ધાતુઓ વિવિધ પ્રકારના અર્થો આખ્યાતમાં ઉમેરે છે. અમુક પ્રયોગોમાં એમના વિશિષ્ટ અર્થો સ્પષ્ટ રીતે જણાઈ આવે છે તો ક્યારેક એ અર્થો ઘસાઈ ગયેલા અને એ ધાતુનો પ્રયોગ કોઈ ખાસ અર્થ વિના થયેલો જોવા મળે છે. આ અર્થો – સંપૂર્ણતા, અચાનકતા, અનિયંત્રણ, અજમાયશ, લક્ષણો, અવશતા, સાતત્ય, દબાણ વગેરે છે. આ ધાતુઓ મુખ્ય ધાતુ તરીકે કોશ અર્થ દર્શાવતા હોય છે અને સહાયકારી તરીકે વિશિષ્ટ અર્થ દર્શાવતા હોય છે. એમની સંખ્યા મર્યાદિત હોવાને કારણે દરેક ધાતુના અર્થને જાણવાનો પ્રયાસ કરીશું. જોકે, એમાં સફળતા મળે જ એવું નહીં બને. એક એવો પ્રયત્ન પણ અહીં કર્યો છે કે એમના કોશ અર્થના અનેક પાસાંમાંથી કયું પાસું વિશિષ્ટ અર્થમાં વપરાય છે તે સમજવું. કેટલાક વિશિષ્ટ અર્થોનો નિર્દેશ જોડણી કોશમાં કરેલો પણ જોવા મળે છે. એટલે જોડણી કોશમાં આપેલ એમના કોશઅર્થ તેમજ વ્યાકરણિક કાર્યની નોંધ લઈશું. કયા કોશગત ધાતુઓ સાથે કયો સહાયકારી ધાતુ આવી શકે છે એ પણ યાદી રૂપે નોંધીશું. ક્યાંક શક્ય હોય ત્યાં બે સહાયકારી ધાતુઓના કાર્યની તુલના કરવાનો પ્રયત્ન કરીશું જેથી એમની અર્થછાયા સમજવામાં મદદ મળી શકે. દા.ત.

લખવું કોશગત ધાતુ સાથે લેવું, કાઢવું, નાખવું, મારવું, દેવું સહાયકારી ધાતુ તરીકે વપરાય છે. નીચેનાં વાક્યો જુઓ –

1. મેં એમના કાગળનો જવાબ લખ્યો.
2. મેં એમના કાગળનો જવાબ લખી દીધો.
3. મેં એમના કાગળનો જવાબ લખી કાઢ્યો.
4. મેં એમના કાગળનો જવાબ લખી નાખ્યો.
5. મેં એમના કાગળનો જવાબ લખી માર્યો.

પ્રથમ વાક્યમાં કોઈ સહાયકારી વપરાયો નથી. બીજા વાક્યમાં વપરાયેલ સહાયકારી "દેવું" મુખ્ય ક્રિયા "લખવા"માં પૂર્ણતાનો અર્થ (જવાબ લખ્યો અને કાગળ મોકલ્યો એવો હોઈ શકે છે.) ઉમેરે છે. ત્રીજા વાક્યમાં લખવાની ક્રિયા પૂર્ણ થઈ ઉપરાંત એમાં વ્યવસ્થિત રીતે લખાયાનો ભાવ ઉમેરાયો છે. એની સામે ચોથા વાક્યમાં લખવાની ક્રિયા કદાચ અવ્યવસ્થિત રીતે થયાનો ભાવ છે. પાંચમાં વાક્યમાં લખવાની ક્રિયા વેઠ રૂપે (અણગમા સાથે?) થઈ હોય એવો અર્થ ઉમેરાય છે. ઉપર વાત કરી તેમ કયા સહાયકારી ધાતુ દ્વારા ઉમેરાતી અર્થછાયા સ્પષ્ટ હોય છે તો ક્યાંક એ અસ્પષ્ટ હોય છે. એ અર્થછાયાનું વર્ણન સહાયકારી ધાતુના બધા જ પ્રયોગોમાં સાતત્યપૂર્ણ રીતે સ્પષ્ટ હોય એવું બનતું નથી. કદાચ અભ્યાસ કરનારને એ અર્થછાયા પકડવી અઘરી પડે છે અને એનું વર્ણન વધુ અઘરું પડે છે. અને એટલા માટે કયો સહાયકારી કયા મુખ્ય ધાતુઓ સાથે વપરાય છે એની યાદી આપવાનું સ્વીકાર્યું છે. ભવિષ્યમાં કોઈ અભ્યાસકને એ અર્થછાયા સ્પષ્ટ રીતે પકડવામાં સફળતા મળી શકે છે. સહાયકારી ધાતુના કોશઅર્થમાંના કોઈ તાંતણાને આવી રચનામાં અર્થછાયા દર્શાવવા માટે વપરાય છે એ વાત નક્કી છે એટલે કોશઅર્થની સાથે વ્યાકરણિક અર્થછાયા આપવાનો પ્રયત્ન કર્યો છે.

ભારતીય આર્ય ભાષાઓમાં આ પ્રકારના સહાયકારી ધાતુઓ મળી આવે છે. ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી, ઓરિયા ભાષાઓમાં આ સહાયકારી ધાતુઓ મળે છે અને એમનો ઉપયોગ ઘણો સમાંતર જોવા મળે છે. આ પ્રકારના સહાયકારી ધાતુઓ માટે સંજ્ઞા કઈ વાપરવી એ પણ એક પ્રશ્ન છે. અલગ અલગ વિદ્વાનોએ એનાં નામ સૂચવ્યાં છે. સોમા પૉલ એને Light Verbs કહે છે. અન્વિતા અબ્બી એને Explicator કહે છે. એના બીજાં નામો પણ છે – intensifier, Vector. સોમા પૉલ સહાયકારી ધાતુ વડે વિવિધ અર્થો વ્યક્ત કરવાની આ પ્રક્રિયાને અર્થવિરંજનની પ્રક્રિયા (Semantic bleaching) કહે છે. આ ધાતુઓ એમના કોશગત અર્થમાંથી અમુક અર્થને આખ્યાતમાં ઉમેરે છે. એટલે બાકીના અર્થનું વિરંજન થયું એમ ગણી એમને Light Verbs (વિરંજિત ધાતુઓ) કહે છે. મારી દૃષ્ટિએ આ અર્થવિરંજન નથી પણ મૂળ કોશગત અર્થના એક તાંતણાનો પ્રયોગવિસ્તાર છે. સંયુક્ત આખ્યાતમાં જ્યારે કોશગત ક્રિયાનો અર્થ મુખ્ય ધાતુ દર્શાવે છે ત્યારે આ પ્રકારના સહાયકારી ધાતુઓ એમાં પોતાના કોશઅર્થમાંની એકાદ છટા એમાં ઉમેરીને સમગ્ર આખ્યાતિક રચનામાં એક વિશિષ્ટ અર્થ ઉમેરે છે. દા.ત.

હવે તમે આ ચંપલ પહેરી જુઓ.
ચા ચપ્પુથી કાપી જુઓ.

અહીં "જુઓ" સહાયકારી ધાતુ તરીકે મુખ્ય ક્રિયાની અજમાયશનો અર્થ વ્યક્ત કરે છે. એનો કોશગત અર્થ અહીં નથી. આપણે હવે એક એક કરીને જે વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુ છે એમની અર્થછાયા અને એ કયા મુખ્ય ધાતુઓ સાથે એ આવી શકે છે એ જોવાના છીએ. મુખ્ય ધાતુ દ્વારા દર્શાવાતી ક્રિયા અથવા પ્રક્રિયાનો કોશ અર્થ અને સહાયકારીનો વિશિષ્ટ અર્થ એ બેઉના મેળ સાથેની આ આખ્યાતિક રચના હોય છે. આ પ્રકારના સહાયકારી ધાતુઓ કયા વિશિષ્ટાર્થ કે અર્થછાયા કે ભાવ દર્શાવે છે એનું વર્ણન કરવું કોઈ પણ વ્યાકરણકાર માટે રસપ્રદ હોવા છતાં ઘણું જ પડકારરૂપ છે. કારણ કે ક્યાંક એ અર્થછાયા સ્પષ્ટ હોય છે તો ક્યાંક એ સ્પષ્ટ હોતી નથી. ક્યાંક બે સહાયકારી વચ્ચે અર્થછાયાનો ભેદ સ્પષ્ટ હોય છે તો ક્યાંક એ પર્યાય હોય તેમ વપરાય છે. એમના કોશગત અર્થમાંથી અર્થનો કયો તાંતણો સહાયકારી તરીકેના એમના કાર્યમાં વપરાય છે એ જોવું પડતું હોય છે અને એ અર્થનો વ્યાપ પણ જોવો પડતો હોય છે. આ અર્થછાયાઓને ત્રણ પરિમાણો દ્વારા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. આ ત્રણ પરિમાણો છે – અભિગમ, રીત અને પરિણામ.

1) વક્તાનો મુખ્ય ક્રિયા પ્રત્યેનો અભિગમ – યોગ્યતા, અયોગ્યતા, પસ્તાવો, દબાણ, અણગમો.
2) ક્રિયા કે પ્રક્રિયાની રીત – અચાનકપણું, અનપેક્ષિતતા, વ્યવસ્થિતતા, અણઘડપણું, સાતત્ય, અજમાયશ, પૂર્ણત્વ.
3) ક્રિયાનું પરિણામ – કર્તા માટે, બીજા માટે
   કર્તાથી દૂર, કર્તા તરફ

પ્રકાર 3 (સકર્મક ધાતુઓ સાથે આવનારા ધાતુઓ)

### લેવું

લેવું = સ્વીકારવું, બીજા ક્રિયાપદો સાથે આવતાં તે ક્રિયા પૂરી કરવી અથવા વહેલી પતાવવી એવો અર્થ બતાવે છે. (જો.કો. પૃ.736)

જોડણી કોશ દ્વારા આપવામાં આવેલ આ અર્થ સાવ જ સામાન્ય છે અને એ યોગ્ય પણ જણાતો નથી. નીચેના વાક્યોમાં એનો અર્થ અલગ છે એનો ખ્યાલ આવી શકે છે.

મેં એમનો ફોન નંબર લખી લીધો.
મેં એમને મારો ફોન નંબર લખી આપ્યો.

એમણે પૈસા ગણ્યા છે.
એમણે પૈસા ગણી લીધા છે.

વાક્યના પહેલા જોડકામાં સ્પષ્ટ છે કે પ્રથમા વાક્યમાં લખવાની ક્રિયા કર્તાના લાભ માટે થઈ છે જ્યારે બીજા વાક્યમાં એ અન્યના લાભ માટે થઈ છે. એ રીતે અર્થછાયા બદલાતા સહાયકારી પણ બદલાયા છે. બીજા વાક્યજોડકામાં બીજા વાક્યમાં પણ આ અર્થ જણાઈ આવે છે. નીચેનાં વાક્યોમાં પણ એ અર્થ જણાઈ આવશે.

એણે બાજી સંભાળી લીધી.

એણે સરનામું પૂછી લીધું.

એણે નોટ બદલી લીધી. (એણ નોટ બદલી દીધી)

ક્રિયાના કર્તાના લાભમાં ક્રિયા થવી કે કર્તાની દિશામાં ક્રિયા થવી એ અર્થછાયા “લેવું” સહાયકારી આપે છે. લેવું સહાયકારી નીચેના મુખ્ય ધાતુઓ સાથે વપરાતો જોવા મળે છે.

અજવાળવું, આકર્ષવું, આટોપવું, આરોગવું, આંકવું, આંચકવું, ઉકાળવું, ઉકેલવું, ઉગારવું, ઉઘરાવવું, ઉઠાવવું, ઉપાડવું, ઊચકવું, ઓટવું, ઓઢવું, ઓળખવું, ઓળવું, કબૂલવું, કમાવું, કલ્પવું, કસવું, કાઢવું, કાપવું, કૂટવું, ખમવું, ખરીદવું, ખંખેરવું, ખંગાળવું, ખાવું, ખૂંચવવું, ખેરવવું, ખેંચવું, ખોડવું, ગણવું, ગાળવું, છીનવવું, જકડવું, જીતવું, જોખવું, જોવું, ઝડપવું, ઝાલવું, ઝીલવું, ઝૂંટવવું, ટપકાવવું, તફડાવવું, તળવું, તારવવું, તેડવું, તોલવું, દળવું, દોહવું, ધારવું, નાણવું, તપાસવું, ચકાસવું, નિચોવવું, નિતારવું, નિભાવવું, નોંધવું, પકડવું, પટાવવું, પડાવવું, પરોવવું, પહેરવું, પારખવું, પૂછવું, પૂજવું, ફાંકવું, ફીણવું, ફેટવું, બદલવું, બાફવું, બોલવું, બોલાવવું, ભજવું, ભણવું, ભેટવું, મનાવવું, મળવું, માગવું, માણવું, માનવું, માપવું, મેળવવું, રાખવું, રેડવું, રોકવું, રોડવવું, લખવું, લપેટવું, લૂછવું, લૂટવું, લેવું, વહેંચવું, વાટવું, વાંચવું, વિચારવું, વીણવું, વેઠવું, શીખવું, શેકવું, શોધવું, સમજવું, સમારવું, સમાવવું, સરકાવવું, સહેવું, સંકેલવું, સંકોરવું, સંઘરવું, સંભાળવું, સાચવવું, સાંકળવું, સાંખવું, સાંભળવું, સીવવું, સુધારવું, સ્વીકારવું, સ્મરવું, હસવું.

“લેવું” સહાયકારીનો પ્રયોગ ચોક્કસ પ્રકારના મુખ્ય ધાતુઓ સાથે થાય છે, બધા ધાતુઓ સાથે થતો નથી. એમાંના કેટલાક ધાતુઓ મુખ્ય ધાતુઓ દ્વારા દર્શાવાતી ક્રિયાના કર્તાના લાભમાં ક્રિયા થતી દર્શાવે છે. કેટલાક ધાતુઓ એવા છે જેમાં ક્રિયાનો લાભ કર્તાને જ મળતો હોય છે તો કેટલાક ધાતુઓમાં એ કર્તાને કે અન્યને મળવાની શક્યતા હોય છે. કેટલાક ધાતુઓ ક્રિયાની દિશા કર્તા તરફી બતાવે છે. કેટલાક ધાતુઓ મુખ્ય ધાતુ દ્વારા વ્યક્ત થતી ક્રિયાનો ઉપયોગ પછીની કોઈ ક્રિયા માટે રાખેલ છે એમ દર્શાવે છે. થોડું હંગામી વર્ગીકરણ કરેલ છે.

<u>કર્તાને લાભ / કર્તા તરફ</u>

આકર્ષવું, આચકવું, આરોગવું, ઉગારવું, ઉઘરાવવું, ઉઠાવવું, ઉપાડવું, ઊચકવું, કમાવું, ખમવું, ખાવું, ખરીદવું, ઓઢવું, ખૂંચવવું, ખેંચવું, છીનવવું, જીતવું, ઝાલવું, ઝડપવું, ઝીલવું, ઝૂટવવું, ટપકાવવું, તફડાવવું, તેડવું, નિભાવવું, પકડવું, પટાવવું, પહેરવું, પૂછવું, ફાંકવું, ભણવું, મનાવવું, મળવું, માગવું, માનવું, રાખવું, સમજવું, સાંભળવું, સ્વીકારવું, લૂટવું, લેવું, વીણવું, વેઠવું, શીખવું, સરકાવવું, સહેવું, સંકેલવું, સંઘરવું, સંભાળવું, સાચવવું, સાંકળવું, સાંખવું, હરવું.

<u>તટસ્થ (કર્તા તરફ કે અન્ય તરફ) (કર્તા તરફ હોય તો “લેવું” વપરાય)</u>

ઉકેલવું, ઓટવું, કાપવું, ખંગાળવું, નિચોવવું, નિતારવું, કૂટવું, દળવું, દોહવું, બદલવું, બાફવું, ગણવું, ગાળવું, જોખવું, તપાસવું, માપવું, લખવું, શોધવું, શેકવું, તારવવું, બોલાવવું, વાંચવું, શોધવું

<u>અન્ય અનિશ્ચિત</u>

કસવું, તળવું, ફીણવું,

<u>દેવું/આપવું</u>

દેવુઃ- આપવું, સ.ક્રિ. જોડે આવતાં, તે ક્રિયાની રજા આપવી એવો ભાવ બતાવે છે. જેમ કે, ખાવા દેવું, જવા દેવું. અ.ભૂ.કૃ. ની સાથે આવતાં, તે ક્રિયા બરોબર કરી છૂટવું, એવો ભાવ બતાવે છે. જેમ કે, આપી દે; તેમને છોડી દીધા! (જો.કો. પૃ.452)

જોડણી કોશે આપેલ પ્રથમ અર્થ "ક્રિયાની અનુમતિ" બરાબર છે અને એ વ્યાપક રીતે વપરાય છે. દા.ત.

ન્યાયાધીશે એ વ્યક્તિને છોડી દીધો.

મને ઊઠવા દો તો હું કરી બતાવું.

જોડણી કોશે આપેલ બીજો અર્થ "ક્રિયા બરોબર કરી છૂટવું" યોગ્ય નથી લાગતો. આપણે ઊપર લેવું ધાતુનો અર્થ કર્તાની તરફ કે કર્તાને ક્રિયાના પરિણામનો લાભ જોયો હતો. દેવું કે આપવું નો અર્થ કર્તાની દૂર કે અન્યને લાભનો અર્થ દેવું કે આપવું દર્શાવે છે. દા.ત.

મેં એમને બટન ટાંકી આપ્યું.

બાએ પડોશણને દહીંવડાં શિખવાડી દીધાં.

નીચેના મુખ્ય ધાતુઓ સાથે "દેવું" ધાતુ સહાયકારી તરીકે આવી શકે છે.

અટકાવવું, આથવું, આપવું, આરંભવું, આરોપવું, આંટવું, ઊગાડવું, ઊડાવવું, ઊતારવું, ઉથલાવવું, ઉથાપવું, ઉધારવું, ઉમેરવું, ઉલાળવું, ઉશ્કેરવું, ઉઘાડવું, ઓકવું, ઓટવું, ઓલવવું, કબૂલવું, કરવું, કહેવું, ખડકવું, ખદેડવું, ખસેડવું, ખંખેરવું, ખાલવવું, ગાડવું, છાંટવું, છાંડવું, છુપાવવું, છોડવું, જકડવું, જોડવું, ઝીકવું, ટાળવું, ટાંકવું, ટાંગવું, ટૂંકાવવું, ટેકવવું, ઠઠારવું, ઠારવું, ઠાલવવું, ઠાંસવું, ઠોકરાવવું, ઠોકવું, ઠોંસવું, ડબોળવું, ડામવું, ઢાળવું, ઢાંકવું, ઢોળવું, તજવું, દફનાવવું, દર્શાવવું, દાટવું, દાબવું, દુખાડવું, દેવું, દેખાડવું, ધકેલવું, ધરબવું, ધરવું, ધોળવું, નાખવું, નિચોવવું, નિતારવું, નીમવું, પછાડવું, પટકવું, પટાવવું, પરખાવવું, પરોવવું, પલાળવું, પાઠવવું, પાડવું, પાથરવું, પીરસવું, પૂરવું, પ્રયોજવું, ફરકાવવું, ફાળવવું, ફુલાવવું, ફૂંકવું, ફેડવું, ફેરવવું, ફેંકવું, બકવું, બગાડવું, બઝાડવું, બતાવવું, બદલવું, બાંધવું, બિછાવવું, બેસાડવું, બીડવું, બોલવું, બોળવું, ભભરાવવું, ભરમાવવું, ભંભેરવું, ભૂંસવું, ભેરવવું, ભેળવવું, ભોંકવું, મંતરવું, મારવું, માંજવું, મીચવું, મૂકવું, મોકલવું, મોવું, રચવું, રંગવું, રાખવું, રેડવું, રોકવું, રોપવું, લખવું, લપેટવું, લાવવું, લીપવું, લૂછવું, વધારવું, વઘેરવું, વહેંચવું, વાપરવું, વાવવું, વાસવું, વાળવું, વાંચવું, વિખેરવું, વિભાગવું, વીંટવું, વીંધવું, વેચવું, વેડફવું, વેરવું, સજાવવું, સમાવવું, સરકાવવું, સર્જવું, સંકેલવું, સંડોવવું, સંતાડવું, સાંકળવું, સીવવું, સુધારવું, સુલટાવવું, સુકવવું, સૂચવવું, સોંપવું, સ્થાપવું, હડસેલવું, હુલાવવું, હેલવવું.

લેવું અને દેવું વચ્ચેનો કર્તાતરફી અને અન્યતરફીનો અર્થ ઘણા ધાતુઓના સંદર્ભમાં સ્પષ્ટ છે. દા.ત.

ઉતારી લેવું – ઉતારી દેવું

ઓટી લેવું - ઓટી દેવું

ધોળી લેવું - ધોળી દેવું

કેટલાક સહાયકારીમાં દિશા સ્પષ્ટ હોવાથી કેવળ "દેવું" જ આવી શકે છે. દા.ત. આપી દેવું, કહી દેવું, છોડી દેવું, ઢોળી દેવું વગેરે. દેવું ધાતુનો સમાનાર્થી હોવા છતાં આપવું ધાતુ સહાયકારી તરીકે વધુ પ્રચલિત નથી.

**કાઢવું**

કાઢવુ = (હોય ત્યાંથી કે અંદરથી) બહાર ખેંચવું – લાવવું – લેવું – મોકલવું, (2) અલગ કરવું, દૂર કરવું, છૂટું પાડવું. 8) ન દેખાતું હોય તે જાહેરમાં બહાર લાવવું.

બીજાં ક્રિયાપદો સાથે તે ક્રિયા પૂરી કરી દેવી, પતાવવું એવો ભાવ પ્રેરે છે. જેમ કે, "એણે આખું ખેતર ખોદી કાઢ્યું." (જો.કો. પૃ.177)

કેવળ ક્રિયા પૂરી થવાનો અર્થ દર્શાવે છે એમ કહેવું ઉચિત જણાતું નથી. ઘણા ધાતુઓના સંદર્ભે જોડણી કોશ સંપૂર્ણતાની અર્થછાયા દર્શાવે છે એમ કહે છે. પણ વાસ્તવમાં એ ઉપરાંત ક્રિયા વ્યવસ્થિત રીતે થવાની અર્થછાયા વધારે જણાય છે. અને નાખવું એવા ધાતુઓના વિરોધમાં એ જણાય છે. નાખવાની ક્રિયા કર્તાની દૂરની દિશામાં અને અવ્યવસ્થિત રીતે થતી ક્રિયા છે જેની સામે કાઢવું એ કર્તાની દિશામાં અને વ્યવસ્થિત રીતે થતી ક્રિયા છે. આ અર્થછાયાનો ભેદ નીચેના વાક્યોમાં તરત જણાઈ આવશે.

એણે વાસણ અજવાળી કાઢ્યાં.
એણે વાસણ અજવાળી નાખ્યાં.

ક્રિયા પૂરી કરવાના ભાવ સાથે એ ક્રિયા વ્યવસ્થિત રીતે થવાનો  તો બીજામાં એ ગમેતેમ પૂરી કરવાની અર્થછાયા જણાઈ આવે છે. જોકે, બધા સંદર્ભમાં આ અર્થછાયાનો ભેદ સ્પષ્ટ ન હોય એવું પણ બને છે. નાખવું સહાયકારી મુખ્ય ધાતુની ક્રિયાની ઝડપ પણ સૂચવે છે.

એણે કોયડો ઉકેલી કાઢ્યો.
એણે કોયડો ઉકેલી નાખ્યો.

કદાચ આ ઝડપના અર્થમાંથી જ અવ્યવસ્થિતતાનો અર્થ "નાખવું" ધાતુ સાથે આવતો હોય એવું શક્ય છે.

**"કાઢવું"** સહાયકારી ધાતુ નીચેના મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છે.

અજવાળવું, અવગણવું, આમળવું, આંજવું, આંટવું, ઉકાળવું, ઉકેલવું, ઉખેડવું, ઉઘાડવું, ઉજાડવું, ઉચ્છેદવું, ઉતારવું, ઉપજાવવું, ઉલેચવું, ઉટકવું, ઓકવું, ઓગાળવું, ઓટવું, ઓલવવું, ઓળવું, કાતરવું, કાપવું, કોચવું, ખણવું, ખદેડવું, ખમણવું, ખરચવું, ખસેડવું, ખંખેરવું, ખંગાળવું, ખંજવાળવું, ખાલવવું, ખાંડવું, ખૂંદવું, ખેરવવું, ખોતરવું, ખોરવવું, ખોદવું, ખોવું, ખાળવું, ગજવવું, ગણવું, ગાવું, છીણવું, છૂંદવું, છેકવું, છોડવું, છોલવું, જોડવું, જોવું, ઝબકોળવું, ઝાટકવું, ઝાપટવું, ઝૂડવું, ટીપવું, ટૂંપવું, ટૂંકાવવું, ઠાલવવું, ડહોળવું, ઢોળવું, તડકાવવું, તળવું, તારવવું, તોડવું, થકવવું, થૂકવું, દબડાવવું, દળવું, દુખાડવું, ધમકાવવું, ધીબવું, ધુત્કારવું, ધોળવું, નિચોવવું, નિતારવું, પકવવું, પરોવવું, પહેરવું, પીંખવું, પીટવું, પીલવું, પીસવું, પીંજવું, પૂછવું, ફટકારવું, ફાડવું, ફીણવું, ફેરવવું, ફેંદવું, ફોડવું, ફોલવું, બકવું, બગાડવું, બદલવું, બાફવું, બાંધવું,

બોટવું, બોલવું, બોળવું, ભાગવું, ભાંગવું, ભૂંસવું, ભૂંજવું, મચડવું, મરડવું, મસળવું, માંજવું, મૂંડવું, મોવું, રગડવું, રગદોળવું, રચવું, રહેંસવું, રંગવું, લખવું, લજવવું, લપેટવું, લીપવું, લૂછવું, વખોડવું, વગોવવું, વલોવવું, વહેરવું, વાટવું, વાઢવું, વાપરવું.

**નાખવું.**

**નાખવું/નાંખવું** = ફેંકવું, ઉશેટવું, (2) દૂર કરવું, બાજુ પર રાખવું,
અન્ય ક્રિયાની સહાયમાં તે ક્રિયા ઝપાટાબંધ પૂર કરવાનો (અથવા ક્યારેક તે ગમે તેમ પૂરી કરવાનો ભાવ બતાવે છે ઉદા. કાપી નાંખ, લખી નાંખ. (જો.કો. પૃ.487)
જોડણી કોશ દ્વારા દર્શાવવામાં આવેલ અર્થછાયા યોગ્ય જણાય છે. જોડણી કોશે "કાઢવું" અને "નાખવું" બન્નેમાં "દૂર કરવું" એવો અર્થ નોંધ્યો છે. એટલે ઘણી વાર "દેવું", "કાઢવું" અને નાખવું સહાયકારી તરીકે એક સરખી અર્થછાયા આપતા જણાય છે. દા.ત.

બગડી ગયું છે દૂધ. બધું ઢોળી કાઢ./ઢોળી નાખ/ઢોળી દે.

એણે બધા પૈસા વાપરી કાઢ્યા.
એણે બધા પૈસા વાપરી નાખ્યા.

ક્યારેક આ બે સહાયકારી વચ્ચેનો અર્થ સ્પષ્ટ હોય છે તો ક્યારેક એકબીજાનું સ્થાન લઈ શકે છે. ઉપરના પહેલા વાક્યમાં "વાપરી કાઢ્યા" એવા આખ્યાતમાં વાપરવા માટે કોઈ સારું કારણ હોય એવો ભાવ હોય અને બીજા વાક્યમાં "ખરચી નાખ્યા" એવા આખ્યાતમાં "ઉચિત કારણ વિના કે ગમે તેમ ખરચ્યા" એવો ભાવ હોઈ શકે છે. એટલે ઘણી વાર વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ ક્રિયા પાછળના પ્રયોજનની યોગ્યતા કે અયોગ્યતાની અર્થછાયા દર્શાવે છે. કાઢવું અને નાખવું જે મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છે એ ધાતુઓ ઘણા સરખા પણ છે જે આપેલ યાદી પરથી સ્પષ્ટ થાય છે.

**"નાખવું"** સહાયકારી ધાતુ નીચેના મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છે.
ઉકેલવું, ઉખેડવું, ઉઘાડવું, ઉતેડવું, ઉથલાવવું, ઓલવવું, કહેવું, કાઢવું, કૂટવું, ખરચવું, ખંખેરવું, ખાંડવું, ખૂંદવું, ખોરવવું, ખોદવું, ખોવું, છીણવું, છૂંદવું, છેકવું, છોલવું, ઝૂડવું, ટીપવું, ઢીબવું, ઢોળવું, તકકાવવું, તોડવું, થકવવું, દબડાવવું, દળવું, ધમકાવવું, ધીબવું, પાડવું, પીંખવું, પીસવું, ફાડવું, ફેરવવું, ફેંદવું, ફોડવું, ફોલવું, બગાડવું, બદલવું, ભાંગવું, ભૂંસવું, ભૂંજવું, મચડવું, મારવું, મૂંડવું, રહેંસવું, લખવું, લૂછવું, વધેરવું, વહેરવું, વાઢવું, વાપરવું, વિખેરવું, વીંધવું, વેચવું, વેડફવું, વેતરવું, સૂકવવું, હણવું, હોલવવું.

**જોવું**

જોવું = દેખવું, આંખ વડે જાણવું (2) લા. તપાસવું, વિચારવું, ધ્યાન આપવું, (4) અખતરો કરવો, પ્રયોગ કરવો એ અર્થમાં બીજા ક્રિયાપદો સાથે સહાયકારક તરીકે વપરાય છે, જેમ કેઃ કહી જોવું, બોલાવી જોવું. (જોડણી કોશ પૃ.358)
જોડણી કોશે આપેલ અર્થછાયા યોગ્ય છે. મુખ્ય ક્રિયા કરવાનો અખતરો (ક્રિયા કરીને પરિણામ તપાસવું) કે અજમાયશનો ભાવ આખ્યાતમાં ઉમેરાય છે. જેમ કે,

આ ચટણી જરા ચાખી જુઓ તો!

પૈસા ગણી જો. ઓછા તો નથી ને!

"જોવું" સહાયકારી ધાતુ નીચેના મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છેઃ

અજમાવવું, અડકવું, અડવું, અડાડવું, અપનાવવું, આચરવું, આપવું, આસ્વાદવું, ઉપાડવું, ઉમેરવું, ઉચકવું, ગણવું, ગાવું, નાણવું, તપાસવું, ચકાસવું, પૂછવું, ચાખવું, લખવું, સ્પર્શવું.

**જવું –**

કોશ અર્થ – "ગતિ કરવી, ખસવું, (2) પાસેથી ખસવું, ઓછું થવું, 3) ઘટવું, નુકસાન થવું, નાશ પામવું, 4) વીતવું, પસાર થવું" (જોડણી કોશ, 2008)

વિશિષ્ટ અર્થ (જોડણી કોશ મુજબ)– "અન્ય ક્રિયાપદો સાથે આવતાં તે ક્રિયા બરોબર, ચોક્કસ થવાનો કે ચાલુ રહેવાનો ભાવ બતાવે. દા.ત. નાસી જવું, ખાઈ જવું, કરતા જવું વગેરે."

આ ધાતુનો કોશ અર્થ ગતિ દર્શાવવાનો છે. આ ગતિ સંભાષણ સ્થાન/વક્તા તરફથી અન્ય દિશા તરફની હોય છે. જવાની ક્રિયાનું પરિણામ સંભાષણ સ્થાન પરથી પદાર્થનું દૂર થવું, દેખાતું બંધ થવું, અને સ્થાનેથી કશુંક દૂર જવાથી ઓછું થવાનું છે. ક્રિયાનાં બે પાસાં હોય છેઃ ગતિ, સંક્રમણ અને પરિણામ. આ બન્ને પાસાં અર્થમાં સમાવિષ્ટ હોય છે. આ સમાવિષ્ટ પાસાંમાંથી વિશિષ્ટ અર્થ ઊભો થવાની શક્યતા હોય છે. એ સંદર્ભમાં, એનાં પરિણામ પાસા( દૂર થવું, દેખાતું બંધ થવું,) માંથી પૂર્ણતાનો અર્થ આવી શકે છે. ગતિ અર્થમાંથી સાતત્યનો અર્થ આવી શકે છે.

આ ધાતુનો વિશિષ્ટ અર્થ મુખ્ય ધાતુની ક્રિયા/પ્રક્રિયાનું "પૂર્ણત્વ" દર્શાવવાનું હોય છે. ઘણી વાર આ અર્થ સ્પષ્ટ રીતે જણાતો નથી. આ ધાતુ અકર્મક હોવાને કારણે કર્તા મુજબ પદસંવાદ (Agreement) હોય છે.

"જવું" ધાતુ સહાયકારી તરીકે અકર્મક અને સકર્મક ક્રિયાવાચી ધાતુની સાથે તેમજ પ્રક્રિયાવાચી ધાતુની સાથે આવી શકે છે. દા.ત.

ચાલવું + જવું = ચાલી જવું,
પહોંચી જવું, દોડી જવું, (અકર્મક ધાતુઓ સાથે)
ખાવું + જવું = ખાઈ જવું,
પી જવું, (સકર્મક ધાતુઓ સાથે)
મરવું + જવું = મરી જવું,
પડી જવું, સડી જવું (પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે)

મરી જ્વું, ખાઈ જવું, બોલી જવું, વાંચી જવું, પહોંચી જવું, પડી જવું, ભૂલી જવું

- પોલીસે કરેલા ગોળીબારથી ચાર યુવાનો મરી ગયા.
- છોકરાઓ બધી ચૉકલેટ ખાઈ ગયા?
- સવાલના જવાબો છોકરાઓ ફટાફટ બોલી ગયા એટલે મને નવાઈ લાગી.
- હું એમનું લખાણ વાંચી ગયો.
- દાદા મંદિરમાં આરતીના સમયે પહોંચી જાય છે.

- આગળ ખાડા ઘણા છે. જોઈને ચાલો, નહીં તો પડી જશો.
- તમે દવા પીવાનું કેવી રીતે ભૂલી જાઓ છો? સિગારેટ પીવાનું ભૂલતા નથી.

"જવું" સહાયકારી સકર્મક, અકર્મક અને પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે વપરાય છે. અકર્મક ધાતુઓ સાથે લગભગ એ જ સહાયકારી વપરાય છે. એનું કારણ "જવું" પોતે અકર્મક ધાતુ છે એ હોઈ શકે છે.
સામાન્ય રીતે જ્યારે આખ્યાત નકારવાચક હોય છે ત્યારે આ સહાયકારી ધાતુનો પ્રયોગ થતો નથી. જુઓઃ-

- પોલીસના ગોળીબારમાં કોઈ મર્યું નથી. ("મરી ગયું નથી" એમ ન વપરાય.)

આ બાબત એ તરફ નિર્દેશ કરે છે કે "જવું" ધાતુ સહાયકારી તરીકે ક્રિયા/પ્રક્રિયા પૂરી થવાનો અર્થ ઊમેરે છે. જો આખ્યાતમાં ક્રિયા કે પ્રક્રિયા ન થઈ એમ દર્શાવાય તો એ પૂરી થવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

સાતત્યનો અર્થ દર્શાવતી વખતે મુખ્ય ધાતુનું રૂપ અલગ હોય છે. અને કદાચ સાતત્ય એ રૂપ અને સહાયકારી બન્નેને કારણે દર્શાવાતું હોય એવું પણ શક્ય છે. મુખ્ય ધાતુના રૂપમાં વર્તમાન કૃદંતનું રૂપ વપરાય છે. જેમકે,

મારતો ગયો, બોલતી ગઈ,

સાતત્યનો અર્થ દર્શાવવામાં એક અન્ય રચના પણ થાય છે જેમાં મુખ્ય ધાતુના રૂપમાં અલગ પ્રત્યય જોવા મળે છેઃ

ખાધે જાય છે, વાંચ્યે જ જાય છે.

આ રચનામાં મુખ્ય ધાતુમાં પૂર્ણાવસ્થા/ભૂત કૃદંતનું રૂપ વપરાય છે અને ગતિના અર્થ વાચક "જવું" ધાતુને કારણે એમાં ક્રિયાનું સાતત્ય દર્શાવાય છે.

**આવવું**

આવવું = દૂર હોય ત્યાંથી પાસે જવું – તેવી ગતિ કરવી; પહોંચવું. 2) –ની સ્થિતિ કે જગા હોવી, 3) ન હોય ને આવી લાગવું, કે જણાવું, કે જન્મવું, કે દેખા દેવી" (જોડણી કોશ, 2008.)
બીજા ક્રિયાપદના સહકારીપણામાં તે ક્રિયાનું ભૂતકાળથી ચાલુપણું બતાવે છે. જેમ કે, આ ભૂલ થતી આવી છે. આ રિવાજ ચાલ્યો આવે છે. (જોડણી કોશ)
આ ધાતુનો કોશ અર્થ કોઈ દિશાથી વક્તા/સંભાષણ સ્થાન તરફની ગતિનું છે.

1) આ ધાતુનો વિશિષ્ટ અર્થ સંભાષણ સ્થાને દેખાવું, લક્ષણ દેખાવા એવા અર્થમાં વપરાય છે.
   જણાઈ આવવું, દેખાઈ આવવું, લાગી આવવું, ચડી આવવું,
2) નામની સાથે સહાયકારી તરીકે આવે છે ત્યારે પણ "લક્ષણ દેખાવા" એવા પ્રકારનો અર્થ દર્શાવે છે.
   તાવ આવવો (તાવનું લક્ષણ તરીકે દેખાવું), મોઢું આવવું (મોઢામાં ચાંદાનું લક્ષણ દેખાવું), અલબત્ત, "આવ" ધાતુનો સહાયકારી તરીકેનું આ કાર્ય વર્ણવવું સરળ નથી.
3) આ ધાતુ વિશિષ્ટ સહાયકારી ધાતુ તરીકે તેમજ સંયુક્ત ધાતુ તરીકે પણ મુખ્ય ધાતુ સાથે અન્ય ક્રિયા દર્શાવવા વપરાય છે. ખાસ કરીને મુખ્ય ક્રિયા કરીને ફરી સંભાષણ સ્થાને આવવાની ક્રિયા સૂચવે છે.

કહી આવવું, નહાઈ આવવું, પતાવી આવવું.

4) કર્મણિ પ્રયોગમાં મુખ્ય ધાતુના નામરૂપને વિભક્તિ રૂપ (-માં) લાગે છે ત્યારે આ ધાતુ સહાયકારી તરીકે વપરાય છે.

કહેવામાં આવે, ઉતારવામાં આવે, ખસેડવામાં આવે.

બેસવું

બેસવું = આસન માંડવું (ઊભા હોય કે સૂતા હોય તેમાંથી), નીચે આવવું, ઊતરવું, શરૂ થવું, સ્થાપિત થવું, બીજા ક્રિયાપદો સાથે આવતાં ક્રિયા શરૂ કરવી, વળગવું, મંડવું એવો અર્થ બતાવે છે. રડવા બેઠો, ખાવા બેઠો. અથવા અચાનક કે ભૂલથી તે કરી નાખવું એવો અર્થ બતાવે છે. લખી બેઠો, બોલી બેઠો. (જો.કો. 608)

જોડણી કોશે દર્શાવેલી બન્ને અર્થછાયાઓ વપરાય છે. પહેલી અર્થછાયા "માંડવું" કે "લાગવું" સહાયકારી ધાતુ જેવો જ અર્થ દર્શાવે છે અને એ પ્રકારની જ રચના થાય છે. જેમ કે,

એટલું બોલી એ માણસ રડવા માંડ્યો/લાગ્યો.

એટલું બોલી એ માણસ રડવા બેઠો.

પરંતુ થોડોક અર્થભેદ છે એવું જણાય છે. જ્યારે રડવા બેઠો એવું વપરાય છે ત્યારે એ ક્રિયા વક્તાની દૃષ્ટિએ અનુચિત છે એવો ભાવ આવે છે.

જોડણી કોશે દર્શાવેલ બીજી અર્થછાયા યોગ્ય છે. મુખ્ય ધાતુ દ્વારા કરવામાં આવેલ ક્રિયા વક્તાને ભૂલથી, આવેશમાં કે અનુચિત જણાઈ હોય ત્યારે બેસવું સહાયકારીનો ઉપયોગ થાય છે.

દાદા એને વચન આપી બેઠા છે.

હું સરકારમાં કાગળ મોકલી બેઠો છું. ખબર નથી હવે શું થશે.

**ઊઠવું**

ઊઠવું = ઊભું થવું (2) જાગવું અને પથારી છોડી ઊભું થવું (4) એકાએક ઓચિંતું ખડું થવું (જેમ કે બંડ, બૂમ, દરદ, અગન, સણકો, ફોલ્લો વગેરે)

જોડણી કોશ આ ધાતુનો સહાયકારી અર્થ દર્શાવતો નથી.

મુખ્ય ધાતુ દ્વારા વ્યક્ત થતી ક્રિયા એકાએક, અનપેક્ષિત રીતે થવાની અર્થછાયા આ સહાયકારી દર્શાવે છે. પણ "બેસવું" સહાયકારી જે અનુચિતતાનો ભાવ દર્શાવે છે એથી ઊલટો આ ધાતુ ઉચિતતાનો ભાવ દર્શાવે છે.

દા.ત.

ભર સભામાં એ બોલી બેઠો.

ભર સભામાં એ બોલી ઊઠ્યો.

**ચૂકવું**

ચૂકવું = ચૂકતે થવું, પતવું (જેમ કે, દેવું, કજિયો)

બીજા ક્રિયાપદની સહાયમાં આવતાં, તે ક્રિયા કરી પરવારવું, એવો અર્થ બતાવે છે. જેમ કે, મારી ચૂક્યો, લખી ચૂક્યો ઈ. (જો.કો. પૃ.312)
જોડણી કોશ દ્વારા દર્શાવેલ અર્થછાયા બરાબર છે છતાં મુખ્ય ધાતુ દ્વારા વ્યક્ત થતી ક્રિયા પૂરી થયાનો ભાવે તો સામાન્ય રીતે આખ્યાતમાં પૂર્ણાવસ્થા દ્વારા દર્શાવી શકાતી હોય ત્યારે "ચૂકવું" સહાયકારી કયા પ્રકારનો વિશેષ અર્થ દર્શાવે છે એનો ખ્યાલ મેળવવો અઘરો જણાય છે. એ બેની તુલના કરી જોઈએ-

આ અંગે અમે સરકારમાં અનેક વાર રજૂઆત કરી છે.
આ અંગે અમે સરકારમાં અનેક વાર રજૂઆત કરી ચૂક્યા છીએ.

એનું પરિણામ એણે ભોગવ્યું છે.
એનું પરિણામ એ ભોગવી ચૂક્યો છે.

તમારે શું કહેવું છે એ હું સમજી ચૂક્યો છું.
તમારે શું કહેવું છે એ હું સમજી ગયો છું.
તમારે શું કહેવું છે એ હું સમજ્યો છું.

પૂર્ણાવસ્થા દ્વારા દર્શાવાતો પૂર્ણત્વનો અર્થ અને "ચૂકવું" સહાયકારી ધાતુ દ્વારા ઉમેરાતો ભાવ એમાં ભેદ છે એવું જણાતું હોવા છતાં એ પકડવો મને મુશ્કેલ જણાયો છે.

**મૂકવું**
મૂકવું = છોડવું, તજવું, મુક્ત કરવું, (2) અમુક સ્થાન નીમવું, સ્થાપવું, ગોઠવવું, મેલવું.
(10) અન્ય ક્રિયા સાથે આવતાં તે ક્રિયાની પૂર્ણતા સૂચવે છે. ઉદા. ભગાડી મૂકવું. (જો.કો. પૃ.674)

જોડણી કોશ અને ઘણી વાર વ્યાકરણકારો દ્વારા દર્શાવવામાં આવતો "પૂર્ણતા"નો ભાવ બહુ સ્પષ્ટ નથી. જવું, ચૂકવું, બેસવું, મૂકવું જેવા બધા સહાયકારી ધાતુઓના ભાવ પૂર્ણતાનો દર્શાવવામાં આવે છે પણ એમનો વપરાશ ભેદ કે પછી અર્થછાયા ભેદ સ્પષ્ટ કરવામાં આવતો નથી. મને ક્યાંક એ અર્થછાયા ધાતુના કોશઅર્થ છોડવું, મુક્ત કરવું એવા અર્થોમાં જણાય છે. જો.કો. દ્વારા આપવામાં આવેલ ઉદા. ભગાડી મૂકવું એ અર્થ દર્શાવે છે. અથવા એક બીજી અર્થછાયા જણાય છે કે મુખ્ય ધાતુ દ્વારા દર્શાવાતી ક્રિયા પૂરી કરીને પરિણામ
ભવિષ્યના ઉપયોગ માટે રાખવાનો ભાવ હોઈ શકે. દા.ત.

થોડા કાંદા કાપી મૂક.
પાણી ગરમ કરી મૂક્યું છે.

નીચેના સકર્મક ક્રિયાવાચી ધાતુઓ સામાન્ય રીતે વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ લેતા નથી.

અઢેલવું, અથડાવું, અનુસરવું, અફાળવું, અર્પવું, અવધારવું, અવરોધવું, અવેરવું, આચ્છાદવું, આણવું, આદરવું, આમંત્રવું, આલાપવું, આલેખવું, આવકારવું, આવરવું, ઇચ્છવું, ઈચવું, ઉગામવું,

ઉચારવું, ઉછેરવું, ઉદ્દેશવું, ઉપદેશવું, ઉલ્લેખવું, ઉશેટવું, કંડારવું, કેળવવું, ખતવવું, ખરડવું, ખલવું, ખીલવવું, છેદવું, તંતરવું, તારવું, તાવવું, ધખાવવું, ધવડાવવું, ધાવવું, ધીરવું, નાથવું, નિખારવું, નિગાળવું, નિમંત્રવું, નિરૂપવું, નિર્મવું, નિર્ધારવું, નવાજવું, નિવારવું, નીરવું, નોતરવું, પખાળવું, પડકારવું, પાળવું, પ્રાર્થવું, પ્રેરવું, ફરમાવવું, ફાંસવું, બક્ષવું, બજાવવું, બિરદાવવું, ભાખવું, યાચવું, રક્ષવું, રેખવું, વધાવવું, વરવું, વારવું, વિતાડવું, વિસ્તારવું, સત્કારવું, સરખાવવું, સરાવવું, સંતોષવું, સંબોધવું, સંભારવું, સંહરવું, સંયોજવું, સારવવું, સેવવું, સોસવું, હ્લેસવું.

રચના 3 (અકર્મક ક્રિયાવાચી ધાતુઓ સાથે સહાયકારી ધાતુ તરીકે આવતા વિશિષ્ટાર્થી ધાતુઓ)
જવું, પડવું, લેવું

જવું

આ ધાતુ અંગે ઊપર સકર્મક ધાતુઓ સાથે આવતા સહાયકારી ધાતુઓના સંદર્ભમાં વીગતે વાત કરેલ છે. નીચેના અકર્મક ધાતુઓ સાથે "જવું" સહાયકારી ધાતુ તરીકે આવે છેઃ

અટકવું, આવવું, ઊઠવું, ઊડવું, ઊતરવું, ઊપડવું, ઊંઘવું, કૂદવું, ગુજરવું, ખસવું, ચગવું, ચડવું, ચસવું, છટકવું, છુપાવું, જંપવું, જાગવું, ઝૂકવું, ડૂબવું, તરવું, થોભવું, દોડવું, નમવું, નાસવું, નીકળવું, પરવારવું, પહોંચવું, પૂગવું, પેસવું, બૂડવું, બેસવું, ભળવું, ભાગવું, મુકરવું, મૂતરવું, રખડવું, રોકાવું, લટકવું, વસવું, વળવું, વિરમવું, સરમાવું, સટકવું, સરકવું, સંતાવું, સંતાવું, સૂવું, હઠવું, હલવું, હળવું.

**પડવું**

પડવું = પતન થવું, નીચે ગરવું કે ગબડવું,

અન્ય ક્રિયાપદના સામાન્ય કૃદંત રૂપ જોડે આવતાં આવશ્યતા, લાચારી, કે ફરજનો ભાવ ઉમેરે છે. ઉદા. જવું પડશે,

અથવા તેના અ.કૃ. જોડે લાગતાં અણધાર્યાપણાનો ભાવ દર્શાવે છે. ઉદા. તે જઈ પડ્યો, દુઃખ આવી પડ્યું. (જો.કો.પૃ.508)

જોડણી કોશે દર્શાવેલ પ્રથમ અર્થની ચર્ચા ઊપર કરી જ છે. બીજો અણધાર્યાપણાની અર્થછાયા સાથે અનિયંત્રણ અને આવેશની છટાઓ ઊમેરવા જેવી જણાય છે.

- બાળકો પાણી જોઈને અંદર કૂદી પડ્યાં. (આવેશ.)
- બાળક રડતું હતું પણ બારીમાં કબૂતર જોઈને હસી પડ્યું. (અનિયંત્રણ)

આ ધાતુ પ્રક્રિયાવાચી મુખ્ય ધાતુ સાથે પણ આવી શકે છે. પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે આવતા સહાયકારી ધાતુઓ સંદર્ભે એની વાત કરવામાં આવશે. નીચેના અકર્મક મુખ્ય ધાતુઓ સાથે પડવું સહાયકારી તરીકે આવી શકે છે.

અધવું, ઊતરવું, ઊપડવું, કૂદવું, જાગવું, ઝગડવું, દોડવું, નમવું, નીકળવું, બાખડવું, બાઝવું, બેસવું, મચવું, મૂતરવું, રખડવું, રઝળવું, રડવું, રોવું, લટકવું. હસવું.

લેવું સહાયકારી ધાતુ જૂજ મુખ્ય ધાતુઓ સાથે આવે છે – ઊંઘવું, જમવું, નહાવું. સકર્મક ધાતુઓ અંગે વાત કરતાં આ ધાતુની અર્થછાયાની વાત કરી જ છે.

નીચેના અકર્મક ધાતુઓ સામાન્ય રીતે વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ લેતા નથી.

અટવું, અવતરવું, અવલંબવું, અંઘોળવું, કરગરવું, ખમચાવું, ખાંસવું, ખીસકવું, ગર્જવું, ગહેકવું, ગાજવું, ઘૂમવું, ચળવું, જવું, ઝપવું, ઝાંકવું, ટહેલવું, તાડૂકવું, ત્રાટકવું, થનગનવું, ધપવું, નીવડવું, ફરકવું, બિરાજવું, ભમવું, ભાંભરવું, મહાલવું, વિહરવું, સંચરવું.

આમાંથી અમુક ધાતુઓ સાથે સાતત્યનો અર્થ ધરાવતો “કરવું” સહાયકારી આવી શકે છે. જેમ કે, કરગરવું, ખાંસવું, ફરકવું, ભાંભરવું.

રચના ૩ (પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે આવનારા સહાયકારી ધાતુઓ)
જવું, પડવું, ઊઠવું, ચૂકવું, નીકળવું, આવવું.

**જવું**

**આ સહાયકારી ધાતુ નીચેના મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છેઃ**

અકળાવું, અટકવું, અટવાવું, અથડાવું, અથાવું, ભડાવું, આથમવું, આવડવું, ઊકલવું, ઉખડવું, ઊગરવું, ઊગવું, ઊઘડવું, ઊછરવું, ઊતરવું, ઊપડવું, ઊપસવું, ઓગળવું, ઓલવાવું, ઓચાવું, ઓસરવું, કટાવું, કથળવું, ખખડવું, ખપવું, ખરવું, ખસવું, ખિજાવું, ખીલવું, ખૂટવું, ખૂલવું, ખૂંચવું, ખોટકાવું, ખોરવાવું, ગબડવું, ગભરાવું, ગમવું, ગળવું, ગંઠાવું, ગિન્નાવું, ગૂંગળાવું, ગોઠવું, ઘટવું, ઘસડાવું, ઘૂસવું, ચમકવું, ચગવું, ચચરવું, ચસકવું, ચિડાવું, ચીમળાવું, ચેતવું, ચોંકવું, છટકવું, છવાવું, જડવું, જન્મવું, ટકવું, ટપકવું, ટળવું, ટેવાવું, ઠસવું, ઠોકરાવું, ડગવું, ડઘાવું, ડરવું, ડૂબવું, ઢળવું, તગતગવું, તણાવું, તતડવું, તપવું, તૂટવું, ત્રાસવું, થથરવું, થાકવું, થીજવું, દાઝવું, દૂભાવું, દેખાવું, ધરાવું, ધ્રૂજવું, નડવું, નભવું, નીતરવું, પચવું, પડવું, પતવું, પલટાવું, પલળવું, પાકવું, પીગળવું, પ્રસરવું, ફફડવું, ફસાવું, ફળવું, ફાટવું, ફાવવું, ફૂગવું, ફાટવું, ફાલવું, ફુલાવું, બગડવું, બધવાવું, પચવું, બટકવું, બનવું, બફાવું, બળવું, બીવું, બુઝાવું, બવડાવું, ભચકાવું, ભટકાવું, ભડકવું, ભભૂકવું, ભરમાવું ભળવું, ભીંજાવું, મચકોડાવું, મટવું, મરવું, મળવું, માવું મુરઝાવું, રંડાવું, રુઝાવું, લથડવું, લલચાવું, લંબાવું, લોભાવું, વકરવું, વણસવું, વરસવું, વસૂકવું, વળવું, વંઠવું, વહેવું, વાગવું, વિકસવું, વિલોપાવું, વીતવું, શમવું, સદવું,સમાવું, સરકવું, સરવું, સલવાવું, સળગવું, સીઝાવું, સુકાવું, સૂઝવું, સ્ફુરવું, હરખાવું, હલવું, હારવું.

જવું ધાતુ સકર્મક, અકર્મક અને પ્રક્રિયાવાચી એમ ત્રણે પ્રકારના ધાતુઓ સાથે વપરાતો સહાયકારી ધાતુ છે. એનું પ્રચલન ઘણુ છે. એનો ક્રિયા પૂરી થવાનો અર્થ ક્યાંક ઘસાઈ ગયો હોય એવું લાગે છે.

પડવું

આ ધાતુ ઉપર ચર્ચા કરી છે તેમ અચાનકપણું, અનપેક્ષા જેવી અર્થછાયા ઊમેરે છે. નીચે દર્શાવેલા પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે પડવું સહાયકારી તરીકે આવી શકે છેઃ

અટકવું, અટવાવું, અથડાવું, ઊછળવું, ઊતરવું, ઊથલવું, ઊપડવું, ઊમટવું, ઊલળવું, ખરવું, ખૂટવું, ખોટકાવું, ગબડવું, ઝામવું, ટપકવું, ઢળવું, તૂટવું, ફસડાવું, ફસવું, લચવું, લથડવું, લબડવું, સરકવું, સરવું, સલવાવું.

ઊઠવું

લગભગ પડવું જે અચાનકતાની અર્થછાયા દર્શાવે છે એવી જ આ ધાતુ પણ દર્શાવે છે. નીચેના પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે ઊઠવું સહાયકારી આવી શકે છેઃ

કકળવું, કાંપવું, ખળભળવું, ખીલવું, ગંધાવું, ઝળહળવું, ધ્રૂજવું, ફફડવું, ભભૂકવું, મહેકવું, રણકવું, દીપવું, શોભવું, સળગવું.

અન્ય

ચૂકવું, નીકળવું, આવવું ધાતુઓ બહુ જૂજ પ્રક્રિયાવાચી ધાતુઓ સાથે વપરાય છે. જેમકે,

નીકળી ચૂકવું, જન્મી ચૂકવું,
ફાટી નીકળવું, ફૂટી નીકળવું,
લાગી આવવું.

નીચેના પ્રક્રિયાવાચી મુખ્ય ધાતુઓ વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ લેતા નથીઃ

ઉદ્ભવવું, ચાહવું, જોઇવું, ઝગમગવું, ટમટમવું, નીવડવું, પોસાવું, બોડાવું, ભાસવું, માણવું, વીફરવું, સાંપડવું, સ્રવવું.

આમ, આ વિભાગમાં વિવિધ પ્રકારના સહાયકારી ધાતુઓ અને એમનાં વિવિધ પ્રકારનાં કાર્યો વર્ણવવામાં આવ્યાં છે. વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓની અર્થછાયાઓ/ભાવો દર્શાવવાનું કાર્ય ઘણું કઠિન જણાયું છે અને કદાચ વધુ સંશોધન માગી લે છે. આવવું-જવું, કાઢવું-નાખવું, લેવું-દેવું જેવા જોડકાઓના ઉપયોગોને ઊંડાણમાં ચકાસવાની જરૂર જણાય છે. જોડણી કોશ અને ઘણા વિદ્વાન વ્યાકરણકારોએ એમનું વર્ણન કર્યું છે અને મેં પણ પ્રયત્ન કર્યો છે છતાં સંતોષકારક થયું છે એમ કહેવું મુશ્કેલ છે. તેમ છતાં આવા ધાતુઓ કયા મુખ્ય ધાતુઓ સાથે આવી શકે છે એની યાદી ભવિષ્યના સંશોધનમાં મદદકર્તા થઈ શકશે એવું લાગે છે.

----------------------

## ધાતુઓની યાદી

આપણે ઉપરના બધા પ્રકરણોમાં ક્રિયાપદની સંપૂર્ણ રચનાને સમજવાનો પ્રયાસ કર્યો છે. એમાં આવતા ઘટકો, એમના પ્રકારો, એમની રચનાઓ અને એમના કાર્યોને જાણવાનો પ્રયાસ કર્યો છે. ક્રિયાપદના અભ્યાસમાં સૌથી અગત્યનો ઘટક ધાતુ છે. આ ધાતુઓનું વર્ગીકરણ ક્રિયાપદને સમજવામાં અને અંતે વાક્યરચનાને સમજવામાં ખૂબ મદદરૂપ થાય છે. એટલે આ ધાતુઓનું વર્ગીકરણ પણ એટલું જ મહત્ત્વનું બની જાય છે. અહીં આશરે 900 ધાતુઓના વર્ગીકરણને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણ એક રીતે ધાતુકોશ જ છે પરંતુ, એમાં અર્થગત માહિતી નહીં પણ વ્યાકરણગત માહિતી આપવામાં આવી છે. અલબત્ત, અર્થગત માહિતીને ધ્યાનમાં રાખી છે. આ યાદીમાં બે મુખ્ય વર્ગ પાડવામાં આવ્યા છેઃ ક્રિયાવાચી ધાતુઓ (સકર્મક અને અકર્મક) અને પ્રક્રિયાવાચી ધાતુઓ. પછી એમના વિવિધ જૂથ બનાવવામાં આવ્યા છે. આ જૂથોને આધારે વ્યાકરણના નિયમો આપી શકાય છે. આ જૂથોને નામ આપવામાં આવ્યા નથી પરંતુ, એમનું જુદાપણું દર્શાવેલ છે. જેમકે, સકર્મક ક્રિયાવાચી ધાતુઓના અચેતન કર્મ લેનારા અને ચેતન કર્મ લેનારા ધાતુઓ એમ બે જૂથ બનાવ્યા છે. કારણ એ છે કે અચેતન કર્મ શૂન્ય વિભક્તિ પ્રત્યય લે છે અને ચેતન કર્મ –ને વિભક્તિ લે છે. આ વ્યાકરણિક નિયમ થયો જેનો અપવાદ હોય તો તે ધાતુ-જૂથ/ધાતુ અલગ દર્શાવેલ છે.

ધાતુઓના કોઠામાં નીચેની માહિતી આપવામાં આવી છેઃ

1) ધાતુ (એના વૈકલ્પિક રૂપો)
2) ધાતુના આકાંક્ષિત કારકો (કયા કારકો ધાતુ સાથે આવી શકે)
3) કારકો કયા વિભક્તિ પ્રત્યયો કે નામયોગીથી દર્શાવાય છે.
4) ક્રિયાવાચી ધાતુનું કર્મણિ રૂપ મળે છે કે નથી મળતું. (બધા ધાતુઓના કર્મણિરૂપો શક્ય હોતા નથી.) સકર્મક હશે તો કર્મણિ અને અકર્મક હશે તો ભાવે.
5) પ્રક્રિયાવાચી ધાતુ હોય તો એના પરથી ક્રિયાવાચી ધાતુરૂપ મળે છે કે કેમ એ પણ દર્શાવેલ છે.
6) ધાતુઓના પ્રયોજક અને ક્યાંક પુનઃપ્રયોજક રૂપો મળે છે અથવા નથી મળતાં તે પણ દર્શાવેલ છે.
7) ધાતુ સાથે કયા વિશિષ્ટાર્થી સહાયકારી ધાતુઓ આવી શકે એ પણ દર્શાવેલ છે.
8) નામ કે વિશેષણ પરથી બનતા સંકુલ ધાતુઓની પણ યાદી અલગથી આપવામાં આવી છે.

શક્ય છે કે કોઈ ધાતુ મારા ધ્યાન બહાર ગયો હોય અથવા એને અંગેની માહિતીમાં ક્યાંક ચકાશ રહી ગઈ હોય. બને ત્યાં સુધા ગુજરાતી ભાષકની ભાષાકીય સૂઝનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ધાતુઓ**

ક્રિયાવાચી – સકર્મક ધાતુઓ

| ક્રમ | ધાતુ | આકાંક્ષિત કારક | વિભક્તિ | કર્મણિ | પ્રેરક | સહાયકારી |
|---|---|---|---|---|---|---|
| | અજમાવવું | કર્તા, અચેતન/ચેતન કર્મ | શૂન્ય, શૂન્ય/-ને | અજમાવાવું | અજમાવડાવવું | જોવું |
| | અજવાળવું | કર્તા, અચેતન કર્મ, સાધન | શૂન્ય, -થી | અજવાળાવું | અજવાળાવવું | કાઢવું,નાખવુ લેવું,રાખવું |
| | અટકાવવું | કર્તા, અચે./ચેતન કર્મ | શૂન્, શૂન્ય/-ને | અટકાવાવું | અટકાવડાવવું | દેવું, રાખવું |
| | અડકવું | કર્તા, અચે./ચેતન કર્મ, સાધન | શૂન્ય,શૂન્ય/ને,-થી | અડકાવું | અડકાવવું | જોવું, લેવું, |
| | અડવું | કર્તા, અચે./ચેતન કર્મ, સાધન | શૂન્ય, -ને, -થી | અડાવું | | જોવું, કરવું, રાખવું |
| | અડાડવું | કર્તા, અચે., ચેતન કર્મ, સાધન | શૂન્ય, શૂન્ય, -ને, -થી | અડાડાવું | અડાડાવવું | જોવું, દેવું |
| | અઢેલવું | કર્તા, અચેતન (સ્થાન) કર્મ | શૂન્ય, -ને | | | |
| | અથડાવવું | કર્તા, અચેતન કર્મ, | શૂન્ય, -ને/સાથે | | | દેવું, મારવું, કરવુ |
| | અનુસરવું | કર્તા, ચેતન/અચેતન કર્મ | શૂન્ય, -ને | | | કરવું |
| | અપનાવવું | કર્તા, ચેતન/અચેતન કર્મ | શૂન્ય, -ને/શૂન્ય | અપનાવાવું | | લેવું, |
| | અફાળવું | કર્તા, અચેતન કર્મ, સ્થાન | શૂન્ય, શૂન્ય, સાથે | અફાળાવું | | રાખવું, કરવું |
| | અર્પવું | કર્તા, અચેતન કર્મ, ગ્રાહક | શૂન્ય, શૂન્ય, -ને | | | દેવું |
